

પેજ-08
સફેદ લહેંગામાં પ્રિયંકા ચોપરાના જલવા, 'નમસ્તે'થી જીત્યું દિલ

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
સંજુ સેમસન નહીં, ઋતુરાજ ગાયકવાડ જ IPL 2026 માટે CSK...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 15.00 |
| વડોદરા | 28.00 | 14.00 |
| સુરત | 29.00 | 17.00 |

પેજ 5



અનિલ અંબાણીની વધશે મુશ્કેલી! EDએ ફરી મોકલ્યું સમન્સ, એન્ફોર્સમેન્ટ...

17 NOVEMBER-2025 MONDAY

શેખ હસીનાના ચુકાદા પહેલાં બાંગ્લાદેશમાં સુરક્ષા સઘન, અવામી લીગના બંધના...



પેજ 10

.....સુવિચાર.....
કોઈની વાતોમાં ન આવી જવું અહીં તો વખાણ પણ લોકો મતલબથી કરે છે...

વર્ષ-15 । અંક-006 । વિક્રમ સંવત-2082 । કારતક વદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ઝડપના ઝનૂને લીધો એકનો જીવ : પૂર્વ સરપંચના સગીર પુત્રએ ચલાવેલી બેફામ કારે નિર્દોષ શ્રમિકોના જીવન છીનવ્યા

# અમદાવાદમાં ક્રૂર ઘટના, 'નબીરા'ની કારે શ્રમિકોને કચડ્યા, ગર્ભવતી મહિલાનું કરુણ મોત



(એજન્સી) અમદાવાદ | તા.16

મહાનગર અમદાવાદ નજીક આવેલા ભુવાલડીથી ઝાણુ ગામ તરફના માર્ગ પર મોડી સાંજે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં એક બેફામ કારચાલકે રોડની બાજુમાં કામ કરી રહેલા શ્રમિકોને કચડી નાખ્યા હતા. આ ગમખ્વાર ભુવાલડી અકસ્માત માં એક ગર્ભવતી મહિલાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બેથી વધુ શ્રમિકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે. સ્થાનિક સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ, બેફામ કાર ચલાવનાર યુવક એક પૂર્વ સરપંચનો સગીર પુત્ર હોવાનું જણાઈ રહ્યું છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ અને ફફડાટની લાગણી ફેલાઈ છે.

### ઝડપનું ઝનૂન અને શ્રમિકો પર કાળ બની ત્રાટકેલી કાર

આ નિર્દોષ શ્રમિકો ભુવાલડી-ઝાણુ ગામના માર્ગ પર પેવરબ્લોક નાખવાનું કામ કરી રહ્યા હતા. દિવસભરની મહેનત બાદ જ્યારે તેઓ પોતાના કાર્યમાં વ્યસ્ત હતા, ત્યારે પૂરપાટ ઝડપે આવતી એક કારે અચાનક તેમનો ભોગ લીધો. કારનો ચાલક રોડ પરથી નિયંત્રણ ગુમાવી બેઠો અને તેણે સીધા કામ કરી રહેલા શ્રમિકોના સમૂહને કચડી નાખ્યો. આ ભયાનક નબીરાનો કાર અકસ્માત એટલો ગંભીર હતો કે, કારની ટક્કર લાગતાની સાથે જ એક ગર્ભવતી મહિલાનું ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા અન્ય શ્રમિકોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક જણાવાઈ રહી છે.

### ▪ ગર્ભવતી મહિલાનું મોત: સગીર ચાલક સામે સખત કાર્યવાહીની માગ



અકસ્માતમાં મૃત્યુ પામેલી મહિલા શ્રમજીવી પરિવારની હતી અને તે ગર્ભવતી હોવાના કારણે આ દુર્ઘટનાની કરુણાંતિકા બેવડાઈ છે. તેમના પરિવારજનોમાં આક્રંદનો માહોલ છવાયો છે. એક તરફ મહેનત મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા પરિવારે અચાનક સ્વજન ગુમાવ્યું છે, અને બીજી તરફ બેફામ રીતે કાર ચલાવનાર યુવક રાજકીય વગ ધરાવતા પૂર્વ સરપંચનો પુત્ર હોવાથી ન્યાય મળવા અંગેની ચિંતા સ્થાનિકોમાં જોવા મળી રહી છે.

## અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં 48 કલાકમાં પાંચ અકસ્માતમાં 5 વ્યક્તિના મોત અને પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે

### પહેલો બનાવ

**વર્ના કારચાલકે પૂરઝડપે ગાડી હંકારીને મજૂરોને ઉડાવ્યા :** દાહોદમાં રહેતા 30 વર્ષીય વસંતાબેન બારીયા છૂટક મજૂરી કામ કરતા હતા. રવિવારે બપોરના સમયે અન્ય મજૂરો 27 વર્ષીય રમીલાબેન ભુરીયા, 20 વર્ષીય પાયલબેન ગણાવા, 25 વર્ષીય કાળુભાઇ ભરીયા સાથે બાંધકામ સાઇટ માટે રસ્તાની સાઇડમાં માટી જારવાનું કામ કરી રહ્યા હતાં. તે સમયે પુરઝડપે આવી રહેલ વર્ના કારચાલકે તમામ મજૂરોને અડફેટે લીધા હતાં. બાદમાં કાર રેતીના ઢગલામાં ઉભી રહી ગઇ હતી. પરંતુ કારચાલક કાર મૂકીને નાસી ગયો હતો. જ્યારે ઈજાગ્રસ્ત ચારેય મજૂરોને સારવાર અર્થે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમ્યાન વસંતાબેનનું મોત નિપજ્યું હતું.

### બીજો બનાવ

**બહેરામપુરામાં કારચાલકે દંપતીને હડફેટે લીધા, એકનું મોત :** બહેરામપુરાના 40 વર્ષીય હરેશભાઇ પરમાર રંગાટીનું કામ કરતા હતાં. ગત 13 નવેમ્બરે એક્ટિવા લઈને પત્ની ગીતાબેનને નહેરૂનગર ખાતે નોકરી પર મૂકવા જતા હતાં. ત્યારે દાણીલીમડા ખોડીયારનગર પાસે આવેલ ચેપિરોગની હોસ્પિટલ પાસેથી પસાર થતા હતાં. ત્યારે એક કારચાલક કાર રિવર્સ લેતાં તે કારના પાછળના દરવાજામાં ટાયર લટકાવવાના બોલ્ટ હરેશભાઈને છાતીના ભાગે વાગતા દંપતી એક્ટિવા પરથી રોડ પર પટકાયું હતું. કારચાલક દંપતીને દવાખાને લઈને ગયો હતો. જે બાદ કારચાલક ત્યાંથી નાસી ગયો હતો. જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત હરેશભાઈનું સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ.

### ત્રીજો બનાવ

**ટેમ્પોચાલકે રોડ ક્રોસ કરતાં રાહદારીને હડફેટે લેતાં મોત :** નારોલમાં રહેતા 60 વર્ષીય માધવ તાયડે ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. ગત 15 નવેમ્બરે માધવભાઈ નોકરીથી ઘરે આવીને શાકભાજી લેવા બહાર ગયા હતા. જે બાદ તેઓ ઘરે પરત આવતા હતા ત્યારે ગુજકોમાસોલ ચાર માળિયા પાસેથી ચાલતા પસાર થતા હતા તે સમયે પુરઝડપે આવી રહેલ લોડિંગ ટેમ્પોચાલકે માધવભાઈને અડફેટે લેતા તેમને ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતું. અકસ્માત બાદ ટેમ્પોચાલક ફરાર થઈ ગયો હતો. આ અંગે કે ડિવિઝન ટ્રાફિક પોલીસે લોડિંગ ટેમ્પોચાલક સામે ગુનો નોધીને તપાસ શરૂ કરી છે.

### ચોથો બનાવ

**રોંગ સાઈડમાં આવતાં યુવકનું માથુ ડિવાઈડર સાથે અથડાતાં મોત :** ગોમતીપુરમાં રહેતા 58 વર્ષીય દિનેશભાઈ શાહ ગત 15 નવેમ્બરે પંપના કારખાને મજૂરીએ ગયા હતાં. ત્યાં કારખાનાનો સબ-મર્શિબલ પંપ ખોલવાનો હોવાથી તેઓ કારીગર શૈલેષભાઈ પટેલ સાથે ટુ-વ્હીલર પર પક્કડ લેવા હીરાવાડી પાસે આવેલ દુકાને ગયા હતાં. ત્યાંથી બંને પરત આવતા હતા તે સમયે શૈલેષભાઈ ટુ-વ્હીલર રોંગસાઈડમાં પુરઝડપે ચલાવતા હતાં તે સમયે હીરાવાડી તરફથી આવી રહેલ ટુ-વ્હીલર સાથે શૈલેષભાઈએ અથડાવ્યું હતું. શૈલેષભાઈનું માથુ ડિવાઈડર સાથે અથડાતા ગંભીર ઈજાઓ થતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ.

### પાંચમો બનાવ

**બોલેરો પીકઅપ વાને બાઈકને ટક્કર મારતા ખેડાના ખેડૂતનું મોત :** ખેડામાં રહેતા વિક્રમસિંહ ડાભી ખેતીકામ કરતા હતા. ગત 14 નવેમ્બરે બાઈક લઈને તે બાઈક લઈને અમદાવાદ આવતા હતાં. ત્યારે ઈન્દોર-અમદાવાદ હાઈવે પર કુંજાડ ગામ પાસે ભાવડા પાટીયા નજીક પહોચ્યા તે સમયે પુરઝડપે આવી રહેલ બોલેરો પીકઅપવાને બાઈકને ટક્કર મારતા વિક્રમસિંહને ગંભીર ઈજાઓ પહોચી હતી. અકસ્માત બાદ બોલેરો પીકઅપવાન ચાલક ફરાર થઈ ગયો હતો. બીજી તરફ ઈજાગ્રસ્ત વિક્રમસિંહને સારવારઅર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યુ હતુ. આ અંગે કણભા પોલીસે અજાણ્યા બોલેરો પીકઅપચાલક સામે ગુનો નોધીને તપાસ શરૂ કરી છે.

# બિહારના પરિણામે મહારાષ્ટ્રમાં મચાવી હલચલ, ઉદ્ધવે કોંગ્રેસને લઈને કરી દીધી ચોંકાવનારી વાત

(એજન્સી) મુંબઇ | તા.16

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો સામે આવ્યા બાદ મહારાષ્ટ્રમાં શિવસેના યુબીટીના પ્રમુખ ઉદ્ધ ઠાકરેએ ચૂંટણી પંચ પર ગંભીર આક્ષેપ કર્યો છે. આ સાથે તેમણે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ચૂંટણીનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ અંગે પણ ચોંકાવનારી વાત કરી છે. ઉદ્ધવની વાત પરથી એવું લાગી રહ્યું છે કે, રાજ્યમાં મહા વિકાસ અઘાડી ગઠબંધન (MVA)ના સાથી પક્ષો વચ્ચે બધું બરાબર નથી.



### કોંગ્રેસ સ્વતંત્ર, અમે પણ સ્વતંત્ર

ઉદ્ધવ ઠાકરેએ સંકેત આપ્યા છે કે, ચૂંટણી લડવા માટે કોંગ્રેસ પણ સ્વતંત્ર છે અને અમે પણ સ્વતંત્ર છીએ. તેમણે 16 નવેમ્બરસ્પષ્ટ કહ્યું છે કે, 'કોંગ્રેસ સ્વતંત્ર પાર્ટી છે, તેઓ પોતાના નિર્ણયો લેવા માટે આઝાદ છે. મારી પાર્ટી પણ સંપૂર્ણ સ્વતંત્ર છે. કોંગ્રેસને જે રીતે ચૂંટણી લડવી હોય તે રીતે લડે, તે તેમનો નિર્ણય છે અને તેમની જેમ અમારી પાર્ટી પણ પોતાના નિર્ણયો પોતે જ લેશે.' કોંગ્રેસે કહ્યું હતું કે, તેઓ BMCની ચૂંટણી એકલા હાથે લડશે.

### ઉદ્ધવે બિહાર ચૂંટણી પરિણામ પર શું કહ્યું?

શિવસેના યુબીટીના પ્રમુખે બિહાર ચૂંટણી પરિણામ પર પણ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, 'સમજાતું નથી કે, ચૂંટણી સભાઓમાં લાખો લોકો આવ્યા હતા, છતાં ઉમેદવાર હારી ગયા. આ કયું નવું લોકશાહીનું ગણિત છે?' તેજસ્વી યાદવની સભામાં ભારે ભીડ ઉમટી હતી છતાં પાર્ટીની હાર થઈ છે, ત્યારે ઉદ્ધવે આ હાર મુદ્દે પૂછ્યું છે કે, 'સભામાં ઉમટેલી ભીડનું સમર્થન અસલી હતું કે પછી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) થી બનાવેલી બનાવટી ભીડ.?

### ચૂંટણી પંચ પર પણ સાધ્યું નિશાન

તેમણે એમ પણ કહ્યું કે, 'વિપક્ષો મતદાર યાદીમાં અનિયમિતતાની હોવાની સતત ફરિયાદો કરી રહ્યા છે, માર્ચ યોજી રહ્યા છે, છતાં ચૂંટણી પંચ આ મુદ્દે વાત કરવા તૈયાર નથી. અમે ચૂંટણીનો વિરોધ નથી કરતા, ચૂંટણી રાજનીતિનો પ્રાણ છે. પરંતુ જો પ્રક્રિયા પારદર્શક ન હોય તો શું તેને લોકશાહી કહી શકાય?' તેમણે આક્ષેપ કર્યો છે કે, ભાજપ દેશમાં પ્રાદેશિક પાર્ટીઓને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે અને આવું રાજકારણ વધુ સમય સુધી ટકતો નથી.'

### રાબડી નિવાસ ખાલી

## રોહિણી પછી 3 દીકરીઓ દિલ્હી રવાના

(એજન્સી) પટના | તા.16

રાજકારણ છોડવા અને પોતાના પરિવાર સાથે સંબંધ તોડવાના એલાનના એક દિવસ પછી રોહિણી આચાર્યએ એક પછી એક 2 સોશિયલ મીડિયા પોસ્ટ કરીને તેજસ્વી યાદવ અને સંજય યાદવ પર ગંભીર આરોપો લગાવ્યા. રોહિણી આચાર્યના રાબડી નિવાસ છોડ્યા પછી રવિવારે ત્રણ અન્ય બહેનો રાગિની, રાજલક્ષ્મી અને ચંદા યાદવ પણ દિલ્હી રવાના થઈ ગઈ છે. આ ત્રણેય બહેનો પોતાના પરિવાર અને બાળકો સાથે ચાલી ગઈ છે. હવે રાબડી નિવાસ ખાલી થઈ ગયો છે. ત્યાં જ દિલ્હીમાં રોહિણીએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે 'ચપ્પલવાળી વાત સાચી છે. રોહિણી જે બોલે છે તે સાચું બોલે છે. આ વાત તેજસ્વી, સંજય અને રમીઝને પૂછો. મારા માતા-પિતા રડી રહ્યા હતા. મારી બહેનો મારા માટે રડી રહી હતી. ભગવાન ન કરે કે કોઈના ઘરમાં મારા જેવી દીકરી હોય.

**રોહિણીએ કહ્યું- મને ગંદી કહી, મારવા માટે ચપ્પલ ઉઠાવી**

### દિલ્હી બ્લાસ્ટ કેસમાં NIAને મોટી સફળતા

# આતંકી ઉમરને મદદ કરનાર મિત્ર આમિર રાશિદની ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી | તા.16

દિલ્હી બ્લાસ્ટ કેસમાં NIAએ તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે અને આરોપીઓને પકડવાની કાર્યવાહી પણ શરૂ કરી દીધી છે. NIAએ સૌપ્રથમ આરોપી આતંકી ઉમરના સહયોગી આમીર રાશિદની ધરપકડ કરી લીધી છે.



દિલ્હીના લાલ કિલ્લા કાર બ્લાસ્ટ કેસમાં NIAને મોટી સફળતા મળી છે. આત્મઘાતી બોમ્બરના સહયોગી આમીર રશીદ અલીની દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીરના સાંબોરા (પંપોર)ના રહેવાસી અમીરે ઉમર ઉન નબી સાથે મળીને કાવતરું ઘડ્યું હતું. હુમલામાં વપરાયેલી કાર અમીરના નામે રજીસ્ટ્રર જોવા મળી હતી. આત્મઘાતી હુમલાખોરની ઓળખ ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટીના સહાયક પ્રોફેસર ઉમર ઉન નબી તરીકે થઈ છે. નબીની માલિકીની બીજી એક ગાડી પણ જપ્ત કરવામાં આવી છે અને ગાડીની ફોરેન્સિક તપાસ ચાલી રહી છે.

10 નવેમ્બરના રોજ થયેલા વિસ્ફોટમાં 10 લોકો માર્યા ગયા હતા અને 25 લોકો ઘાયલ થયા હતા. NIAએ અત્યાર સુધીમાં 73 સાક્ષીઓની પૂછપરછ કરી છે. દિલ્હી, જમ્મુ અને કાશ્મીર, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં પોલીસ સાથે મળીને અનેક રાજ્યોમાં તપાસ ચાલી રહી છે.

### ▪ ડ્રાઈવરની ઓળખ ઉમર નબી તરીકે થઈ

NIAને તપાસમાં જાણવા મળ્યું છે કે જમ્મુ અને કાશ્મીરના પમ્પોરના સાંબુરાનો રહેવાસી આરોપીએ આતંકવાદી હુમલો કરવા માટે કથિત આત્મઘાતી બોમ્બર ઉમર ઉન નબી સાથે મળીને કાવતરું ઘડ્યું હતું. આમિર દિલ્હીમાં કાર મેળવવામાં મદદ કરવા આવ્યો હતો જેનો ઉપયોગ આખરે વિસ્ફોટ કરવા માટે વાહન-જનન IEDતરીકે કરવામાં આવ્યો હતો. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે NIA દ્વારા ફોરેન્સિક તપાસમાં જાણવા મળ્યું છે કે IED વાહનના મૃતક ડ્રાઈવરની ઓળખ ઉમર ઉન નબી તરીકે થઈ છે, જે પુલવામા જિલ્લાનો રહેવાસી છે.

# 'બિહાર સરકાર 10,000 રૂપિયામાં મળે છે...'

## હાર બાદ VIP વડા મુકેશ સાહનીએ NDA પર કટાક્ષ કર્યો

(એજન્સી) પટના | તા.16

બિહાર ચૂંટણીમાં હાર બાદ, વિકાસશીલ ઈન્સાન પાર્ટી (VIP) ના વડા મુકેશ સાહનીએ રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) પર પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું, 'ચૂંટણી કાં તો જીત છે અથવા હાર. મહાગઠબંધન ચોક્કસપણે તે સફળતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયું જે તેને મળવી જોઈતી હતી. NDA જીતી ગયું છે, અને અમે NDA ને અભિનંદન આપીએ છીએ. અમે તેમના હાઈકમાન્ડને અભિનંદન આપીએ છીએ.' આ દરમિયાન, તેમણે કટાક્ષમાં કહ્યું કે NDA ને જનાદેશ મળ્યો નથી. મુકેશ સાહનીએ આરોપ લગાવ્યો કે NDA ને પૈસાના આધારે જનાદેશ મળ્યો છે, જે લોકશાહીની વિરુદ્ધ છે. ચૂંટણી દરમિયાન કોઈને પણ પૈસા આપવા એ પોતે જ એક ગંભીર પ્રશ્ન છે. દેશભરમાં એક ટ્રેન્ડ ચાલી રહ્યો છે: 'તમને 10,000 રૂપિયામાં શું મળે છે? બિહાર સરકાર 10,000 રૂપિયામાં મળે છે.' તે આશ્ચર્યજનક છે કે દેશમાં આવી પ્રથા પ્રચલિત છે. ભૂતકાળમાં, શક્તિશાળી અને શ્રીમંત લોકો હતા. તેઓ ગરીબોને પૈસા આપીને મત ખરીદતા અને સરકાર બનાવતા. પછી તેઓ ધારાસભ્યો અને મંત્રીઓ બનતા. વાસ્તવમાં, તે ગેરકાયદેસર હતું. આજે, સરકાર એ જ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરી રહી છે.

### યુવાનો મહાગઠબંધન સાથે હતા, મહિલાઓએ NDA ને મત આપ્યો

મુકેશ સાહનીએ કહ્યું કે સરકારે જનતાના પૈસા માતાઓ અને બહેનોના ખાતામાં જમા કરાવીને લોકોના મત મેળવ્યા. તેમણે વધુમાં કહ્યું કે બિહારના બધા યુવાનો મહાગઠબંધન સાથે હતા. તેથી જ અમારી પાસે 38 થી 39 ટકા મત છે. આ વખતે, મહાગઠબંધનને 2020 કરતા વધુ મત મળ્યા. પેટર્ન બદલાઈ ગઈ છે. આ ચૂંટણીમાં, યુવાનો રોજગાર અને નોકરીઓ માટે તેમની સાથે ઉભા હતા. જોકે, બિહારની મહિલાઓએ NDA ને ભારે મતદાન કર્યું. આ કારણે NDA જીત્યો.

### 2029 ની ચૂંટણી માટે તૈયારીઓ શરૂ થશે

તેમણે કહ્યું કે તેઓ ચોક્કસપણે આ હારની ચર્ચા કરશે. લોકશાહી બચાવવા અને 2029 ની ચૂંટણીની તૈયારી કરવા માટે, અમે હમણાંથી તૈયારીઓ શરૂ કરીશું. આ ભવિષ્યમાં રાજ્યમાં પરિવર્તન લાવશે. તેમણે કહ્યું કે સરકારે જીવિકા દીદીને આપેલા વચનો પૂરા કરવા જોઈએ. બે લાખ રૂપિયાનું વચન આપવામાં આવ્યું હતું. ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા છે, ૧.૯૦ લાખ રૂપિયા બાકી છે. સરકારને આ રકમ જીવિકા દીદીને વહેલી તકે આપવા વિનંતી છે. જો આવું નહીં થાય, તો જીવિકા દીદીના સહયોગથી આંદોલન શરૂ કરવામાં આવશે.



### ગાંધી મેદાનમાં એન્ટ્રી બંધ... CM નીતિશે બોલાવી કેબિનેટની બેઠક

# બિહારમાં નવી સરકારના શપથગ્રહણની તૈયારી શરૂ

(એજન્સી) પટના | તા.16

બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએ (NDA)ની પ્રચંડ જીત બાદ હવે રાજ્યમાં નવી સરકાર બનાવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આજથી (16 નવેમ્બર) બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે અને ચૂંટણી પંચે તમામ 243 ધારાસભ્યોની યાદી રાજ્યપાલને આપી દીધી છે. આ ઉપરાંત મુખ્ય નીતિશ કુમારે આજે કેબિનેટની બોલાવી છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે સોમવારે સવારે 11:30 વાગ્યે કેબિનેટની બેઠક બોલાવી છે, જેમાં વર્તમાન મંત્રીમંડળને ભંગ કરવાના નિર્ણય પર મંજૂરીની મહોર વાગશે. કેબિનેટની આ બેઠક પૂર્ણ થયા બાદ તરત જ નીતિશ કુમાર રાજભવન જશે અને રાજ્યપાલને રાજીનામું સુપરત કરશે. ત્યારબાદ બિહારમાં નવી સરકાર રચવાની પ્રક્રિયા રીતે શરૂ થશે.



### 17 નવેમ્બરથી 20 નવેમ્બર સુધી ગાંધી મેદાનમાં લોકોના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે

બીજીતરફ શપથગ્રહણ સમારોહની તૈયારી શરૂ થવાના સંકેત સામે આવ્યા છે. આ માટે પટણાના ડીએમે ચાર દિવસ માટે ગાંધી મેદાનને બંધ કરવાનો આદેશ જાહેર કર્યો છે. 17 નવેમ્બરથી 20 નવેમ્બર સુધી ગાંધી મેદાનમાં લોકોના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ગાંધી મેદાનમાં શપથગ્રહણ સમારોહ યોજાય તેવી શક્યતા હોવાથી આ નિર્ણય લેવાયો છે.

### અથવા 20 નવેમ્બરે શપથગ્રહણ

સૂત્રોના જણાવ્યા અનુસાર, બિહારમાં નવી સરકારનો શપથગ્રહણ સમારોહ 19 અથવા 20 નવેમ્બરે યોજાઈ શકે છે. આ સમારોહ ગાંધી મેદાનમાં યોજાય તેવી સંભાવના છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એનડીએ શાસિત રાજ્યોના અન્ય મુખ્યમંત્રીઓ હાજરી આપી શકે છે.

**બિહારમાં મંત્રીપદની વહેંચણી નક્કી, NDA માં BJP ને 16 મંત્રી, CM સાથે ને 14 મંત્રી મળશે, ગાંધી મેદાનમાં થશે શપથ ગ્રહણ!**

# સંજય રાઉતના કેસમાં સંડોવણીનું કહીને સિનિયર સિટીઝનને ડીજીટલ એરેસ્ટ કર્યા

અમદાવાદ | શહેરના થલતેજમાં રહેતા સિનિયર સિટીઝન અને દાણીલીમડામાં રહેતા યુવત સાથે સાયબર ફ્રોડ કરતી ગેંગ દ્વારા લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ સાયબર ક્રાઇમ સેલમાં નોંધવામાં આવી છે. જેમાં સિનિયર સિટીઝનની સંડોવણી સંજય રાઉતના ૬૦ લાખના છેતરપિંડીના કેસમાં હોવાનું કહીને ડીજીટલ એરેસ્ટ કરીને છેતરપિંડી આચરી હતી. શહેરના થલતેજમાં રહેતા ઘનશ્યામભાઇ પટેલે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે થોડા દિવસ પહેલા તેમને અજાણ્યા નંબરથી કોલ આવ્યો હતો.


## પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ

PEGASUS પપ-પ૬, પમો માળ, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઇન્ટ, મુંબઈ-400021.

### કબજાની સૂચના [નિયમો 8 (1)] (સ્થાવર મિલકત માટે)

જ્યારે **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રા.લિ.**ના અધિકૃત અધિકારી. લિમિટેડ **("પેગાસસ")** એ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI એક્ટ) હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ, 2002 ના નિયમ 3 સાથે વાંચવામાં આવતી કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને **02/05/2025** ના રોજ **માંગણી નોટિસ** જારી કરી હતી જેમાં ઋણ લેનાર/સહ-ઋણ લેનાર/ગીરો લેનાર/જામીનદાર(ઓ) એટલે કે **1) વહોરા તસ્લીમારિફ ઉસ્માનગની (ઋણ લેનાર અને ગીરો લેનાર), 2) વહોરા મેફુજાબેન તસ્લીમારિફ (સહ-ઋણ લેનાર), ને નોટિસમાં ઉલ્લેખિત રકમ રૂ. 31,83,755/- (રૂપિયા એકત્રીસ લાખ ત્રેતાસી હજાર સાતસો પંચાવન માત્ર) 29/04/2025 ના રોજ** બાકી રહેલી રકમ, કરારના દર અને ખર્ચ પર વધુ વ્યાજ સાથે, ચૂકવવા માટે કહેવામાં આવ્યું છે. ઉપરોક્ત નોટિસ મળ્યાની તારીખથી **60 દિવસની અંદર 30/04/2025** થી તેના પર થયેલા ચાર્જ અને ખર્ચ.

**જના બેંકે** SARFAESI કાયદાની જોગવાઈ હેઠળ 28/03/2024 ના રોજ થયેલા સોંપણી કરાર દ્વારા, **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરીને,** ઉપરોક્ત લોન ખાતાના સમગ્ર બાકી દેવાના તેના તમામ અધિકારો, ટાઇટલ અને વ્યાજ, તેમજ સિક્યોરિટીઝ, પેગાસસના પક્ષમાં સોંપી દીધા છે.

લોન લેનાર/સહ-લોકો/ગીરો આપનાર/જામીન આપનાર, રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, લોન લેનાર અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે નીચે સહી કરનારે **13/11/2025** ના રોજ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002 ના નિયમ 8 સાથે વાંચેલા કાયદાની કલમ 13 ની પેટા-કલમ (4) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો **કબજો લીધો** છે.

ઋણ લેનાર/સહ-ઋણ લેનાર/ગીરો લેનાર/જામીન આપનાર, ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેના કોઈપણ વ્યવહાર પર **29/04/2025** ના રોજ બાકી રહેલા **રૂ. 31,83,755/- (રૂપિયા એકત્રીસ લાખ ત્રેતાસી હજાર સાતસો પંચાવન માત્ર)**ની રકમ **પેગાસસ** ચાર્જ, વત્તા **30/04/2025** થી લાગુ પડતા કરાર દરે વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જ અને તેના પર થયેલા ખર્ચ સહિત લાગુ પડશે.

કૃપા કરીને નોંધ લો કે, જના બેંકના અધિકારીઓ તમારા લોન ખાતા પર વસૂલાત અને વસૂલાત પ્રવૃત્તિઓમાં જોડાશે.

સિક્યોર્ડ અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, કાયદાની કલમ 13 ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ ઉધાર લેનારનું ધ્યાન આકર્ષિત કરવામાં આવે છે.

#### સ્થાવર મિલકતનું વર્ણન

રજિસ્ટ્રેશન જિલ્લા પેટાજિલ્લા અને તાલુકા આણંદ મોજે ગામ આણંદ રેવન્યુ સર્વે નં. 41/3 ની સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો જેની ટી.પી. સ્કીમ નં.૩ ફાઇનલ પ્લોટ નં.૧૦૨, જેનો કુલ વિસ્તાર ૭૭૪ ચો.મી. છે, જે કેપ ટાઉન કોમ્પ્લેક્સના નામથી બનેલા કોમ્પ્લેક્સમાંથી બિનખેતીલાયક જમીન પર બનેલો છે (૧) ફર્સ્ટ ફ્લોર શોપ નં.એફ-૧૪ (જેનો સીટી સર્વે નં.૩૪૮૨ જેનો વિસ્તાર સીટી સર્વે મુજબ ૧૧.૧૮ ચો.મી. છે,) (૨) ફર્સ્ટ ફ્લોર શોપ નં.એફ-૧૫ (જેનો સીટી સર્વે નં.૩૪૮૩ જેનો વિસ્તાર સીટી સર્વે મુજબ ૧૦.૪૭ ચો.મી. છે,) (૩) ફર્સ્ટ ફ્લોર શોપ નં.એફ-૧૬ (જેનો સીટી સર્વે નં.૩૪૮૪ જેનો વિસ્તાર સીટી સર્વે મુજબ ૧૪.૫૬ ચો.મી. છે,) જેનો કુલ વિસ્તાર સીટી સર્વે મુજબ ૩૬.૨૧ ચો.મી. છે, જ્યારે રેવન્યુ રેકોર્ડ મુજબ બાંધકામનો વિસ્તાર ૩૪.૬૨ ચો.મી. છે, અને તે કુલ જમીનના ભાગોમાં આવે છે. કેપ ટાઉન કોમ્પ્લેક્સ ૧૨.૦૨ ચો.મી.નું છે, આ વેચાણ દસ્તાવેજ દ્વારા તમારા વેચનારને જમીન સહિત વેચાણ આપવામાં આવે છે. નીચે પ્રમાણે **સીમાબદ્ધ: પૂર્વ તરફ:** આવવા અને જવા માટે સામાન્ય માર્ગ છે, **પશ્ચિમ તરફ:** દુકાન નં. F-૧૨ અને F-૧૩ છે, મધ્ય દિવાલ, **ઉત્તર તરફ:** આવવા અને જવા માટે સામાન્ય માર્ગ છે, **દક્ષિણ તરફ:** TP નો રસ્તો ગ્રાઉન્ડ ફ્લોરથી ઉપર માર્જિન સાથે આવેલો છે, **ઉપર:** ફ્લેટ નં. ૧૦૪ ઉપલબ્ધ છે, **નીચે:** ગ્રાઉન્ડ ફ્લોર તરફ દુકાન નં. G-૧૫, G-૧૬ અને G-૧૭ છે.

**સ્થળ: નાનીખોડિયાર, આણંદ, ગુજરાત**
**તારીખ: ૧૭.૧૧.૨૦૨૫**

**Sd/- (શ્રી પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી**
**પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રા. લિ.**
**(પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત)**

## કબજાની સૂચના

જ્યારે, **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ની કલમ 13 (12) અને નિયમ 3 હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને ઉધાર લેનારા/લેનારા/લેનારાઓને **ડિમાન્ડ નોટિસ** જારી કરી હતી, જેમાં ઉધાર લેનારાઓને ઉપરોક્ત નોટિસ પ્રાપ્ત થયાના **60 દિવસ**ની અંદર ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત લાગુ દરે સંબંધિત નામો સામે ઉલ્લેખિત રકમ અને તેના પર વ્યાજ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું, તેમજ ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી લાગુ પડતા આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે તરીકે ભવિષ્યના વ્યાજ સાથે ચુકવણી કરવાનું કહેવામાં આવ્યું હતું.

| ક્ર. નં. | લોન નં. | ઉધાર લેનાર/ સહ-ઉધાર લેનાર/ જામીન આપનાર/ગીરો આપનાર | ૧૩(૨) નોટિસ તારીખ/ બાકી બાકી (રૂ.માં) મુજબ | તારીખ/સમય અને કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|
| 1. | ૩૩૨૦૯૪૨૦૦૦૪૨૧ ૪૫૧૬૯૪૩૦૦૦૧૩૧ ૪૫૧૬૯૪૧૦૦૦૬૧૨ અને ૩૩૨૦૯૪૧૦૦૦૨૩૭ | 1) વાલા મનીષભાઇ મગનભાઇ, 2) વારા રંજનબેન મનીષભાઇ | ૨૮/૦૮/૨૦૨૫ ૨૪/૦૮/૨૦૨૫ના રોજ રૂ. ૨૨,૩૬,૫૪૯/- (બાવીસ લાખ છત્રીસ હજાર પાંચસો ઓગણપચાસ રૂપિયા માત્ર) | તારીખ: ૧૪/૧૧/૨૦૨૫ સમય: ૧૨:૩૩ બપોરે પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** અમદાવાદ-03 (મેમનગર) ના રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ અને જિલ્લામાં ગ્રામ પંચાયત મિલકત નં.415, 416, 417 પાયકી (જૂની ગ્રામ પંચાયત મિલકત નં.233, 234, 235 પાયકી) અને સિટી સર્વે નં.965 ધરાવતી જમીન પર મૌજે વસ્ત્રાપુર, જિલ્લો અમદાવાદ ખાતે સ્થિત "દુર્ગા એપાર્ટમેન્ટ્સ ઓનર્સ એસોસિએશન" ની યોજનામાં ગ્રાઉન્ડ ફ્લોર પર ફ્લેટ નં.4 ધરાવતી મિલકત, લગભગ 45 ચોરસ યાર્ડ, એટલે કે 37.62 ચોરસ મીટર બાંધકામ ક્ષેત્રફળ. **સીમાઓ: પૂર્વ:** ખુલ્લો રસ્તો આવેલો છે, **પશ્ચિમ:** ફ્લેટ નં.2 આવેલો છે, **ઉત્તર:** ફ્લેટ નં.3 આવેલો છે, **દક્ષિણ:** ફ્લેટમાં પ્રવેશવા માટેનો માર્ગ અને પછી શુભ લક્ષ્મી ફ્લેટ આવેલો છે. | | | |
| 2. | ૩૧૪૮૦૪૪૦૦૦૦૦૪૬ અને ૩૧૪૮૯૪૧૦૦૦૧૦૧૫ | 1) પઢિયાર અજીતભાઇ દિયાલભાઇ, 2) પઢિયાર રમીલાબેન અજીતભાઇ | ૧૮/૦૮/૨૦૨૫ થી રૂ. ૬,૩૧,૨૬૬/- (છ લાખ એકત્રીસ હજાર બેસો છસઠ રૂપિયા માત્ર) ૧૪/૦૮/૨૦૨૫ મુજબ | તારીખ: ૧૪/૧૧/૨૦૨૫ સમય: ૦૨:૦૭ PM પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** નાગલપર ગ્રામ પંચાયત અકરાણી પત્રક અનુક્રમ નં. ૫૨૦ અને મિલ્કત નં. ૪૯૩ ધરાવતી ૯૫.૬૫ ચો.મી. જમીન ધરાવતી ખુલ્લી જમીનની મિલકત, જે નાગલપર ગ્રામ પંચાયતની હદમાં આવેલા ગામ નાગલપર, તા. બોટાદ, જિ. બોટાદની ગામતાલ જમીન પર આવેલી છે અને તેની માલિકીની છે. **સીમાઓ: ઉત્તર:** આ બાજુ બાબુભાઇ દેવજીભાઇનું ઘર, **દક્ષિણ:** આ બાજુનો રસ્તો, **પૂર્વ:** આ બાજુનો રસ્તો, **પશ્ચિમ:** આ બાજુ બાબુભાઇ કાલુભાઈની મિલકત. | | | |
| 3. | ૪૯૯૧૯૯૧૦૦૦૦૦૧૦ | 1) ધરોલિયા અનિલભાઇ જોયાતારામભાઇ, 2) ધરોલિયા કાજલબેન અનિલભાઇ | ૧૨/૦૮/૨૦૨૫ થી ૧૦,૧૬,૩૯૯/- (દસ લાખ સોળ હજાર ત્રણસો નવ્વાણું રૂપિયા માત્ર) ૧૦/૦૮/૨૦૨૫ મુજબ | તારીખ: ૧૪/૧૧/૨૦૨૫ સમય: ૦૨:૩૧ PM પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** રહેણાંક મિલકત ધરાવતો માલિકીનો માલિકી હક અને હિત - પ્લોટ નં. ૨૯૦ પાયકી દક્ષિણ બાજુ પ્લોટ નં. ૨૯૦ થી ૫૧.00 ચોરસ મીટર, એટલે કે ૬૦.૯૮ ચોરસ યાર્ડ, બાંધકામ થેરન સાથે ૩૯.૯૩ ચોરસ મીટર, સિટી સર્વે નં. ૪૨૫/૧ પાયકી/૨૯૦ શીટ નં. ૬૬, મહેસૂલ - સર્વે નં. ૪૨૫/૧ પાયકી ગુજરાત રાજ્યના બોટાદ તાલુકા અને બોટાદ જિલ્લાના "બાપા સીતાનગર" ગામ તરીકે ઓળખાય છે અને નીચે મુજબ **સીમા** ધરાવે છે: **પૂર્વ તરફ:** પ્લોટ નં. ૨૮૨, **પશ્ચિમ તરફ:** ૬.00 મીટર રસ્તા દ્વારા, **ઉત્તર તરફ:** બાકીનો ભાગ આ પ્લોટનો ભાગ, **દક્ષિણ તરફ:** પ્લોટ નં. ૨૮૯. | | | |
| 4. | ૪૫૧૯૯૪૨૦૦૦૦૨૯૧ | 1) ચૌહાણ લતાબેન કરશનભાઇ, 2) બારૈયા અમિતભાઇ નાનજીભાઇ | ૨૮/૦૮/૨૦૨૫ થી રૂ. ૧૫,૮૬,૯૬૫/- (પંદર લાખ છ્યાસી હજાર નવસો પાંસઠ રૂપિયા માત્ર) ૨૪/૦૮/૨૦૨૫ મુજબ | તારીખ: ૧૪/૧૧/૨૦૨૫ સમય: ૦૫:૩૦ વાગ્યે પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સ્થાવર મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ મિલકત ધરાવતો ફ્લેટ નં. ૧, ૪૯.૭૯ ચોરસ મીટર બિલ્ટઅપ વિસ્તાર ધરાવે છે જેમાં ૫૯.૭૩ ચોરસ મીટરનો સમાવેશ થાય છે ત્રિપુરા નિવાસ તરીકે ઓળખાતો ચોરસ મીટર સુપર બિલ્ટઅપ વિસ્તાર જે સ્વીટ હોમ કંપની ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ. પાઇકીના લીઝ હોલ્ડ પ્લોટ નં. ૭૨૬ ની જમીન પર બાંધવામાં આવ્યો છે બ્લોક નં. 3 જે ૨૪૦.૩૮ ચોરસ મીટર માપે છે સિટી સર્વે વોર્ડ નં. ૫, સિટી સર્વે નં. ૬૨૭૦ પાઇકી, શીટ નં. ૧૫૮ તાલુકા અને જિલ્લો બાહવનગર. **સીમાઓ: પૂર્વ દ્વારા:** સામે બાજુ પાર્કિંગ જગ્યા, **પશ્ચિમદ્વારા:** પ્લોટ નં. ૭૨૫, **ઉત્તરદ્વારા:** ૭૦ ફૂટ પહોળો રોડ, **દક્ષિણદ્વારા:** પ્લોટ નં. ૭૨૬ નો બાકીનો ભાગ. | | | |
| 5. | ૪૫૨૪૯૪૨૦૦૦૬૯૯૦ | 1) રાજકુમાર નથુરામ, 2) નથુરામ | ૨૮/૦૮/૨૦૨૫ થી ૨૪/૦૮/૨૦૨૫ સુધી રૂ. ૧૪,૫૬,૦૯૧/- (ચૌદ લાખ છપ્પન હજાર અને એકાવન રૂપિયા માત્ર) | તારીખ: ૧૪/૧૧/૨૦૨૫ સમય: ૦૬:૨૫ PM પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સ્થાવર મિલકતનો તે બધો ટુકડો અને ભાગ જેમાં ત્રીજા માળે ફ્લેટ નં. 30૨ છે, જેમાં ૧૦૮૦ ચોરસ ફૂટ એટલે કે ૧૦૦.૩૭ ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા અને ૬૪૮ ચોરસ ફૂટ એટલે કે ૬૦.૨૨ ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા છે, સાથે સાથે "સીમંધર નગરના ખોડિયાર રેસિડેન્સી પાર્ટ-એ" માં રોડ અને સી.ઓ.પી. ની જમીનમાં ૪૦.૧૫ ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો છે, જે બ્લોક નં. ૩૫૯/૨ માં સ્થિત છે, જે ૯૫૧૦ ચોરસ મીટર પાકી પ્લોટ નં. એ-૫૦, બી-૫૦, એ-૫૧ અને બી-૫૧ છે જે ૨૩૪.૩૨ ચોરસ મીટર માપે છે. **રાજકુમાર નાથુરામ**ના માલિક છે. **સીમાઓ: પૂર્વ દ્વારા:** Adj. પેસેજ, **પશ્ચિમ દ્વારા:** Adj. માર્જિન, **ઉત્તર દ્વારા:** Adj. ફ્લેટ નં.303, **દક્ષિણ દ્વારા:** Adj. માર્જિન. | | | |

જ્યારે, ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓએ બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, ત્યારે અહીં ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારોને અને સામાન્ય રીતે જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ ઉપરોક્ત તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વાંચેલા કાયદાની કલમ 13 (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપરોક્ત વર્ણવેલ મિલકતો/સુરક્ષિત સંપત્તિઓનો **કબજો લીધો** છે. અહીં ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરો અને ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે કોઈપણ વ્યવહાર **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના ચાર્જને આધીન રહેશે.

**સ્થળ: અમદાવાદ**
**તારીખ: ૧૭.૧૧.૨૦૨૫**

**Sd/- જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ માટે અધિકૃત અધિકારી**

**જાના સ્મોલ ફાઇનાન્સ બેંક** (એ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)
**રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઇનર રિંગ રોડ, ઇજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગલોર-૫૬૦૦૭૧. પ્રાદેશિક શાખા ઓફિસ: ૨૦૮ થી ૨૧૩, બીજો માળ, શાંગરીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, ૧૦૦ ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫.**


# નાગેશ્વર મહાદેવ નીકોલ અમદાવાદ ખાતે નુતન વર્ષ પ્રારંભ સ્નેહ મિલન સમારોહ

વાલમ બ્રાહ્મણ કો ઓપ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી દ્વારા આજરોજ નાગેશ્વર મહાદેવ નીકોલ અમદાવાદ ખાતે નુતન વર્ષ પ્રારંભ સ્નેહ મિલન સમારોહ સાથે અર્ધવાર્ષિક સામાન્ય સભા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્રેડિટ સોસાયટીના સભ્યો માંથી જેઓએ વિશેષ સિધ્ધી પ્રાપ્ત કરેલ તેઓનું સન્માન કરવામાં આવેલ આ પ્રસંગે એગ્રો હાઉસ ના ચેરમેન શ્રી રમેશભાઈ એમ મહેતા,રાષ્ટ્રીય સનાતન સેના ગુજરાત પ્રદેશ નાં મંત્રી શ્રી તેજશભાઈ મહેતા ,લઘુ ઉદ્યોગ ભારતી ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી જયેશભાઈ પંડ્યા હાજર રહ્યા હતા. આ અંગે ક્રેડિટ સોસાયટીના ચેરમેન શ્રી ભાઈલાલભાઈ ભટ્ટે જણાવ્યુ છે કે સમાજમાં સહકારની ભાવના અને સંગઠન જળવાઈ રહે માટે સમાજના ઘર દિઠ એક સભ્ય ક્રેડિટ સોસાયટી માં જોડાવવું જોઈએ.




## પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ

PEGASUS **કોર્પોરેટ ઓફિસ:** પપ-પ૬, પાંચમો માળ, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઇન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.
**રજિસ્ટર ઓફિસ:** ૫૦૭, દાતામલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઇન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.

### ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના

**નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને સુરક્ષા હિતના અમલીકરણ અધિનિયમ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.**

જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) ગેરંટી(ઓ) અને મોર્ટગેગર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ, જે સ્થાવર મિલકત છે અને સુરક્ષિત લેણદાર, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ**ને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જેને **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ) ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત છે,** જેને SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ 28/03/2024 ના રોજ **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ ("જના બેંક")** દ્વારા અંતર્ગત સિક્યોરિટીઝ હિત સાથે સોંપવામાં આવી છે, SARFAESI એક્ટ અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ "જેમ છે ત્યાં છે", **"જેમ છે જે છે" અને "જેમ છે ત્યાં છે"** ના આધારે **09.12.2025**ના રોજ તમામ જાણીતા અને અજાણ્યા જવાબદારીઓ સાથે વેચવામાં આવી રહી છે.

**જના બેંક**ના અધિકૃત અધિકારીએ SARFAESI કાયદા અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ **૧૫/૦૮/૨૦૨૪** ના રોજ નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિનો કબજો સ્થાવર મિલકત તરીકે લીધો છે અને **પેગાસસ ૨૦૨૩ ટ્રસ્ટ ૧૦ ("પેગાસસ")** ના અધિકૃત અધિકારીને કબજો સોંપ્યો છે.

હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| **ઉધાર લેનાર(ઓ), સહ-ઉધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અને મોર્ટગેગર(ઓ)ના નામ:** | **a) વાઘારી પ્રવિણભાઇ રામાભાઇ b) વાઘારી ઉર્મિલાબેન પ્રવિણભાઇ** |
| **બાકી લેણાં જેના માટે સિક્યોર્ડ સંપત્તિ વેચાઈ રહી છે:** | SARFAESI કાયદાની કલમ 13(2) હેઠળ સૂચના મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી, **20/12/2023** થી તેના પરના વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિત **19/12/2023**ના રોજ રૂ. **11,50,997.00** (રૂપિયા અગિયાર લાખ પચાસ હજાર નવસો સિત્તેર માત્ર). **૧૫/૧૧/૨૦૨૫** ના રોજ **રૂ.૧૫,૭૩,૦૪૬.૭૩** (રૂપિયા પંદર લાખ સિત્તેર હજાર છતાલીસ અને સિત્તેર પૈસા માત્ર) બાકી છે, જેમાં **૧૬/૧૧/૨૦૨૫**થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચનો સમાવેશ થાય છે. |
| **સુરક્ષિત સંપત્તિ સ્થાવર મિલકત હોવાની વિગતો જે વેચાઈ રહી છે** | **ગીરો : વાઘારી ઉર્મિલાબેન પ્રવિણભાઇ** સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ભાગ અને પાર્સલ સિટી સર્વે નંબર 1057, શીટ નં. 54, ચલતા નં. 227 જે 34.36.50 ચો. મીટર., નં. રાધાકૃષ્ણ ચાલી, મોજે હારીજ, તા. હારીજ, જિ. પાટણ. **CERSAI SI ID:400069545837; એસેટ ID:200070729976; લેન નંબર 32109610000121** |
| **અનામત કિંમત જેનાથી નીચે સિક્યોર્ડ એસેટ વેચવામાં આવશે નહીં (રૂ.માં):** | **રૂ.૮,30,000/-** (રૂપિયા આઠ લાખ ત્રીસ હજાર માત્ર) |
| **અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD):** | **રૂ.૮૩,000/-** (રૂપિયા ત્રેતાસી હજાર માત્ર) |
| **મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે રજૂ કરાયેલા દાવાઓ, જો કોઈ હોય તો** | **જાણીતું નથી** |
| **મિલકતોનું નિરીક્ષણ:** | **૨૦.૧૧.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી** |
| **સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર:** | **શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં.9923680690 શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં.9004722468** |
| **બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ:** | **08.12.2025 till 04:00 PM** |
| **બિડ ખોલવાનો સમય અને સ્થળ:** | **૦૯.૧૨.૨૦૨૫ ના રોજ બપોરે ૦૧.00 થી ૦૨.00 વાગ્યા સુધી વેબસાઇટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઇ-હરાજી/ બોલી લગાવવી.** |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસની નોટિસ** પણ છે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઇટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html** અથવા વેબસાઇટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** નો સંદર્ભ લો અથવા સેવા પ્રદાતા **મેસર્સ. 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવાર, સંપર્ક નંબર: 8142000725 નો સંપર્ક કરો. ઇમેઇલ આઈડી: info@bankauctions.in /arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: ૧૭.૧૧.૨૦૨૫**

**SD/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10.**

## જના સ્મોલ ફાઇનાન્સ બેંક
(એક શેડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

**રજિસ્ટર્ડ ઓફિસ:** ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નંબર 10/1, 11/2 અને 12/2B, ઓફ ડોમલુર, કોરામંગલા ઇનર રિંગ રોડ, EGL બિઝનેસ પાર્ક પાસે, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-560071.
રીજનલ બ્રાન્ચ ઓફિસ: ગ્રાઉન્ડ ફ્લોર, 2nd ફ્લોર, શાંગ્રીલા આર્કેડ, સરસ્વત બેંકની ઉપર, 100 ફીટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-380015.

### SARFAESI એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળની ડિમાન્ડ નોટિસ

આથી તમને, નીચે દર્શાવેલ લોન લેનાર, સહ-લોન લેનાર, જામીનદાર અને ગીરોકર્તાને જણાવવામાં આવે છે કે તમે **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ** પાસેથી તમારી સ્થાવર મિલકતો ગીરો મૂકીને લોન લીધી છે. તમારા બધા દ્વારા કરવામાં આવેલ ડિફોલ્ટના પરિણામે, તમારું લોન ખાતું બિન-કાર્યકારી અસ્કયામત તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, આથી **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**, જે આ કાયદા હેઠળ સુરક્ષિત ધિરાણકર્તા છે, અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ નિયમો 2002ના નિયમ 2 સાથે વાંચીને ઉપરોક્ત કાયદાની કલમ 13(2) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કૉલમ નંબર 2 માં દર્શાવેલ લોન લેનાર/સહ-લોન લેનાર/જામીનદાર/ગીરોકર્તાને નોટિસની તારીખથી **60 દિવસ**ની અંદર નોટિસમાં જણાવેલ રકમ અને તેના પરના ભાવિ વ્યાજની ચૂકવણી કરવા માટે **માંગણી નોટિસ** જારી કરી હતી, પરંતુ વિવિધ કારણોસર તેમાંથી કેટલાકને નોટિસ આપી શકાઇ નથી.

| ક્ર. નં. | લોન લેનાર/સહ-લોન લેનાર/જામીનદાર/ ગીરોકર્તાનું નામ | લોન એકાઉન્ટ નંબર અને લોનની રકમ | લાગુ કરવામાં આવનાર સુરક્ષાની વિગતો | NPAની તારીખ અને માંગ નોટિસ તારીખ | બાકી રકમ રૂ. માં / તારીખ મુજબ |
|---|---|---|---|---|---|
| 1. | (૧) અર્જુનભાઇ ચીમનભાઇ પરમાર (૨) મીનાબેન અર્જુનભાઇ પરમાર | ખાતા નં.: 45189430000951, 45189410000451 મૂળ રકમ: ₹૧૫,૧૮,૧૯૨ + ₹૫,00,000 | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - મિલકતનું શેડ્યૂલ સ્થાવર મિલકતના તમામ ટુકડા અને પાર્સલ સી.એસ. નં. ૧૨૬/૨ વહીવટ ૮૪.૬૭ ચો.મી., સી.એસ. નં. ૧૨૬/૫ વહીવટ ૮.00 ચો.મી., જમીનનો ૫૦% ભાગ સી.એસ. નં. ૧૨૬/૨ વહીવટ ૪૨.૩૩૫ ચો.મી. ચો.મી., સી.એસ. નં. ૧૨૬/૫ વહીવટ ૪.00 ચો.મી., મૌજે સુભાનપુર, નોંધણી જિલ્લો અને પેટા જિલ્લો વડોદરા, જિલ્લો વડોદરા ખાતે. સીમાઓ:- પૂર્વ: અન્ય મિલકત, પશ્ચિમ: માર્ગ, ઉત્તર: અન્ય મિલકત, દક્ષિણ: અન્ય મિલકત. | એનપીએ: ૦૧-૧૦-૨૦૨૫ નોટિસ: ૧૪-૧૧-૨૦૨૫ | Rs.18,87,253/- (અંકે રૂપિયા અઢાર લાખ સતાસી હજાર બસ્સો ત્રેપન માત્ર) 12-11-2025 સુધી |
| 2. | ૧) ગોતાલ ઉમેશ અશોકભાઇ (૨) ગોતાલ અરુણા ઉમેશ | ખાતા નં.: 30749420001286 મૂળ રકમ: ₹૧૩,૫૦,૦૦૦ | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** મહેસૂલ સર્વે નં. ૧૫૮/૨/ પાયકી-૧ ધરાવતી મિલકતને રહેણાંક હેતુ માટે બિન-ખેતી જમીનમાં રૂપાંતરિત કરવામાં આવી છે મંજૂર પ્લોટ પાયકી પ્લોટ નં. ૭૫ અને ૭૬ ને ભેળવીને સોંપવામાં આવ્યા છે. પ્લોટ નં. ૮૩ થી ૮૪ ભેળવીને સોંપવામાં આવ્યા છે અને ભેળવીને સોંપવામાં આવ્યા છે ભેળવીને સોંપવામાં આવેલા પ્લોટ નં. ૮૩ અને પેટા-પ્લોટમાં વિભાજિત કરવામાં આવ્યા છે. ૮૩/૧ થી ૮૩/૪ પાયકી સબ-પ્લોટ નં. ૮૩/૧. સીમાઓ: ઉત્તર: પ્લોટ નં. ૮૨, ૧૨ મીટર પ્લોટ, દક્ષિણ: પેટા પ્લોટ નં. ૮૩/૨,૧૨.00 મીટર પ્લોટ, પૂર્વ: પ્લોટ નં. ૬૮. ૩.૪૧૦ મીટર પ્લોટ, પશ્ચિમ: ૭.૫૦ મીટર રોડ. ૩.૪૧૦ મીટર. | એન.પી.એ.: ૦૧-૧૧-૨૦૨૫ નોટિસ: ૧૪-૧૧-૨૦૨૫ | Rs.13,99,640. /- (અંકે રૂપિયા તેર લાખ નવ્વાણું હજાર છસો ચાલીસ માત્ર) 12-11-2025 સુધી |
| 3. | (૧) જીજ્ઞેશગીરી રામનિકગીરી ગોસાઇ (૨) હિરલબેન જીજ્ઞેશગીરી ગોસાઇ | ખાતા નં.: 31489420000232 મૂળ રકમ: ₹૧૪,૬૯,૫૬૧ | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** પ્લોટ નં. 9 પાયકીની મિલકત દક્ષિણ બાજુની જમીન 152.00 ચોરસ મીટર માપની છે. રાજપર રેવન્યુ સર્વે નં. 1 પાયકી પર ઘર છે. ગામ રાજપર, તા. વઢવાણ, જિલ્લો: સુરેન્દ્રનગર, રાજપર ગ્રામ પંચાયતની પંચાયત હદમાં આવેલું છે. સીમાઓ:ઉત્તર: માઉન્ટ. 19.00 આ બાજુ પ્લોટ નં. 9 પાયકી બાકીની જમીન, દક્ષિણ: માઉન્ટ. 19.00 આ બાજુ સામાન્યપ્લોટ, પૂર્વ: માઉન્ટ. 8.00 આ બાજુ પ્લોટ નં. 7, પશ્ચિમ: માઉન્ટ. 08.00 આ બાજુ 6.00 મીટર પહોળો રસ્તો. | એન.પી.એ.: ૦૧-૧૧-૨૦૨૫ નોટિસ: ૧૪-૧૧-૨૦૨૫ | Rs.14,70,194/- (અંકે રૂપિયા ચૌદ લાખ સિત્તેર હજાર એકસો ચોરાણું માત્ર) 12-11-2025 સુધી |
| 4. | (૧) ખુરેશી ઇમરાનભાઇ અલારખાભાઇ (૨) ખુરેશી કદરભાઇ અલારખાભાઇ | ખાતા નં.: 30749420001362 મૂળ રકમ: ₹૧૫,૮૫,૦૦૦ | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** એક સ્થાવર મિલકત ગામ - વિભાપર, જે R.S.No.61 ધરાવે છે, તેને "કૃષ્ણ પાર્ક" તરીકે ઓળખાતા બિન-ખેતી જમીન વિસ્તારમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે, મંજૂર પ્લોટ પાઇકી પ્લોટ નં. 130 થી 136 અને 151 થી 157 ભેળવીને સોંપવામાં આવેલ પ્લોટ નં. 130 ને ભેળવીને 130/1 થી 130/26 પેટા-પ્લોટ પાઇકી સબ પ્લોટ નં. 130/25 માં વિભાજિત કરવામાં આવ્યું છે. સીમાઓ: પૂર્વ: 7.50 મીટર જાહેર માર્ગ, પશ્ચિમ: સબ-પ્લોટ નં. 130/2, ઉત્તર: સબ-પ્લોટ નં. 130/24, દક્ષિણ: સબ-પ્લોટ નં. 130/26. | એન.પી.એ.: ૦૧-૧૧-૨૦૨૫ નોટિસ: ૧૪-૧૧-૨૦૨૫ | Rs.16.38,718/- (અંકે રૂપિયા સોળ લાખ આડત્રીસ હજાર સાતસો અઢાર માત્ર) 12-11-2025 સુધી |
| 5. | (૧) મુન્ના પાલ (૨) રજની દેવી મુન્ના પાલ | ખાતા નં.: 45189420002342 મૂળ રકમ: ₹૧૦,૯૪,૩૩૨ | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** ભરૂચ, પેટા-જિ. અંકલેશ્વર, મૌજે દઘાલ, રે.સ.નં. 54 પૈકી 2, નવો રે.સ.નં.-183, પૈકી સિલ્વર સિટી-3, પૈકી પ્લોટ/મકાન નંબર 78, ક્ષેત્રફળ-45.85 sq. mtr. રોડ રસ્તા 35.22 કુલ 81.07 Sq.Mtrs. હદો: ઉત્તર: પ્લોટ નંબર 77 ની મિલકત, દક્ષિણ: પ્લોટ નંબર 79 ની મિલકત, પૂર્વ: સોસાયટીનો આંતરિક રોડ, પશ્ચિમ: પ્લોટ નંબર 81. | એન.પી.એ.: ૦૧-૧૧-૨૦૨૫ નોટિસ: ૧૪-૧૧-૨૦૨૫ | Rs.8,28,533/- (અંકે રૂપિયા આઠ લાખ અઠ્ઠાવીસ હજાર પાંચસો તેત્રીસ માત્ર) 12-11-2025 સુધી |
| 6. | (૧) પસાયા જગદીશભાઇ હરિસિંગભાઇ (૨) પસાયા વર્ષા જગદીશભાઇ | ખાતા નં.: 48359430000039 & 48359800000012 મૂળ રકમ: ₹૧૯,૦૧,૬૫૬ + ₹૧,00,000 | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** CTS No.6842, બ્લોક નંબર 2, પ્લોટ નંબર 45 પૈકી 56.36 Sq.Mtrs. જમીન આકાશ ગંગા સોસાયટી, ગાલલીયાવાડ, દાહોદ-389151 જિ-દાહોદ માં આવેલ છે. મૌજે-ગાલલીયાવાડ પંચાયત, તા-દાહોદ, જિ-દાહોદ, ગુજરાત. હદો: પૂર્વ: રોડ, પશ્ચિમ: પ્લોટ નંબર 43 & 44, ઉત્તર: પ્લોટ નંબર 45 પૈકી જમીન, દક્ષિણ: પ્લોટ નંબર 45 પૈકી જમીન. | એન.પી.એ.: ૦૩-૧૦-૨૦૨૫ નોટિસ: ૧૪-૧૧-૨૦૨૫ | Rs.18,60,935/- (અંકે રૂપિયા અઢાર લાખ સાઠ હજાર નવસો પાંત્રીસ માત્ર) 12-11-2025 સુધી |
| 7. | (૧) રામલાવત પાર્થ પ્રજ્ઞેશકુમાર (૨) રામલાવત દીતા પ્રજ્ઞેશકુમાર (૩) અતુલકુમાર હરેશકુમાર પટેલ | ખાતા નં.: 48369420000370 મૂળ રકમ: ₹૨૦,૯૦,૦૦૦ | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** લોન એકાઉન્ટ નંબર: 48369420000370 લોનની રકમ: Rs.20,90,000/- ગીરો મૂકેલ સ્થાવર મિલકત - મિલકતની વિગત: N.A. રહેણાંક સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, જે બ્લોક/સર્વે નંબર 626, 627, 628 ગુજરાત હાઉસિંગ બોર્ડ H.I.G 136+70, યોજના ""પરીશમ પાર્ક, ગોરવા"" બ્લોક નંબર 137માં 72.10 Sq.Mtr. 318માપ પર બાંધવામાં આવેલ છે, જે ગામ ગોરવા, તા: ગોરવા, જિ- વડોદરામાં આવેલ છે. હદો: પૂર્વ: કોમન સીડી અને ફ્લેટ નંબર 138, પશ્ચિમ: ફ્લેટ નંબર 112, ઉત્તર: રોડ, દક્ષિણ: ટેરેસ. | એન.પી.એ.: ૦૧-૧૧-૨૦૨૫ નોટિસ: ૧૪-૧૧-૨૦૨૫ | Rs.22,03,798/- (અંકે રૂપિયા બાવીસ લાખ ત્રણ હજાર સાતસો અઠ્ઠાણું માત્ર) 12-11-2025 સુધી |
| 8. | (૧) રાણા હાર્દિપસિંહ અજીતસિંહ (૨) રાણા પુનમબા હાર્દિપસિંહ (૩) સરવૈયા મનીષભાઇ | ખાતા નં.: 48369420000370 મૂળ રકમ: ₹૧૦,૨૯,૦૦૦ | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** લોન એકાઉન્ટ નંબર: 48369420000370 લોનની રકમ: Rs.10,29,000/- ગીરો મૂકેલ સ્થાવર મિલકત - મિલકતની વિગત: સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, જે ફર્સ્ટ ફ્લોર પરનો ફ્લેટ નંબર 101 છે, જેનું બાંધકામ ક્ષેત્રફળ 32.80 Sq. Mtrs. અને સુપર બિલ્ટ અપ એરિયા 38.32 Sq.Mtrs. છે, જે શિવ સૃષ્ટિ કોમ્પ્લેક્સમાં આવેલું છે. આ બાંધકામ રે.સ.નં. 17 પૈકી ના પ્લોટ નંબર 8ની જમીન પર કરવામાં આવ્યું છે, જે ગામ તરસમિયા, તાલુકો અને જિ. ભાવનગરમાં આવેલ છે. હદો (જમીન પરના વાસ્તવિક માપ મુજબ): ઉત્તર: બિલ્ડિંગ માર્જિન રોડ, દક્ષિણ: પ્રવેશ, માર્ગ, લિફ્ટ અને સીડી પછી ફ્લેટ નંબર 102, પૂર્વ: બિલ્ડિંગ માર્જિન પછી રોડ, પશ્ચિમ: બિલ્ડિંગ માર્જિન. | એન.પી.એ.: ૦૮-૧૦-૨૦૨૫ નોટિસ: ૧૪-૧૧-૨૦૨૫ | Rs.10,86,293/- (અંકે રૂપિયા દસ લાખ છ્યાસી હજાર બસ્સો ત્રાણું માત્ર) 12-11-2025 સુધી |
| 9. | (૧) રાવલ કલ્પેશકુમાર દિનેશભાઇ (૨) રાવલ નયનાબેન કલ્પેશકુમાર | ખાતા નં.: 48369420000370, 31519800000338 મૂળ રકમ: ₹૧૧,૬૬,૪૯૬ + ₹૯૯,૫૦૦ | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** મૌજે: અંદાડા, તા- અંકલેશ્વર, જિ-ભરૂચ, રે.સ.નં. 134/2 પૈકી ""અંબિકા નગર"" પ્લોટ નંબર 52, કુલ ક્ષેત્રફળ 59.04 sq. mtr પૈકી પ્લોટ/મકાન નંબર 52/1 , ક્ષેત્રફળ 38.19 sq. mts. , બાંધકામ ક્ષેત્રફળ 74.34 sq. mts. હદો: પૂર્વ: મકાન નંબર 49, પશ્ચિમ: આંતરિક રોડ, ઉત્તર: મકાન નંબર 51/2, દક્ષિણ: મકાન નંબર 52/2. | એન.પી.એ.: ૦૩-૧૧-૨૦૨૫ નોટિસ: ૧૪-૧૧-૨૦૨૫ | Rs.12,46,189/- (અંકે રૂપિયા બાર લાખ છયાલીસ હજાર એકસો નેવ્યાસી માત્ર) 12-11-2025 સુધી |
| 10. | (૧) શેટ્ટી અજયભાઇ રાજુભાઇ (૨) શેટ્ટી ભાનુમતી અજયભાઇ | ખાતા નં.: 31809610001070 & 31809800016326 મૂળ રકમ: ₹૧૨,૯૧,૦૦૦ + ₹૯૦,૮૩૩ | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** જિલ્લો-ખેડા, પેટા-જિલ્લો- ઠાસરા, મૌજે ગામ- ડાકોર, સિટી સર્વે નંબર 4345, શીટ નંબર 32, ચો.નં. 364 , માપણી ક્ષેત્રફળ 48.07 Sq.Mtrs. નગરપાલિકા નંબર 2326 નવું મકાન નંબર 5480 (ફક્ત પ્રથમ માળ). હદો: સોસાયટી રોડ આવેલો છે, પશ્ચિમ: સિટી સર્વે નંબર 4361 પછી કોમન દીવાલ આવેલી છે, ઉત્તર: સિટી સર્વે નંબર 4344 ની મિલકત આવેલી છે, દક્ષિણ: સિટી સર્વે નંબર 4346 ની મિલકત આવેલી છે. | એન.પી.એ.: ૦૧-૧૧-૨૦૨૫ નોટિસ: ૧૪-૧૧-૨૦૨૫ | Rs.14,13,238/- (અંકે રૂપિયા ચૌદ લાખ તેર હજાર બસ્સો અડત્રીસ માત્ર) 12-11-2025 સુધી |

તેથી, કોલમ નં. 2 માં દર્શાવેલ ઋણ લેનાર/સહ-ઋણ લેનાર/જામીનદાર અને ગીરો આપનારને નોટિસ આપવામાં આવે છે, જેમાં તેમને આ નોટિસ પ્રકાશિત થયાના 60 દિવસની અંદર તમામ સંબંધિત ઋણ લેનાર/સહ-ઋણ લેનાર સામે કોલમ નં. 6 માં દર્શાવેલ કુલ રકમ ચૂકવવાપાત્ર હોવાનું જાણવા મળ્યું હોવાથી, કોલમ નં. 6 માં દર્શાવેલ તારીખે સંબંધિત લોન ખાતાના સંબંધમાં ઉપરોક્ત રકમ ચૂકવવાપાત્ર હોવાનું જાણવા મળ્યું છે. એ સ્પષ્ટ કરવામાં આવે છે કે જો કુલ રકમ, ભવિષ્યના વ્યાજ અને ચુકવણીની તારીખ સુધી ચૂકવવાપાત્ર બની શકે તેવી અન્ય રકમ સાથે, ચૂકવવામાં ન આવે, તો જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, કોલમ નં. 4 માં વર્ણવેલ મિલકતો પર સુરક્ષા વ્યાજ લાગુ કરવા માટે યોગ્ય પગલાં લેવા માટે મજબૂર રહેશે.

કૃપા કરીને નોંધ લો કે આ પ્રકાશન કાયદા હેઠળ ઉધાર લેનાર/સહ-ઉધાર લેનાર/જામીનદાર/ગીરો આપનારાઓ સામે જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડને ઉપલબ્ધ અધિકારો અને ઉપાયોને પૂર્વગ્રહ રાખ્યા વિના કરવામાં આવ્યું છે. તમને વધુમાં નોંધ લેવાની વિનંતી છે કે ઉક્ત અધિનિયમની કલમ 13(13) મુજબ, તમને ઉપરોક્ત સિક્યોરિટીનો નિકાલ કરવાથી અથવા તેની સાથે વ્યવહાર કરવાથી અથવા સુરક્ષિત લેણદારની પૂર્વ સંમતિ વિના સિક્યોર્ડ સંપત્તિના વેચાણ, લીઝ અથવા અન્ય રીતે ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત/પ્રતિબંધિત કરવામાં આવે છે.

**તારીખ: 17.11.2025, સ્થળ: અમદાવાદ**

**Sd/- અધિકૃત અધિકારી, જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ વતી**


# શહેરના મીરઝાપુરમાં યુવકની હત્યા મામલે આરોપીઓની ડીસ્ચાર્જ અરજી ફગાવાઇ

(એજન્સી) અમદાવાદ | તા.16

શહેરના મીરઝાપુરમાં આવેલા બે વર્ષ પહેલાં મોહમદ બિલાલ બેલીમ નામના યુવકની છરીના ૪૦ જેટલા ઘા ઝીંકીને પિતા અને તેના ત્રણ પુત્રો દ્વારા હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં સંડોવાયેલા બે આરોપીઓએ સીસીટીવી ફૂટેજમાં તે દેખાતા ન હોવાનું કારણ આપીને ડીસ્ચાર્જ અરજી સશન્સ કોર્ટમાં દાખલ કરી હતી. પરંતુ, સાંયોગિક પુરાવા તેમજ સાક્ષીઓના નિવેદનને આધારે કોર્ટે ડીસ્ચાર્જ અરજીને નકારી હતી. મીરઝાપુરમાં રહેતા કરીમખાન પઠાણ તેના પુત્ર વસીમખાન, અબ્દુલખાન અને મોહસીનખાન પઠાણે સાથે મળીને ધંધાકીય અદાવતમાં મોહમદ બિલાલ બેલીમ પર છરીથી હુમલો કરીને ૪૦થી વધુ ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં સંડોવાયેલા વસીમખાન પઠાણ અને અબ્દુલકરીમ પઠાણ નામના બે ભાઇઓએ ડીસ્ચાર્જ અરજી દાખલ કરી હતી. જેમાં કારણ આપ્યું હતુ કે પોલીસે પુરાવામાં ભાગરૂપે લીધેલા સીસીટીવી ફૂટેજમાં આરોપીઓ દેખાતા નથી. જેથી તેમને આ કેસમાંથી ડીસ્ચાર્જ કરવામાં આવે. પરંતુ, સરકારી વકીલે દલીલ કરી હતી કે માત્ર સીસીટીવી ફૂટેજમાં આરોપી ન દેખાય તો તેમની ભૂમિકા ગુનામા ન હોવાનું માની ન શકાય. તેમજ અન્ય સાક્ષીઓના નિવેદનોમાં ઉલ્લેખ છે કે કરીમખાન અને તેમના પુત્રોએ કાવતરૂ ઘડયુ તે અંગે સાક્ષી છે અને સ્થળ પર આરોપીઓને નજરે જોનારા સાક્ષીઓ છે. તેમના નિવેદન સીસીટીવી ફૂટેજના પુરાવા જેટલા મહત્વના છે. દલીલોના આધારે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે વસીમખાન અને અબ્દુલકરીમની ડીસ્ચાર્જને નકારી હતી. આ કેસમાં આગામી સમયમાં ચાર્જ ફ્રેમ કરવામાં આવનાર છે.

**બે આરોપીઓએ ડીસ્ચાર્જ અરજી દાખલ કરી હતી**

# સાપુતારામાં પ્રવાસીઓ ઉમટ્યા:- ગુલાબી ઠંડીમાં કુદરતી સૌંદર્ય માણવા ભારે ભીડ



સુશીલ પવાર | ડાંગ

ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારામાં શનિવાર અને રવિવારની સાપ્તાહિક રજાઓ દરમિયાન પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.હવામાનમાં પ્રસરેલી ફૂલ ગુલાબી ઠંડી અને ચારે બાજુ પથરાયેલા કુદરતી સૌંદર્યને આસ્વાદ માણવા માટે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ડાંગ જિલ્લાના આ રમણીય સ્થળે પહોંચ્યા હતા.સાપુતારામાં છેલ્લા કેટલાક દિવસોથી સવાર અને સાંજના સમયે ઠંડીનુ પ્રમાણ વધ્યું છે. આ ખુશનુમા વાતાવરણ પ્રવાસીઓને વિશેષ આકર્ષી રહ્યું છે. ડાંગના ગાઢ જંગલો અને ઊંચા પહાડોની વચ્ચે આવેલું સાપુતારા ધુમ્મસની ચાદર ઓઢી લેતું હોય તેવા મનમોહક દ્રશ્યો સર્જાયા હતા. રજાઓના કારણે મોટી સંખ્યામાં પ્રવાસીઓ પોતાના પરિવાર અને મિત્રો સાથે અહીંની શાંતિ અને પ્રકૃતિની ગોદમાં સમય વિતાવવા આવ્યા હતા, જેના કારણે તમામ પ્રવાસન સ્થળોએ ભારે ભીડ જોવા મળી હતી.પ્રકૃતિના સાનિધ્યની સાથે સાથે પ્રવાસીઓએ અહીંની વિવિધ મનોરંજક અને સાહસિક પ્રવૃત્તિઓનો પણ ભરપૂર લાભ લીધો હતો.સાપુતારા લેક ખાતે બોટિંગની મજા માણવા માટે લાંબી કતારો જોવા મળી હતી. ઉંચાઇવાળા પોઇન્ટ્સ પરથી પહાડી વિસ્તારના વિહંગમ દ્રશ્યો જોવા માટે યુવાનો અને સાહસપ્રેમી પ્રવાસીઓમાં પેરાગ્લાયડીંગનું ભારે આકર્ષણ હતું.અન્ય એડવેન્ચર એક્ટિવિટીઝ, જેમ કે ઝિપ લાઇન અને રોપ ક્લાઇમ્બિંગમાં પણ સારો એવો ધસારો જોવા મળ્યો હતો.

# ગુજરાતનું પ્રથમ AI ડેટા સેન્ટર ગિફ્ટ સિટીમાં બનશે

(એજન્સી) અમદાવાદ | તા.16

ગુજરાત અને દેશની ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતાને આગળ ધપાવતાં ગિફ્ટ સિટીમાં રાજ્યનું સૌપ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ડેટા સેન્ટર ઉભું થવા જઈ રહ્યું છે. સુત્રોના જણાવ્યા મુજબ, આ સેન્ટરની ક્ષમતા 40 મેગાવોટ સુધીની રહેશે અને ગિફ્ટ સિટીના માસ્ટર પ્લાન મુજબ તેને વર્ટિકલ ફોર્મેટમાં વિકસાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ, પ્રોજેક્ટના અમલીકરણ અને નિર્માણ માટેની ટેન્ડરની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થવાની છે. પ્રોજેક્ટ તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે અને તેની સમયરેખા માંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયારીઓ સાથે જોડાઈને આગળ વધશે.

## ડેટા સેન્ટરની ડિઝાઈન ખાસ AI માટે ઓપ્ટિમાઈઝ કરાશે

દેશમાં ઝડપી વધતા AI-કમ્પ્યુટની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ સેન્ટર અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. AI આધારિત વર્કલોડ – ટ્રેનીંગથી લઈને ઈન્ફરન્સ સુધી – મોટા પ્રમાણમાં હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગની માંગ કરે છે, જેને ધ્યાનમાં રાખીને ડેટા સેન્ટરની ડિઝાઈન ખાસ AI માટે ઓપ્ટિમાઈઝ કરવામાં આવશે. પરંપરાગત ડેટા સેન્ટરથી અલગ, ગિફ્ટ સિટીમાં બનતું આ સેન્ટર વર્ટિકલ આર્કિટેક્ચર અપનાવશે, જેથી જમીનનો અસરકારક ઉપયોગ થાય, ઓપરેશનલ કાર્યક્ષમતા વધે અને ઊર્જા બચત શક્ય બને. ગિફ્ટ સિટી પહેલેથી જ ટેકફિન કંપનીઓ, બેંકો અને આંતરરાષ્ટ્રીય સ્ટોક અને બુલિયન એક્સચેન્જ માટે એક મુખ્ય હબ તરીકે ઉભરી છે.

## ટેકફિન કંપની, GCCs અને BFSI સેક્ટરના રોકાણમાં વધારાની શક્યતા

વધુમાં જણાવ્યું કે મોટા પાયે નાણાકીય ટ્રાન્ઝેક્શન ડેટાની રિયલ-ટાઈમ પ્રોસેસિંગ, ફ્રોડ ડિટેક્શન અને આંતરરાષ્ટ્રીય નિયમનકારી પાલન પ્રક્રિયાઓમાં AI આધારિત વિશ્લેષણ અત્યંત અસરકારક સાબિત થશે. આ સેન્ટરથી ટેકફિન કંપનીઓ, વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો (GCCs) અને BFSI સેક્ટરના રોકાણમાં પણ વધારો થવાની સંભાવના છે. સેન્ટર માટે લિક્વિડ કૂલિંગ ટેકનોલોજી અને એડવાન્સ પાવર સિસ્ટમ્સ જરૂરી રહેશે અને તેને વૈશ્વિક ધોરણો મુજબ વિકસાવવામાં આવશે. ગિફ્ટ-IFSCમાં પહેલેથી જ ત્રણ આંતરરાષ્ટ્રીય એક્સચેન્જ કાર્યરત છે અને મજબૂત પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ હોવાથી પ્રોજેક્ટને વધારાનો લાભ મળશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ગુજરાતના શ્રદ્ધાળુઓને જોધપુર હાઈવે પર નડ્યો અકસ્માત

## રણુજા દર્શન કરવા જતાં ટેમ્પો-ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ, ટેમ્પોના ફુરચેફુરચા ઊડ્યાં, 3 વર્ષની બાળકી સહિત 6નાં મોત

ગુજરાત | રાજસ્થાનના જોધપુર જિલ્લામાં રવિવારે (16 નવેમ્બર) વહેલી સવારે ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઓછી હોવાથી એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના છ શ્રદ્ધાળુનાં મોત થયા છે, જ્યારે 7 બાળક સહિત 12 જેટલા લોકો ઘાયલ થયા છે. આ શ્રદ્ધાળુઓ ટેમ્પો દ્વારા રણુજાના દર્શન માટે જઈ રહ્યા હતા.

રવિવારે સવારે લગભગ 5:30 વાગ્યે જોધપુર-જૈસલમેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-125) પર બાલેસર નજીક આવેલા ખારી બેરી ગામ પાસે આ દુર્ઘટના બની હતી. બાલેસર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ મૂળસિંહ ભાટીના જણાવ્યા અનુસાર, બાજરીની બોરીઓથી ભરેલી એક ટ્રક અને શ્રદ્ધાળુઓને લઈ જઈ રહેલા કાર્ગો ટેમ્પો વચ્ચે સામસામે ગંભીર ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, ટેમ્પોનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને ટ્રક પલટી ગઈ હતી. ટેમ્પોમાં મહિલાઓ અને બાળકો સહિત લગભગ 20 લોકો સવાર હતા, જેઓ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના રહેવાસી હતા. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ



મોત થયા હતા, જ્યારે ત્રણનાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયા હતા. મૃતકોમાં બાળકોનો પણ સમાવેશ થાય છે. જ્યારે 7 બાળક સહિત 12 શ્રદ્ધાળુ ઘાયલ થયા છે, જેમને પ્રાથમિક સારવાર બાદ જોધપુરની MDM હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

અકસ્માતની જાણ થતાં જ પસાર થતાં વાહનચાલકોએ પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી હતી, જેના પગલે બાલેસર, અગોલાઈ અને હાઈવેથી ત્રણ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યા હતા. પોલીસે મૃતદેહોને બાલેસર સીએચસી શબઘરમાં રાખ્યા છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ધનસુરા તાલુકાના રૂઘનાથપુરામાં શોકની લાગણી છવાઈ ગઈ છે. મૃતકોના પરિવારજનો પર જાણે આભ તૂટી પડ્યું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. અકસ્માત બાદ અરવલ્લી અને સાબરકાંઠાના સ્થાનિક નેતાઓ રાજસ્થાનના તંત્ર સાથે સતત સંપર્કમાં રહી બચાવ અને સારવાર કામગીરી અંગે માહિતી મેળવી રહ્યા છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના અંગે રાજસ્થાનના બાલેસર પોલીસ સ્ટેશન દ્વારા ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામના સરપંચ નરેન્દ્રભાઈ પટેલનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સરપંચે ટેમ્પોચાલક અને અન્ય એક મૃતકના પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. સવારે પુંસરીથી રામદેવરા માટે એક ટીમ મોકલવામાં આવી હતી અને આવતીકાલે સવારે મૃતદેહો ગુજરાત પહોંચે તેવી શક્યતા છે.



# અધિકારીના પત્ની -બે સંતાનોની લાશ મળી

## ACF પતિ શંકાના દાયરામાં, ભાવનગરની ફોરેસ્ટ કોલોની પાસે ત્રણેયના મૃતદેહ દાટી દીધા હતા, 10 દિવસથી ગુમ હતા

ભાવનગર | ભાવનગરમાં ફજ બજાવતા ફોરેસ્ટ અધિકારીના પત્ની અને બે સંતોનીની ફોરેસ્ટ કોલોની નજીક એક ખાડામાં દાટી દીધેલી લાશો મળી આવતા ચકચાર મચી છે. બંને સંતાનો સાથે માતા 10 દિવસ પહેલા સુરત જવા નીકળ્યા બાદ ગુમ થયા હતા. જેની પોલીસને જાણ પણ કરવામાં આવી હતી. ત્રણેયની હત્યા કરી લાશનો દાટી દેવાઈ હોવાની પ્રબળ આશંકા સેવવામાં આવી રહી છે. ભાવનગર પોલીસ કાફલો ઘટનાસ્થળ પર પહોંચ્યો છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ભાવનગર એસપી નિતેશ પાંડેએ કહ્યું કે, ACF(આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ ) પતિ શંકાના દાયરામાં છે.

ભાવનગર શહેરના તળાજા રોડ પર આવેલા કાચના મંદિર પાસે રહેતા ફોરેસ્ટ અધિકારીનો સંયુક્ત પરિવાર સુરત રહે છે, થોડા દિવસ પૂર્વે સુરતથી તેમના 40 વર્ષીય પત્ની નયનાબેન રબારી, 13 વર્ષની પુત્રી પ્રુથા રબારી અને 9 વર્ષીય પુત્ર ભવ્ય રબારી વેકેશન કરવા ભાવનગર આવ્યા હતા. બાદમાં સુરત જવા નીકળ્યા બાદ ગુમ થયા હતા.જેની શોધખોળ કર્યા બાદ પણ કોઈ પત્તો ન લાગતા પોલીસને જાણ પણ કરવામાં આવી હતી.

ભાવનગરમાં ફરજ બજાવતા ફોરેસ્ટ અધિકારીના પત્ની તેમના બે બાળકો સાથે છેલ્લા કેટલાક દિવસથી ગુમ થતા પરિવારજનોમાં ભારે ચિંતા વ્યાપી અને હાલ ભારે શોધખોળ કરી હતી. પોલીસને પણ જાણ કરાતા આ સંદર્ભે જાણવા જોગ નોંધી પોલીસે લાપતા ત્રણેય લોકોની શોધખોળ સાથે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું. બીજી બાજુ પરિવારજનો દ્વારા લાપતા સભ્યોના ફોટા સાથે સોશિયલ મીડિયામાં પોસ્ટ વાયરલ કરી લોકોની મદદ મંગાઈ. જો કોઈને ગુમ થયેલા સભ્યો જોવા મળે તો પરિવારને ટેલિફોનીક જાણ કરવા અપીલ કરાઈ હતી.

મળતી માહિતી મુજબ, શહેરના તળાજા રોડ પર આવેલા કાચના મંદિર પાસે રહેતા ફોરેસ્ટ અધિકારીનો સંયુક્ત પરિવાર સુરતમાં રહે છે. થોડા દિવસ પૂર્વે સુરતથી તેમના 40 વર્ષીય પત્ની, 13 વર્ષની પુત્રી અને 9 વર્ષનો પુત્ર વેકેશન કરવા ભાવનગર આવ્યાં હતાં. બાદમાં સુરત જવા નીકળ્યા હોવાનું જાણવા મળ્યું હતું, પરંતુ ત્રણેય સુરત નહી પહોંચતા પરિવારજનો દ્વારા ઘરમેળે શોધખોળ શરૂ કરાઈ હતી અને બાદમાં ભાવનગરના ભરતનગર પોલીસમાં જાણવા જોગ નોંધાવાઈ હતી.

આથી ગુમ થયાની ફરિયાદના આધારે પોલીસે તપાસ આરંભી હતી. ભરતનગર પોલીસના પીઆઈ કુરેશીના જણાવ્યા અનુસાર આ બનાવમાં મહિલા તેમના બાળકો સાથે મોબાઈલ ઘરે મુકીને જતા રહ્યા છે, જ્યારે સીસીટીવી ચેક કરવા, સબંધીને ત્યાં શોધખોળ સહિતની તપાસ કરી હતી.

### પરિવારજનો અને પોલીસ હોસ્પિટલ પહોંચી

આ અંગે મૃતકના સંબંધી રામભાઈ દેવાયતભાઈ મકવાણા જેની ભાણકી થાય છે તેને જણાવ્યું હતું કે આજરોજ અમને આ વાતની જાણ થતા અમારી સગી ભાણકી એનો ભાણિયો ભાણકી એના આ સમાચાર મળી અમારા સમાજની અંદર કુટુંબની અંદર ખૂબ જ દુ:ખ વ્યક્ત થયું છે અને આ દુ:ખ વ્યક્ત કરવા માટે અમે એસપી સાહેબ પાસે ગયેલા અને રજૂઆત કરેલી અને સાહેબે જે અત્યારે સંશોધન કરીને સારી રીતે કાર્ય કરી અમને જે જગ્યાએ પહોંચાડ્યા છે એનો હું સાહેબનો ખુબ ખુબ આભાર માનું છું બસ એ જ મારું કહેવાનું છે કે બાકી જે કોઈ વ્યક્તિ આમાં સંડોવાયેલ હોય એ વ્યક્તિને અમારી બહેનને ન્યાય મળે એ ટાઈપનું કાયદાકીય કાનૂનથી સહકાર મળે તેવી આશા છે.

## ન્યૂઝ ફ્લેશ

### વડોદરામાં 10 ફૂટ લાંબા મહાકાય મગરનું રેસ્ક્યુ

વડોદરા: વડોદરાના મુજમહુડા વિસ્તારમાં શનિવારે (15મી નવેમ્બર) રાત્રે એક મહાકાય મગર ઝાડીઓમાં ફસાઈ જવાની ઘટના બનતાં ખળભળાટ મચી ગયો હતો. જોકે, જીવદયા પ્રેમીઓ અને સ્થાનિકોની ભારે જહેમત બાદ સફળ રેસ્ક્યુ ઓપરેશન પાર પાડીને મગરને સુરક્ષિત રીતે બહાર કાઢી વન વિભાગને સોંપવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, મુજમહુડાના વિશ્વ જ્યોતિ આશ્રમ નજીક રહેણાંક વિસ્તારમાં એક મહાકાય મગર ઝાડીમાં ફસાઈ ગયો હોવાની જાણ થતાં વડોદરા એનિમલ રેસ્ક્યુ અને વાઈલ્ડલાઈફ રેસ્ક્યુની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. આ દરમિયાન તેણે જોયું કે મગર અંદાજે 10.5 ફૂટ લાંબો અને 105 કિલો વજન ધરાવતો હતો. મગર એવી જગ્યાએ ઝાડીઓમાં ફસાયો હતો જ્યાંથી તેને બહાર કાઢવું અત્યંત મુશ્કેલ હતું અને તે હલચલ પણ કરી શકતો ન હતો.

વડોદરા એનિમલ રેસ્ક્યુ ટીમ અને સ્થાનિક રહીશોની મદદથી ભારે જહેમત ઉઠાવી હતી. રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન મગર તથા કોઈ વ્યક્તિને ઈજા ન થાય તે માટે સંપૂર્ણ સાવચેતી રાખવામાં આવી હતી. અંતે વોલિએન્ટર્સે સ્થાનિકો સાથે મળીને મગરને દોરડા વડે બાંધીને ખેંચીને સલામત રીતે બહાર કાઢ્યો હતો. સફળ રેસ્ક્યુ બાદ મગરને વન વિભાગના હવાલે સોંપવામાં આવ્યો છે, જે તેને તેના કુદરતી રહેઠાણમાં સુરક્ષિત રીતે છોડી મૂકશે.

### માર્કેટ કરતાં સસ્તા ભાવે સોનુ ખરીદવા જતા રૂ. 31.46 લાખ ગુમાવ્યા

શહેરના હરણી વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા શિવમ ટોકરકરે પોતાના જ ટીમ લીડર દ્વારા કરાયેલા વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેમની કંપનીમાં ટીમ લીડર તરીકે ફરજ બજાવતો જીતેન્દ્રસિંઘ માનકસિંઘ રાજપુરોહિત (રહે- આદિત્ય એસ્પાયર, વાસણા-ભાયલી રોડ / મૂળ રહે- મુંબઈ) થોડા સમય પહેલાં નોકરી છોડી ગયો હતો. ફેબ્રુઆરી માસમાં જીતેન્દ્રે ગોલ્ડ ખરીદવાની સ્કીમ આપતાં શિવમ અને તેમના મિત્રોએ મળીને આશરે 20 તોલા સોનું ખરીદ્યું હતું. ત્યારબાદ માર્ચ મહિનામાં સસ્તા ભાવે સોનું અપાવવાનો ભરોસો આપતા શિવમે જુદાં જુદા સમયગાળામાં કુલ રૂ. 11.34 લાખ આપ્યા હતા. જીતેન્દ્રે મોટી ખરીદી કરવા મિત્ર પરીક્ષિત દેસાઈ પાસેથી પણ રૂ. 32.12 લાખ લીધા હતા. 25 દિવસમાં કુલ 52 તોલા સોનું આપવાની વાત કહી હતી. હાલમાં જીતેન્દ્રે માત્ર રૂ. 12 લાખ જ પરત આપ્યા છે, જ્યારે બાકીના રૂ. 31,46,500 હજુ સુધી ન આપતા છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. જીતેન્દ્રે શરૂઆતમાં શિવમ અને તેમના ઓળખીતા લોકોને લાલચ આપી હતી કે, હોમ એપ્લાયન્સ માર્કેટ ભાવ કરતાં ઓછી કિંમતે અપાવી દેશે. એડવાન્સ લઈ 10-15 દિવસમાં વસ્તુઓ આપી દેતો હતો અને ક્યારેક વસ્તુ ન મળે તો રૂપિયા પણ પરત કરતો હતો. આ રીતે તેણે વિશ્વાસ કેળવ્યો હતો.

## દમણથી જૂનાગઢ ટ્રક પહોંચે તે પહેલા જ નવસારીમાંથી LCBએ એકને દબોચ્યો

# રૂ. 200ના કિલોએ વેંચાતા લસણની આડમાં એક કરોડનો દારુ ઝડપાયો

(એજન્સી) નવસારી | તા. 16

નવસારી હાઈવે પરથી LCBએ એક કરોડનો દારુ ઝડપી પાડ્યો હતો. રૂ. 200ના કિલોએ વેંચાતા લસણની આડમાં આ દારૂનો જથ્થો ટ્રકમાં ભરી લઈ જવાતો હતો. જે દારુ સાથે LCBએ એક શખસને ઝડપી લીધો છે. આટલી મોટી માત્રામાં દારુ જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. LCB કચેરી દારૂના બોક્સથી છલકાઈ ગઈ હતી. આ અંગે મળતી માહિતી મુજબ એક ટ્રકમાં લસણની આડમાં દમણથી દારુ ભરી જૂનાગઢ દારુ લઈ જવાતો હતો. જોકે, આ દારૂનો જથ્થો જૂનાગઢ પહોંચે તે પહેલા જ નવસારી નેશનલ હાઈવે પરથી LCBની ટીમે 1,01,88,720 ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારુ સાથે એક શખસને ઝડપી પાડ્યો છે.

LCB, નવસારીના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર વી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ LCB સ્ટાફ પ્રોહીબીશનની ગેરકાયદેસર હેરાફેરી રોકવા માટે ખાનગી બાતમીદારોને સક્રિય કરીને વોચમાં હતો. તા. 15 નવેમ્બરના રોજ, PI વી.જે. જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ને. હા. નં-48 પર, ખારેલ ઓવર બ્રીજના ઉત્તરે તુલસી હોટલ સામે નાકાબંધી ગોઠવવામાં આવી હતી. દમણથી જૂનાગઢ જતી એક ટ્રકને અટકાવી તેની તલાશી લેવામાં આવી હતી. ટ્રકમાં આગળના ભાગે લસણની બોરી મૂકી દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો હતો.

પોલીસે ચોકસાઈપૂર્વક તપાસ કરતા ટ્રકમાંથી વ્હીસ્કી, વોડકા, રમ અને ટીન બિયર સહિત કુલ 27,252 નંગ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો, જેની કિંમત 1,01,88,720 આંકવામાં આવી છે. આ ઉપરાંત 10,00,000 ની કિંમતની ટ્રક અને 10,000 ની કિંમતનો એક મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે.

આ તમામ મુદ્દામાલની કુલ કિંમત 1,11,98,720 થાય છે.



### ભચાઉથી પોણા બે કરોડનો દારૂ ઝડપાયો

આજથી 12 દિવસ પહેલા કચ્છના ભચાઉથી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ 1.85 કરોડથી વધુનો દારુ ઝડપ્યો હતો. પોણા બે કરોડનો દારૂ રાજસ્થાનથી ભચાઉ પહોંચ્ય હતો. જ્યાં પોલીસ ઊંઘતી રહી અને SMCએ હોટેલ પાસે પાર્ક કરેલું કન્ટેનર જપ્ત કર્યું હતું. અહિં ક્લિક કરીને આ સમાચારને વિસ્તારથી વાંચો

પશ્ચિમ કચ્છ LCBએ 16 સેપ્ટેમ્બરે રૂ.1.29 કરોડનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો.મુન્દ્રાના ધ્રબ ગામે યાર્ડમાં દરોડો પાડી 1 કરોડ 29 લાખનું દારૂ ઝડપ્યો હતો. તે સમયે વિદેશી દારૂની 3504 બોટલ અને બિયરના ટીન નંગ 43,200 ભરેલ કન્ટેનર મળી કુલ 1 કરોડ 31 લાખ મુદ્દામાલ કબ્જે કરાયો હતો. આ દારૂની હેરાફેરીના ગુનામાં એક આરોપીને સ્થળ પરથી પકડી પાડવામાં આવ્યો છે. દારૂનો જથ્થો ભરાવનાર અને મંગાવનાર સહિત અન્ય આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. પકડાયેલ અને વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ ગણદેવી પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશનનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ગુનાની વધુ તપાસ LCB PI વી.જે. જાડેજા દ્વારા કરવામાં આવી રહી છે.

DYSP ભગીરથ સિંહ ગોહિલે જણાવ્યું કે, ટ્રકમાં લસણની આડમાં 1 કરોડથી વધુનો દારુ ભરી જૂનાગઢ ખાતે લઈ જવામાં આવી રહ્યો હતો. આ દારુ જુનાગઢના કિશોર રાણા નામના શખસને આપવાનો હતો. આ ટ્રક દેવા રબારી નામના શખસનો હતો જે પોતે જ ટ્રક ચલાવતો હતો.

# RTO ઈન્સ્પેક્ટરને મોઢા પર મુક્કા માર્યા : 'તુમકો ગાડી કે સાથ જલા દેંગે'

(એજન્સી) સુરત | તા. 16

સુરતના પાલ વિસ્તારમાં આરટીઓ ઈન્સ્પેક્ટર પોતાની કાર લઈને જતા હતા, ત્યારે બે શખસોએ તેમની કાર સાથે અકસ્માત થાય તે રીતે કટ મારી હતી. જેથી આરટીઓ ઈન્સ્પેક્ટરે હોર્ન મારતા બંને શખસો અકળાયા હતા અને કાર આગળ બાઈક ઉભી રાખી કાચમાં મુક્કા માર્યા હતા. જેથી આરટીઓ ઈન્સ્પેક્ટર નીચે ઉતરતા બંને શખસોએ તેમના પર હુમલો કરી ઢોર માર માર્યો હતો. એટલું જ નહીં આરટીઓ ઈન્સ્પેક્ટરને માર મારીને તુમ દુબારા યહાં દિખેગેં તો ગાડી કે સાથે જલા દેંગે અને પોલીસ હમારા કયાં ઉખાડ લેંગી એમ કહીને મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી આખરે પોલીસે બંને હુમલાખોરો સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે. સુરત આર.ટી.



ઓના ઈન્સ્પેક્ટર તુષાર બાબુભાઈ બારીયા (ઉ.વ. 34 રહે. ગ્રીનસિટી, ભાઠા ગામ, સુરત) ગુરૂવારે સાંજે છ વાગ્યાના અરસામાં ઘરેથી મહિન્દ્રા એક્સયુવી 700 કારનું. જીજે-5 આરઝેડ-1668 લઈ પાલ ગૌરવ પથ સ્થિત શ્રીસ્ટાર ટી સ્ટોલની બાજુમાં બર્ન હાઉસ કેફેમાં ચા નાસ્તો કરવા જવા નીકળ્યા હતા. રસ્તામાં શ્રીસ્ટાર ટી સ્ટોલ નજીક ઉભેલા બે મોપેડ ચાલકે મોપેડ લઈ નીકળ્યા હતા અને ઈન્સ્પેક્ટરની કારને કટ મારતા અકસ્માત થતાં રહી ગયો.

# 5 સિંહોએ રાજુલાનું મોટા આગરિયા ગામ બાનમાં લીધું, શિકાર કરવા શેરીઓમાં પશુઓ પાછળ દોડધામ મચાવી, વાછરડીનો શિકાર કર્યો

અમરેલી | અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સિંહોની લટાર હવે સામાન્ય બની ગઈ હોય તેમ જોવા મળી રહ્યું છે. અનેક વિસ્તારમાં સિંહો ઘૂસી આવ્યાં હોવાના બનાવો સતત સામે આવી રહ્યા છે. ત્યારે ગતરાત્રે 5 સિંહોએ રાજુલાનું મોટા આગરીયા ગામને જાણે બાનમાં લીધું હોય તેમ જોવા મળ્યું હતું. શિકારની શોધમાં આવેલા સિંહોએ ગામની શેરીઓમાં રખડતા પશુઓ પાછળ દોડધામ મચાવી હતી. આ વચ્ચે તરાપ મારી વાછરડી સહિત બે પશુઓનો શિકાર કર્યો હતો. જે ઘટના CCTVમાં કેદ થઈ છે. બીજી તરફ સિંહોની લટારને પગલે ગામલોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. રાજુલાના મોટા આગરીયા ગામમાં રાત્રે સિંહોનું ટોળું આવી પહોંચ્યું હતું. જેથી રેઢિયાળ પશુઓ અને શ્વાનોમાં અફરાતફરી મચી ગઈ હતી. સિંહો શેરીએ-શેરીએ ફરીને પશુઓ પાછળ દોડ લગાવી રહ્યાનું જોવા મળ્યું હતું. પશુઓ પણ જીવ બચાવવા માટે આમતેમ દોડી રહ્યા હતા.

આ સિંહો રાજુલા-સાવરકુંડલા હાઈવે સુધી પહોંચી ગયા હતા, જ્યાં સિંહોના ટોળાને જોઈ વાહનચાલકો પણ ચોંકી ઉઠ્યા હતા અને પોતાના વાહનો થંભાવી દેવા પડ્યા હતા. સિંહોની લટારને પગલે મોટા આગરીયા ગામ સહિત આસપાસના વિસ્તારોમાં સ્થાનિક લોકોમાં ગભરાટ અને ભયનો માહોલ છવાઈ ગયો છે. પૂર્વ વાઈલ્ડ લાઈફ વોર્ડન વિપુલ લહેરીએ જણાવ્યું હતું કે, આ વિસ્તાર સિંહોનું ઘર છે અને અહીં સૌથી વધુ સિંહો નોંધાઈ છે. મોટો રેલવે ટ્રેક હોવાથી ભૂતકાળમાં અનેક અકસ્માતો બન્યા છે. દોઢ વર્ષથી આર.એફ.ઓ. અને ડીસીએફની જગ્યા ખાલી હોવાથી વન્યપ્રાણીઓ રામભરોસે મુકાયા છે. તેમણે સરકારને તાત્કાલિક આર.એફ.ઓ. અને અન્ય સ્ટાફની ખાલી જગ્યાઓ ભરવા વિનંતી કરી હતી.

મોટા આગરીયા ગામના આગેવાન પ્રકાશભાઈ ખુમાણે માંગ કરી હતી કે, એક સાથે સિંહોના ટોળા ગામમાં પ્રવેશે ત્યારે ખેડૂતો વાડીએ કેવી રીતે અવરજવર કરે? તેમણે વન વિભાગ દ્વારા પેટ્રોલિંગ વધારવા અને જવાબદાર અધિકારીઓની નિમણૂક કરવાની માંગ કરી હતી. સ્ટાફની જગ્યાઓ ખાલી હોવાથી રજૂઆત કોને કરવી તે પણ એક પ્રશ્ન છે. તેમણે સરકારને આ વિસ્તારમાં અધિકારીઓ મૂકીને પેટ્રોલિંગ વધારવા અને વન્યપ્રાણીઓ ગામમાં પ્રવેશે નહીં તેની તકેદારી રાખવા અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, પાલીતાણા શેત્રુંજી ડિવિઝનના મુખ્ય વડા, DCFની જગ્યા ચાર મહિનાથી વધુ સમયથી ખાલી છે અને ભાવનગરના DCF ઈન્ચાર્જ તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. આ ડિવિઝન હેઠળ આવતી રાજુલા રેન્જ, જે ઉદ્યોગો, રેલવે ટ્રેક અને સૌથી વધુ સિંહોની વસ્તી ધરાવતો અતિ સંવેદનશીલ વિસ્તાર છે, ત્યાં પણ દોઢ વર્ષથી RFOની જગ્યા ખાલી છે. આખી રેન્જમાં ફોરેસ્ટર પણ નથી અને ગાર્ડ પાસે ફોરેસ્ટરનો ચાર્જ છે. RFOના ચાર્જ પણ અલગ-અલગ અધિકારીઓ વચ્ચે બદલાયા કરે છે. આ સ્થિતિ સિંહોની સુરક્ષા અને સ્થાનિક લોકોની મુશ્કેલીઓ વધારી રહી હોવાનું માનવામાં આવે છે.

## સુરતથી ધો.9ના બે વિદ્યાર્થી ચિઠ્ઠી લખી હાથમાં બેટ લઇ ઘરેથી નીકળી ગયાં; છેલ્લે લખ્યું- ઇસે મેરા બચપના ના સમજે

# 'બાય મમ્મી-પાપા, મેં અપના સપના પુરા કરને જા રહા હું'

(એજન્સી) સુરત | તા 161

ક્રિકેટર બનવાની ઘેલછામાં ધોરણ 9માં સાથે ભણતા સુરતના મોરા ગામના બે સગીર ઘર છોડી સુરતથી ટ્રેનમાં મુંબઈ-બોરીવલી અને ત્યાંથી રાજસ્થાન જતી ટ્રેનમાં ભીલવાડા પહોંચી ગયા હતા. જતાં પહેલાં સગીરે પરિવારને સંબોધીને હિન્દીમાં એક ચિઠ્ઠી લખી હતી. બન્ને સગીર બીજા દિવસે પણ ન મળી આવતા પરિવાર ચિંતામાં પોલીસ પાસે પહોંચ્યો હતો. ઈચ્છાપોર પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે અને રેલવે સ્ટેશન સહિતના 93 સીસીટીવી ફૂટેજ તપાસી બન્નેને શોધી કાઢ્યાં હતાં. સુરતના હજીરા રોડના મોરા ટેકરા ગામમાં રહેતા અને ઘર નજીક કરિયાણાની દુકાન ધરાવતા રાજસ્થાની વેપારીનો ધો. 9માં અભ્યાસ કરતો 16 વર્ષીય પુત્ર વિકાસ



(નામ બદલ્યું છે) 7 નવેમ્બરે બપોરના 4 વાગ્યાના અરસામાં ઘરેથી વાળ કપાવા જવાનું કહીને ગયો હતો. મોડી સાંજ સુધી પરત નહીં આવતા માતાએ વેપારીને જાણ કરતા તેઓ ઘરે દોડી આવ્યા હતાં. સલૂનમાં જઈ તપાસ કરી તો વિકાસ વાળ કપાવી ઘરે જવા નીકળી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. દોડતા થયેલા માતા-પિતાએ સ્થાનિક વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચેક કરતા મોરા કોમ્યુનિટી હોલના કેમેરામાં દીકરો હાથમાં બેગ અને ક્રિકેટની બેટ લઈને જતા નજરે પડયો હતો. જેથી વેપારીએ તુરંત જ તેના સ્કૂલના મિત્રોનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે, વિકાસ અને તેના ક્લાસમાં અભ્યાસ કરતો 15 વર્ષીય નીરવ (નામ બદલ્યું છે) બંને ક્રિકેટ રમવાના શોખીન છે અને વારંવાર ક્રિકેટર બનવાની વાત કરતા હોય છે. મિત્રો હસ્તક નીરવના ઘરનું સરનામું મેળવી માતા-પિતા તેના ઘરે પહોંચ્યા તો જાણવા મળ્યું કે, 4 વાગ્યાથી નીરવ પણ ગુમ છે. જેથી બંનેના પરિજનો શોધખોળ કરતા ઉધના રેલવે સ્ટેશન, બસ સ્ટેશન સુધી પહોંચ્યા હતાં, પરંતુ પત્તો નહીં મળતા આપમેળે આવી જશે એવું વિચાર્યુ હતું. પરંતુ બીજા દિવસે પણ પરત નહીં આવતા ઈચ્છાપોર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# પારુલ યુનિવર્સિટીના વિદ્યાર્થીનો PGમાંથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો...

(એજન્સી) વડોદરા | તા. 16

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં પી.જીમાં રહી પારુલ યુનિવર્સિટીમાં MBAના બીજા વર્ષમાં અભ્યાસ કરતા જમ્મુ કાશ્મીરના વિદ્યાર્થી ગતિક દાસનો મૃતદેહ રૂમમાંથી મળી આવતા ચકચાર મચી છે. આ બનાવ અંગે પીજી માલિકે પોલીસને જાણ કરતા પોલીસ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે આવી યુવકને જોતા તે મૃત હોવાનું જણાયું હતું. જેથી વિદ્યાર્થીના મૃતદેહને ગોત્રી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. આ વિદ્યાર્થીનું મોત કઈ રીતે થયું તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ફતેગંજ વિસ્તારમાં બ્લૂ લગૂન હોટેલની પાછળ સ્કાય હોમ પી.જીમાં રહેતા મૂળ જમ્મુ કાશ્મીરના ગતિક અજયકુમાર દાસ (ઉંમર વર્ષ 25) ગત તારીખ 14 નવેમ્બરે રાત્રે 1:30 કલાકે સુભાષ કોલોની ફતેગંજ વિસ્તારમાંથી મૂવી જોઈ આવી સૂઈ ગયા બાદ ગત રોજ ન ઉઠતા પી.જી માલિકે 108ને જાણ કરી હતી. જમ્મુ કાશ્મીરના વિદ્યાર્થીને 108ના કર્મીએ



તપાસતા તે મૃત હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે પોલીસને જાણ કરતા ફતેગંજ પોલીસ તાત્કાલિક દોડી આવી મૃતદેહનો કબ્જો લઈ ગોત્રી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડ્યો હતો. આ વિદ્યાર્થી વડોદરા નજીક આવેલી પારુલ યુનિવર્સિટીમાં MBAના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હોવાનું જાણવા મળ્યું છે. આ વિદ્યાર્થીનું શંકાસ્પદ મોત હોવાથી પોલીસે આત્મહત્યા, કુદરતી મોત કે અન્ય કોઈ બાબત છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં વિદ્યાર્થીના મિત્રોમાં દુ:ખની લાગણી ફેલાઈ છે.

અમદાવાદ એક્સપ્રેસ
MONDAY • 17-11-2025

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો.

**મિથુન : ક. છ. ઘ.**

અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે.

**કર્ક : ડ. હ.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે.

**સિંહ : મ. ટ.**

તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો.

**તુલા : ર. ત.**

તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

લાગણીની દૃષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

**મકર : ખ. જ.**

તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો.

**મીન : દ. ચ. ઝ. થ.**

વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો સાંજે કોઈ જૂના મિત્રનો કૉલ આવશે અને જૂની યાદો તાજી થશે. તમારી ગર્લફ્રેન્ડ સાથે બિભત્સ ન થતાં.

---

### કપાસના વાવેતર વચ્ચે ગાંજાનો બીજો બનાવ

# મહુવામાં ગાંજાનું વાવેતર: કપાસની આડમાં ઉગાડેલા ૫૦ છોડ સાથે વૃદ્ધની ધરપકડ

(એજન્સી) ભાવનગર | તા.16



ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના છાપરી ગામમાંથી પોલીસને એક અત્યંત ચોંકાવનારી સફળતા મળી છે. બગદાણા પોલીસે ચોક્કસ બાતમીના આધારે મહુવા તાલુકાના છાપરી ગામે રેઈડ પાડીને એક વૃદ્ધની વાડીમાંથી પ્રતિબંધિત ગાંજાના ૫૦ છોડ જપ્ત કર્યા છે. આ વૃદ્ધે પોતાની વાડીમાં કપાસના વાવેતરની વચ્ચેની અલગ-અલગ ચાસમાં મહુવામાં ગાંજાનું વાવેતર કર્યું હતું. પોલીસે રૂપિયા ૫૧,૭૦૦ ની કિંમતનો ૧.૦૩૪ કિલોગ્રામ વજનનો ગાંજાનો કુલ જથ્થો કબજે કરીને વૃદ્ધ સામે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીસ (NDPS) એક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.તપાસ દરમિયાન વાડીમાં કપાસના વાવેતર વચ્ચે અલગ-અલગ ચાસમાં વાવેલા ગાંજાના કુલ ૫૦ છોડ મળી આવ્યા હતા. જાબુંડા કટિંગ ખાતે આવેલા આશ્રમમાં સાધુ સંતો આવતા હોય છે. તેમની સેવા પૂજા માટે જ પોતાની વાડીમાં આજથી દોઢ માસ પહેલાં ગાંજાના આ ૫૦ છોડ વાવ્યા હતા.વૃદ્ધની આ કબૂલાતને આધારે બગદાણા પોલીસે ૫૦ ગાંજાના છોડ સાથે વૃદ્ધ ઝડપાયા ના મુદ્દામાલ અને વૃદ્ધની અટકાયત કરીને બગદાણા પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ કડક ગુનો દાખલ કરીને આગળની તપાસ શરૂ કરી છે. જિલ્લામાં કપાસના વાવેતર વચ્ચે ગાંજાના વાવેતર મળી આવવાનો આ સપ્તાહમાં બીજો બનાવ સામે આવ્યો છે. થોડા દિવસો પહેલાં જ એટલે કે ગત ૧૨ તારીખના રોજ મહુવાના દયાળ ગામે વિરકુ ચિથરભાઈ બાટીયાએ પોતાના પીવા માટે વાડીમાં કપાસના વાવેતરની આડમાં ગાંજાના કુલ ૨૨ નંગ છોડ ઉગાડ્યા હતા. આ છોડ દાઠા પોલીસે ઝડપી લીધા હતા અને તેમની સામે પણ એનડીપીએસની કલમ હેઠળ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી. સતત બીજા સપ્તાહે કપાસના વાવેતર વચ્ચે ગાંજાનો બીજો બનાવ સામે આવતાં જિલ્લાના પોલીસ અને વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસ હવે એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે શું આ વૃદ્ધ વ્યક્તિ માત્ર સાધુ-સંતોની સેવા માટે જ ગાંજાનું વાવેતર કરતા હતા, કે પછી આ પાછળ અન્ય કોઈ મોટું કાવતરું કે વ્યાપારી હેતુ છુપાયેલો છે. આ ડ્રગ્સની હેરાફેરીના નેટવર્કને તોડવા માટે પોલીસ દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

---

### કાચું સોનું અને ચાંદી લઈને નાણાં પરત ન આપ્યા

## બોટાદમાં સોની વેપારી સાથે છેતરપિંડી ૪ વેપારીઓના રૂ. ૩૬.૩૯ લાખ ચાઉં

(એજન્સી) બોટાદ | તા.16

ગુજરાત રાજ્યના બોટાદ શહેરમાં સોની બજારના વેપારીઓમાં ખળભળાટ મચી ગયો છે. દ વિશ્વાસઘાત કરીને કુલ રૂ. બોટાદના ભાવનગર રોડ પર સીતારામનગર-૧ ખાતે રહેતા અને જ્વેલરીની દુકાન ધરાવતા કિર્તીભાઈ ઘનશ્યામભાઈ રાછડીયાએ બોટાદ ટાઉન પોલીસ મથકમાં વિશાલ ભરતભાઈ રોજાસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. મીડિયા અહેવાલ મુજબ, કિર્તીભાઈ છેલ્લા એક વર્ષથી વિશાલ રોજાસરાને ઓળખતા હતા. વિશાલ સોની બજારમાં આંગડિયા પેઢીનું કામ કરનાર શખ્સ તરીકે જાણીતો હતો અને સોની વેપારીઓ પાસેથી કાચું સોનું લઈ જઈ તેને શુધ્ધ સોનું કરીને આપતો હતો અને તેના બદલે કમિશન મેળવતો હતો.આ વિશ્વાસના આધારે, કિર્તીભાઈએ વિશાલને ૨૩૫ ગ્રામ કાચું સોનું (કિંમત રૂ. ૧૮ લાખ) અને રોકડા રૂ. ૧,૮૯,૬૦૦ મળીને કુલ રૂ. ૧૯,૮૯,૬૦૦ આપ્યા હતા. જોકે, ત્યારબાદ કિર્તીભાઈએ સોનાની લગડી અંગે વિશાલ પાસે ઉઘરાણી કરતાં તેણે વાયદાઓ કરવાનું શરૂ કર્યું અને અંતે કિર્તીભાઈના રૂપિયા અને સોનું પરત ન આપીને રૂ. ૩૬.૩૯ લાખની વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરી હતી. અન્ય ત્રણ વેપારીઓ સાથે પણ આવી જ રીતે ઠગાઈ આચરી હતી.

---

### નડિયાદના દુકાનદાર ઉપર હુમલો

## ૪ શખ્સોએ સાગરિતો સાથે આવીને મારમાર્યો

નડિયાદ : ખેડા જિલ્લાના નડિયાદ શહેરના મિલ રોડ, વણઝારા ગ્રાઉન્ડ વિસ્તારમાં શનિવારે એક ચોંકાવનારી ઘટના બની હતી. અહીં એક દુકાનદારને નજીવી બાબતે હથોડી વડે હુમલો કરીને ચાર શખ્સોએ મારમાર્યો હતો. આ ઘટનાને પગલે વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી અને દુકાનદારને ઈજા પહોંચી હતી. આ મામલે ૪ વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાતા નડિયાદ શહેર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના મિલ રોડ, વણઝારા ગ્રાઉન્ડ, સરદાર ભવન પાછળ રહેતા શ્રવણભાઈ વણઝારા તેમના ઘરમાં જ પાન-બીડી અને પરચૂરણ માલસામાનની દુકાન ધરાવે છે. વિસ્તારનો અલ્પેશ વાલજી લાકડીવાળા (દેવીપૂજક) શ્રવણભાઈની દુકાન પાસેથી ગમે તેમ બોલતો પસાર થઈ રહ્યો હતો.દુકાનદાર શ્રવણભાઈએ જોયું કે પોતાની દીકરીઓ પણ દુકાને બેસતી હોય છે, તેથી તેમણે અલ્પેશને ગમે તેમ બોલવાની સ્પષ્ટ ના પાડી હતી. આટલી નજીવી બાબતે દુકાનદાર ઉપર હુમલો કરવાની પૂર્વ અદાવત રાખીને અલ્પેશ લાકડીવાળાએ બદલો લેવાનું નક્કી કર્યું હતું. બોલાચાલીની આ અદાવત રાખીને અલ્પેશ તેના ત્રણ સાગરિતો–મુકેશ અરજણ લાકડીવાળા, જેસીંગ અરજણ લાકડીવાળા અને અલ્પેશના ફૂવા ઈશ્વરભાઈ–ને લઈને શ્રવણભાઈની દુકાને આવી પહોંચ્યો હતો.

---

### 100 વર્ષના બુઝુર્ગનું અકસ્માતે કુવામાં પડી જતાં ડૂબી જવાથી કરુણ મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના બામણ ગામમાં રહેતા અને સદી વટાવી ચૂકેલા માધાભાઈ નાગજીભાઈ મારકણા નામના 100 વર્ષના ખેડૂત બુઝુર્ગ અકસ્માતે પોતાની વાડીના કુવામાં પટકાઈ પડ્યા હતા અને ડૂબી ગયા હતા. ત્યાં ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. બનાવના સ્થળે અને ત્યારબાદ રાજકોટની હોસ્પિટલમાં પહોંચી ગયા હતા અને મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

---

### મુંદરા પંથકમાં જીવલેણ અકસ્માતો વધ્યા

## લોહાણા મહિલા અગ્રણીનું મૃત્યુ લાલબત્તી સમાન

મુંદરા : કચ્છ જિલ્લાના મુંદરા પંથકમાં છેલ્લા કેટલાક સમયથી માર્ગ અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. મુંદરા તાલુકાના ધોરીમાર્ગો પર દરરોજ હજારોની સંખ્યામાં ભારે વાહનોની અવરજવર રહે છે, જેમાં મોટા કન્ટેનર અને ટ્રેલરોનો સમાવેશ થાય છે. આને કારણે નાના દ્વિચક્રી વાહનો અને કારચાલકોને રસ્તા પર નીકળવું પણ અત્યંત જોખમી બની ગયું છે. સ્થાનિકોની ફરિયાદ છે કે આડેધડ ચાલતી ટ્રકો પર રોક લગાવવા જરૂરી છે, કારણ કે તેમના ચાલકો ટ્રાફિકના નિયમોને નેવે મૂકીને બેફામ રીતે વાહનો હંકારે છે. દિવસ દરમિયાનની સમસ્યાઓ ઉપરાંત, રાત્રીના સમયે જોખમ અનેકગણું વધી જાય છે. ઘણા વાહનો સાઈડ સિગ્નલ વગર જ રોડની વચ્ચે ઊભા રહી જાય છે. ખાસ કરીને જિંદાલ તેમજ અદાણી પોર્ટ પરથી લોખંડની પ્લેટો ભરીને આવતા વાહનોમાં બંને સાઈડમાં મસમોટી પ્લેટો બહાર નીકળતી હોય છે, જેના કારણે અન્ય વાહનો સાથે ગમખ્વાર અકસ્માત સર્જાવાની શક્યતા સતત રહે છે. આવા નિયમોનું ઉલ્લંઘન કરનારા ચાલકો સામે સઘન ચેકિંગ અને દંડનાત્મક કાર્યવાહી તાત્કાલિક થવી જોઈએ. મુંદરા, માંડવી અને ભુજ જવાના મુખ્ય ત્રિભેટ એવા પ્રાગપર ચોકડીના પુલિયા નીચેની ટ્રાફિક સમસ્યા તો સૌથી ગંભીર બની ગઈ છે.

---

### નશાયુક્ત ગોળીઓ આપી ગેરલાભ ઉઠાવ્યો

## સગીરા સાથે દુષ્કર્મ: ખંભાતના વત્રા ગામમાં યુવકે આચર્યો ગંભીર ગુનો

(એજન્સી) આણંદ | તા.16

આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના વત્રા ગામમાં એક અત્યંત શરમજનક અને ગંભીર ગુનો સામે આવ્યો છે. અહીંના એક યુવકે સગીરા સાથે પરિચય કેળવ્યા બાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. આ જઘન્ય કૃત્યમાં યુવકના એક મિત્રએ પણ તેને મદદગારી કરી હતી. સગીરા સાથે દુષ્કર્મ અને મદદગારીના આ મામલે ખંભાત ગ્રામ્ય પોલીસ મથકે બે યુવકો વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે અને પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, ખંભાત તાલુકાના વત્રા ગામે રહેતા રણજીત રાવજીભાઈ ઠાકોરે થોડા સમય પૂર્વે એક સગીરા સાથે પરિચય કેળવ્યો હતો. આ પરિચયનો ગેરલાભ લેવાના ઈરાદે રણજીત ઠાકોરે સગીરાને નશાયુક્ત ગોળીઓ આપી હતી અને તેને કહ્યું હતું કે, આ ગોળીઓ રાત્રિના સુમારે તેના ઘરના સભ્યોને પીવડાવી દે.

ભોળી સગીરાએ આરોપીના કહેવા મુજબ રાત્રિના સુમારે પરિવારના સભ્યોને આ ગોળીઓ પીવડાવી દીધી હતી. ગોળીઓની અસર થતાં પરિવારના સભ્યો ગાઢ નિદ્રામાં સરી પડ્યા હતા. ત્યારબાદ આરોપી રણજીત ઠાકોરે તેના મિત્ર વિજય ચંદુભાઈ ઠાકોરની મદદગારીથી સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ કૃત્ય કર્યા બાદ આરોપીએ સગીરાને આ અંગે કોઈને પણ વાત કરશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જોકે, આ સમગ્ર કાવતરાનો ભાંડો બીજા દિવસે વહેલી સવારે ફૂટ્યો હતો. રાત્રે ગોળીઓ પીને સૂઈ ગયેલા પરિવારના સભ્યો ઉઠ્યા હતા, પરંતુ તે પૈકીના કેટલાકની તબિયત લથડી હતી અને તેમને ઉલટીઓ થવા લાગી હતી. પરિવારના સભ્યોની આ હાલત જોઈને તેમને શંકા ગઈ અને તેમણે સગીરાની પૂછપરછ કરતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો. સગીરાએ ભયના માર્યા કબૂલાત કરી હતી કે તેણે રણજીત ઠાકોરના કહેવાથી પરિવારના સભ્યોને નશાયુક્ત ગોળીઓ આપી ગેરલાભ ઉઠાવ્યો હતો. આ વાત જાણીને પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા.સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હોવાની વાત જાણતા જ પરિવારજનો તાત્કાલિક ખંભાત ગ્રામ્ય પોલીસ મથકે દોડી ગયા હતા. તેમણે રણજીત રાવજીભાઈ ઠાકોર અને તેના મદદગારી કરનાર મિત્ર વિજય ચંદુભાઈ ઠાકોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. યુવક અને મદદગારી કરનાર મિત્ર સામે ફરિયાદ નોંધાતાં પોલીસે પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધીને બંને આરોપીઓને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

---

### અનધિકૃત ઓટો રિક્ષાઓનું પાર્કિંગ | દસ્તાવેજો વિના દોડતી રિક્ષાઓથી અવ્યવસ્થા

# બોટાદ રેલવે સ્ટેશનમાં ટ્રાફિક સમસ્યા: નાગરિકો અને મુસાફરો માટે શિરદર્દ સમાન

(એજન્સી) બોટાદ | તા.16



બોટાદ શહેરનું રેલવે સ્ટેશન માત્ર મુસાફરીનું કેન્દ્ર ન રહેતા હવે ગંભીર ટ્રાફિક અવ્યવસ્થાનું પર્યાય બની ગયું છે. સ્થાનિક નાગરિકો અને બહારગામથી આવતા મુસાફરો બંને માટે શિરદર્દ સમાન બની ગઈ છે. આડેધડ પાકગ, બેફામ દોડતી ઓટો રિક્ષાઓ અને ટ્રાફિકની અવ્યવસ્થાને કારણે આ વિસ્તારમાં છાસવારે અકસ્માતો સર્જાવવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે.બોટાદ રેલવે સ્ટેશનની બહારનો વિસ્તાર હાલમાં ટ્રાફિક જામ અને અંધાધૂંધીનું કેન્દ્ર બની ગયો છે. આ સમસ્યાના મૂળમાં અનેક કારણો રહેલા છે. સ્થાનિકોના મત મુજબ, મોટા ભાગની ઓટો રિક્ષાઓ પૂરતા દસ્તાવેજો વિના જ શહેરમાં બેફામ રીતે દોડી રહી છે.આ અનધિકૃત ઓટો રિક્ષાઓનું પાકગ અવ્યવસ્થાનું મુખ્ય કારણ છે. રિક્ષાચાલકો મનસ્વી રીતે પૂર ઝડપે વાહન ચલાવે છે અને રોડની વચ્ચે ગમે ત્યાં પોતાની રિક્ષાઓ ઊભી રાખી દે છે. આ મનસ્વી વર્તનના કારણે અન્ય વાહનોની ગતિ અવરોધાય છે અને રાહદારીઓ તથા અન્ય વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડે છે. આ બેફામ ગતિ અને આડેધડ પાકગને કારણે વારંવાર નાના-મોટા અકસ્માતના બનાવો પણ સર્જાઈ રહ્યા છે. રેલવે સ્ટેશનની સામેનો વિસ્તાર અને આસપાસના રસ્તાઓ પર આડેધડ પાકગની સમસ્યા દિવસેને દિવસે વધુ વિકટ બની રહી છે, જેના કારણે ટ્રાફિકનું નિયમન કરવું મુશ્કેલ બની ગયું છે.

---

### દેવપરા સાંઢીડા સહિત ૧૦ ગામોમાં તપાસ | ધોલેરા-ધંધુકામાં રૂ. ૬૦ લાખની વીજચોરી

# વીજચોરી: વીજતંત્રની મેગા ડ્રાઈવમાં ૧૦૮ કનેક્શન ઝડપાયા

(એજન્સી) ધંધુકા | તા.16



ધંધુકા અને ધોલેરા તાલુકાના વીજતંત્ર દ્વારા શનિવારે વ્યાપક સ્તરે વીજચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ મેગા ચેકિંગ ડ્રાઈવમાં કુલ ૧૦૮ વીજ કનેક્શનોમાં ગંભીર ગેરરીતિઓ ઝડપાઈ હતી. વીજતંત્રની ટીમોએ આ ગેરરીતિઓ બદલ ગ્રાહકોને કુલ રૂ. ૬૦ લાખની વીજચોરી (ચોક્કસ રકમ રૂ. ૫૯.૯૯ લાખ) નો આકરો દંડ ફટકાર્યો છે, જેનાથી વીજચોરી કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે. વીજચોરીની વધતી ફરિયાદોને પગલે વીજતંત્ર દ્વારા આયોજિત આ વ્યાપક ચેકિંગ કામગીરીમાં ૩૯ જેટલી ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમોમાં ૩૫૦ જેટલા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. આ વીજ ચેકિંગ ડ્રાઈવનું આયોજન એટલા માટે કરવામાં આવ્યું હતું કે ધોલેરા-ધંધુકામાં રૂ. ૬૦ લાખની વીજચોરી ની સમસ્યાના મૂળને પકડી શકાય અને ગેરરીતિ કરનારાઓને કાયદાના દાયરામાં લાવી શકાય. ચેકિંગની કામગીરી ધંધુકા અને ધોલેરા પંથકના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં હાથ ધરવામાં આવી હતી. તપાસમાં લેવાયેલા મુખ્ય વિસ્તારોમાં ધોલેરા તાલુકાના દેવપરા, સાંઢીડા, ઓતારિયા, ગોરાસુ, ભડીયાદ, હેબતપૂર, કાઠીપૂર, મીન્ગલપુર, કમિયાળા અને ધંધુકા તાલુકાના પચ્છમ તેમજ ધંધુકા શહેર વિસ્તારના વીજ કનેક્શનોનો સમાવેશ થતો હતો. વીજતંત્ર દ્વારા ચેકિંગ દરમિયાન કુલ ૧,૩૦૦ જેટલા વીજ જોડાણોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં કુલ ૧૦૮ વીજ જોડાણોમાં ગેરરીતિ અને વીજચોરી થતી હોવાનું બહાર આવ્યું હતું.મહત્વની વાત એ છે કે, વીજચોરીની પદ્ધતિઓ અને ગેરરીતિના પ્રમાણને ધ્યાનમાં રાખીને સંબંધિત ગ્રાહકોને કુલ રૂપિયા ૫૯.૯૯ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. વીજતંત્રની આ ૩૯ ટીમો દ્વારા વ્યાપક વીજ ચેકિંગ ડ્રાઈવ એ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે હવે વીજચોરીને જરાય ચલાવી લેવામાં આવશે નહીં. વીજચોરીને ડામવા અને કાયદાનું પાલન કરાવવા માટે જરૂરી છે.

---

### બાઈક ચોર તસ્કર ઝડપાયો

## દાહોદનો ખેત મજૂર તસ્કર: મહેન્દ્ર નીનામા નામના શખ્સની અટકાયત



જામનગર : જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં થતી મોટરસાયકલ ચોરીના ગુનાઓ ઉકેલવામાં પંચકોસી એ. ડિવિઝન પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે ચોક્કસ બાતમીના આધારે, બાઈક ચોર તસ્કર ઝડપાયો છે અને તેની પાસેથી બે ચોરાઉ મોટરસાયકલ પણ કબજે કર્યા છે. આ તસ્કરે ચોરી કરેલા બાઈકને બાવળની ઝાડીમાં સંતાડ્યા હતા.તાજેતરમાં જામનગરના ગ્રામ્ય વિસ્તારમાંથી એક મોટરસાયકલ ચોરી થઈ ગયું હતું, જે અંગે પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાવાઈ હતી. ફરિયાદના આધારે પોલીસ ટુકડી બાઈક ચોરને શોધી રહી હતી. પોલીસને બાતમી મળી હતી કે, એક શખ્સ પસાયા ગામની સીમમાં બાવળની ઝાડીમાં સંતાઈને શંકાસ્પદ હિલચાલ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પંચકોશી એ. ડિવિઝન પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન, મૂળ દાહોદના વતની અને હાલ પસાયા ગામની સીમમાં ચોરાઉ બાઈક સંતાડનાર મહેન્દ્ર કનુભાઈ નીનામા નામના ભીલ જ્ઞાતિના શખ્સને પોલીસે અટકાયતમાં લઈ લીધો હતો. આ શખ્સ પસાયા ગામની સીમમાં એક પટેલ ખેડૂતની વાડીમાં ખેત મજૂરીનું કામ કરતો હતો, જેની આડમાં તે ચોરીના ગુના આચરતો હતો. પોલીસે મહેન્દ્ર નીનામાની તલાશી લેતાં તેની પાસેથી બે ચોરાઉ મોટરસાયકલ કબજે કર્યા હતા. આ બંને બાઈક તેણે બાવળની ઝાડીમાં છુપાવેલા હતા.

---

### બનાસકાંઠાના ખેડૂત સાથે ચીટિંગ: આરટીઓ સર્કલ પાસે છરી બતાવી લૂંટ

# ૮.૫૦ લાખની લૂંટ કરનાર આરોપીના જામીન નામંજૂર: ભુજ કોર્ટે અરજી ફગાવી

(એજન્સી) ભુજ | તા.16

ગુજરાત રાજ્યના ભુજમાં બનાસકાંઠાના ખેડૂત સાથે ચીટિંગ કરીને ૮.૫૦ લાખ રૂપિયાની લૂંટ ચલાવનારા બે ચીટરોમાંથી એક આરોપીની જામીન અરજી ભુજની ચીફ કોર્ટે ના મંજૂર કરી દીધી છે. લૂંટના બનાવના થોડા સમયમાં જ પોલીસે આરોપી હનીફ ઓસમાણ સમેજાને ઝડપી પાડ્યો હતો અને રિમાન્ડ પૂરા થતાં તેણે જામીન પર મુક્ત થવા અરજી કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી છે. આમ, ૮.૫૦ લાખની લૂંટ કરનાર આરોપીના જામીન નામંજૂર થતાં તેને જેલમાં જ રહેવું પડશે.પાંથાવાડા, બનાસકાંઠાના ખેડૂત મહેન્દ્રસિંહ પૃથ્વીરાજસિંહ ચૌહાણના મામાના દીકરા ડુંગરસિંહના મિત્ર રાહુલને ભુજના એક શખ્સ મહેશ પટેલની લિંક મળી હતી. આ લિંક દ્વારા તેમને બજાર ભાવ કરતાં સસ્તામાં સોનું આપવાની લાલચ આપવામાં આવી હતી. ૧૦૦ ગ્રામ સોનાનું બિસ્કિટ બજાર ભાવ કરતાં ઓછી કિંમતે આપવાની વાત થતાં ખેડૂત મહેન્દ્રસિંહ અને ડુંગરસિંહે ભાગીદારીમાં સોનું લેવાનું નક્કી કર્યું હતું.ડુંગરસિંહ અને તેમનો મિત્ર રાહુલ રૂપિયા ૮.૫૦ લાખ રોકડા લઈને ભુજ સોનું લેવા માટે આવ્યા હતા. લૂંટારૂ મહેશ પટેલ ઉર્ફે અબ્દુલ નોતિયાર અને સંતોષ ઉર્ફે હનીફ સમેજાએ સોનું લેવા આવેલા બંને યુવકોને ભુજ આર.ટી.ઓ. સર્કલ પાસે બોલાવ્યા હતા. ત્યારબાદ તેમને પોતાની કારમાં બેસાડીને નકલી સોનાનું ૧૦૦ ગ્રામનું બિસ્કિટ આપી દીધું હતું. ત્યારબાદ આ ચીટરોએ તેમને છરી બતાવીને ૮.૫૦ લાખ રોકડાની લૂંટ ચલાવી હતી અને કારમાં ફરાર થઈ ગયા હતા.આ બનાવ અંગે ભુજ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવાતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ગુરુવારે હનીફ ઓસમાણ સમેજાને ઝડપી પાડ્યો હતો અને તેના કબજામાંથી લૂંટની રકમમાંથી રૂપિયા ૩.૫૦ લાખ રિકવર કર્યા હતા. પોલીસે હનીફના કોર્ટમાંથી બે દિવસના રિમાન્ડ પણ મેળવ્યા હતા.જોકે, આ કેસમાં બીજો મુખ્ય આરોપી મહેશ પટેલ ઉર્ફે અબ્દુલ નોતિયાર હજુ પણ પોલીસ પકડથી દૂર છે અને તેની ધરપકડ કરવા માટે તપાસ ચાલુ છે. આરોપી હનીફ સમેજાના રિમાન્ડ શનિવારે પૂરા થતાં પોલીસે તેને ફરી કોર્ટમાં રજૂ કર્યો હતો. હનીફે જામીન પર મુક્ત થવા માટે અરજી કરી હતી, પરંતુ ભુજના અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કે.એ. ડાભીની કોર્ટે આરોપી હનીફની જામીન અરજી ના મંજૂર કરી દીધી હતી.

---

### કચેરી બહારનું દબાણ દૂર કરાયું

## નડિયાદ મનપાની જર્જરિત દુકાનો તોડી પડાઈ

નડિયાદ : નડિયાદ મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદેસર અને જર્જરિત બનેલા બાંધકામો વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મનપાની દબાણ ટીમે મનપા સંકુલના મુખ્ય ગેટની પાસે આવેલી ચાર જર્જરિત દુકાનો પર બુલડોઝર ફેરવી દીધું હતું. લાંબા સમયથી ચાલી રહેલા કબજાની સમસ્યા બાદ આખરે નડિયાદ મનપાની જર્જરિત દુકાનો તોડી પડાઈ છે, જેના કારણે મનપાની કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર પાસેનો રસ્તો ખુલ્લો થયો છે. મળતી વિગતો મુજબ, આ દુકાનો વર્ષ ૨૦૦૨ માં તત્કાલિન પ્રમુખ કુમાર મેઘરાજના કાર્યકાળ દરમિયાન બનાવવામાં આવી હતી. આ દુકાનો શ્રેયળ ગરનાળા પાસે તે સમયે દબાણમાં આવતી કેટલીક દુકાનો તોડી પડાઈ તે વખતે ભાડાપટ્ટે આપવામાં આવી હતી. જોકે, લાંબા સમયથી આ દુકાનોના ભાડાપટ્ટાની અવધિ પૂર્ણ થઈ ચૂકી હતી, તેમ છતાં ભાડૂઆતોએ કબજો જમાવ્યો હતો. મૂળ ભાડૂઆતો ઉપરાંત પેટા ભાડૂઆતો દ્વારા પણ આ દુકાનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો, જેના કારણે મનપાની કચેરીની બહારના ભાગે દબાણ અને અવ્યવસ્થાની સ્થિતિ રહેતી હતી. વર્ષો વીતતા આ દુકાનો અત્યંત જૂની અને જર્જરિત બની ગઈ હતી, જે મનપાની કચેરીની બહાર જ પ્રવેશદ્વાર પાસે આવેલી હોવાથી જોખમી પણ હતી.

# News Brief

## ટાટા મોટર્સે ટાટા સીએરાના ઉત્પાદન માટે તૈયાર સંસ્કરણનું અનાવરણ કર્યું



મુંબઈ : ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સે ટાટા સીએરાના ઉત્પાદન માટે તૈયાર સંસ્કરણનું અનાવરણ કર્યું છે, જે ભારતની સૌથી વધુ ઓળખાતી SUV માંની એકનું પુનરાગમન દર્શાવે છે. આ અનાવરણ કંપનીના સીએરા બ્રાન્ડ ડે ઈવેન્ટમાં થયું હતું, જ્યાં ઓટોમેકરે 1991 ના ઉત્પત્તિથી લઈને તેની નવી પેઢીના પુનરાવર્તન સુધીના મોડેલના ઉત્ક્રાંતિનું પ્રદર્શન કર્યું હતું. સમકાલીન ખરીદદારો માટે ફરીથી કલ્પના કરાયેલ, નવી સીએરા મૂળ ડિઝાઇનના મુખ્ય ઘટકોને જાળવી રાખે છે જ્યારે પોતાને એક આધુનિક SUV તરીકે સ્થાન આપે છે જે વ્યક્તિત્વ અને લાંબા અંતરના સંશોધન પર કેન્દ્રિત છે. સાંસ્કૃતિક અને બ્રાન્ડ-આગેવાની વાર્તા કહેવાના ઉચ્ચ-પ્રોફાઈલ પ્રદર્શન તરીકે ડિઝાઇન કરાયેલ આ ઈવેન્ટ, મોડેલના વારસા અને ભારતીય ગ્રાહકો સાથે લાંબા સમયથી ચાલતા ભાવનાત્મક જોડાણને પ્રકાશિત કરે છે. કંપનીએ પુષ્ટિ આપી છે કે આ SUV ઔપચારિક રીતે 25 નવેમ્બર, 2025 ના રોજ લોન્ચ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં બોલતા, ટાટા મોટર્સના વાઈસ પ્રેસિડેન્ટ અને ગ્લોબલ ડિઝાઇનના વડા અને ટાટા મોટર્સ ડિઝાઇન ટેક સેન્ટર (TMDTC) ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર માર્ટિન ઉહલારિકે જણાવ્યું હતું કે, 'ટાટા સીએરા ફક્ત એક નામ કે વાહન કરતાં ઘણું વધારે છે; તે ભારતીય ચાતુર્ય અને આકાંક્ષાનું જીવંત પ્રતીક છે. ઘણા લોકો માટે, સીએરા એક શાશ્વત ઝંખના જગાડે છે - ક્ષિતિજ પર ઝલકતું સિલુએટ, એક એવી લાગણી જે મુસાફરી પૂરી થયા પછી પણ લાંબા સમય સુધી ટકી રહે છે.' 'આજે, તે સ્મૃતિ ભવિષ્ય માટે એક બોલ્ડ વિઝનમાં પરિવર્તિત થાય છે. તેના કાલાતીત સિલુએટ અને અદમ્ય ભાવના સાથે, નવી સીએરા તેના મૂળને શ્રદ્ધાંજલિ આપે છે જ્યારે આગળ શું છે તે નિર્ભયપણે સ્વીકારે છે. દંતકથાની પુનઃકલ્પના કરવી એ ફક્ત નોસ્ટાલ્જીયાનું કાર્ય નથી, તે હિંમતવાન ડિઝાઇન, નવીનતા અને પેઢીઓ સુધી પડઘો પાડતી કંઈક બનાવવાની ઈચ્છાનો પુરાવો છે. સીએરા એ વાતનો જીવંત પુરાવો છે કે ડિઝાઇન વારસાનું સન્માન કરી શકે છે જ્યારે આવતીકાલને આકાર આપવાની હિંમત કરી શકે છે, ' ઉહલારિકે ઉમેર્યું.

## અસામાન્ય ચોમાસાથી ફૂડ ઈન્ફ્લેશનમાં રાહત: સારા વરસાદથી શાકભાજીના ભાવ ગગડ્યા



નવી દિલ્હી : સામાન્ય કરતાં વધુ ચોમાસાના વરસાદ અને વાવણીની સુધરેલી પરિસ્થિતિઓને કારણે દેશના નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા છમાસિક (H2FY26) માં ખાદ્ય ફુગાવા (Food Inflation) માં નોંધપાત્ર રાહત રહેવાની પ્રબળ સંભાવના છે. તાજેતરમાં જાહેર થયેલા આંકડાઓ મુજબ, ભારતનો જથ્થાબંધ ફુગાવો (WPI) બે વર્ષના સૌથી નીચલા સ્તરે સરકી ગયો છે, જે મોટાભાગે પ્રાથમિક ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં થયેલા તીવ્ર ઘટાડાને આભારી છે. જોકે, આ ખુશી લાંબી ટકશે નહીં, કારણ કે નાણાકીય વર્ષ ૨૦૨૭ (FY27) માં નીચી 'આધાર અસર' (Base Effect) ના કારણે ફુગાવો ફરી એકવાર ઊંચે જવાની સંભાવના છે, તેમ એક અગ્રણી ખાનગી બેંકના અહેવાલમાં જણાવાયું છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન અસામાન્ય ચોમાસાથી ફૂડ ઈન્ફ્લેશનમાં રાહત જોવા મળી રહી છે. ઊંચો વરસાદ અને સુધરેલી વાવણીની સ્થિતિ આગામી છ મહિના માટે બજારને પ્રોત્સાહક સંકેતો આપી રહી છે. શાકભાજીના ભાવ સતત પુરવઠા અને અનુકૂળ હવામાનને કારણે નોંધપાત્ર રીતે ઘટ્યા છે. ટામેટાં અને ડુંગળી જેવી ઉચ્ચ-આવર્તન ધરાવતી ચીજવસ્તુઓના ભાવમાં સુધારો થવાથી આ વર્ષે જથ્થાબંધ ખાદ્ય ફુગાવામાં મોટો ઘટાડો થયો છે.

### ઊંચા વ્યાજ દર અને બિનકાર્યક્ષમતાનો મુદ્દો: ચૂકવણી ન થવાનું મુખ્ય કારણ

# માઈક્રોફાઈનાન્સ ખાતાઓમાં ૪૫૦ લાખનો ઘટાડો: ક્ષેત્ર માટે મોટી ચિંતાનો વિષય

### લોન ખાતાઓની સંખ્યા અને બાકી રકમમાં મોટો ઘટાડો: માર્ચ ૨૦૨૪ થી સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન

(એજન્સી) અમદાવાદ| તા 16



ભારતમાં નાણાકીય સમાવેશ અને આર્થિક વિકાસનો એક મહત્વપૂર્ણ સ્તંભ ગણાતા માઈક્રોફાઈનાન્સ ક્ષેત્ર માટે એક અત્યંત ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. ગયા નાણાકીય વર્ષ દરમિયાન માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓમાં લોન ખાતાઓની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાયો છે. સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં કુલ માઈક્રોફાઈનાન્સ ખાતાઓમાં ૪૫૦ લાખનો ઘટાડો નોંધાતા, આ ક્ષેત્રમાં તણાવ અને આત્મનિરીક્ષણની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ છે.

ભંડોળ અને બાકી રકમમાં મોટો ઘટાડો

માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ માટે આ ઘટાડો માત્ર ખાતાઓની સંખ્યા પૂરતો સીમિત નથી. નાણાકીય સેવાઓ વિભાગના સૂત્રોએ જણાવ્યું કે, બાકી લોન રકમમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. માર્ચ ૨૦૨૪ માં લોન ખાતાઓમાં કુલ બાકી રકમ રૂ. ૪.૪ લાખ કરોડ હતી, જે સપ્ટેમ્બર ૨૦૨૫ માં ઘટીને રૂ. ૩.૪ લાખ કરોડ થઈ ગઈ છે. એટલે કે, માત્ર ૧૮ મહિનામાં જ બાકી રકમમાં ૧ લાખ કરોડ રૂપિયાનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. આ ઉપરાંત, આ ક્ષેત્રે ભંડોળમાં પણ આઘાતજનક ઘટાડો નોંધાયો છે. માર્ચ ૨૦૨૫ ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષમાં માઈક્રોફાઈનાન્સ ભંડોળ અડધાથી વધુ એટલે કે ૫૫.૪૦ ટકા ઘટીને રૂ. ૫૮,૧૦૯ કરોડ થયું હતું. કેરએજ ના અહેવાલ મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં વૃદ્ધિ માત્ર ૪ ટકા રહેવાની ધારણા છે, જે એકંદરે ધીમી ગતિનો સંકેત આપે છે. આ લોન ખાતાઓની સંખ્યા અને બાકી રકમમાં મોટો ઘટાડો આર્થિક સમાવેશના ધ્યેય માટે જોખમી બની શકે છે.આ ઘટાડા પાછળના કારણો પર ધ્યાન કેન્દ્રિત કરતાં નાણાકીય સેવાઓ વિભાગના સૂત્રોએ જણાવ્યું કે, જરૂરિયાતમંદ લોકો ઊંચા વ્યાજ દરે ઉધાર તો લઈ લે છે, પરંતુ તેઓ સમયસર ચૂકવણી કરી શકતા નથી. ઊંચા વ્યાજ દર અને બિનકાર્યક્ષમતાનો મુદ્દો આ સમસ્યાના મૂળમાં છે. માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ દ્વારા વસૂલવામાં આવતા ઊંચા વ્યાજ દર ખરેખર સંસ્થાઓના સંગઠનમાં રહેલી બિનકાર્યક્ષમતાને આભારી છે.સરકાર દ્વારા નાણાકીય સમાવેશ અને મહિલા સશક્તિકરણ માટે માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓને ટેકો આપવાનું ચાલુ રાખવામાં આવશે, પરંતુ સંસ્થાઓએ સ્વયં આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. વ્યાજ દરને વાજબી સ્તરે રાખવો એ નાણાકીય સમાવેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.દેશના આર્થિક અને સમાવેશી વિકાસના મહત્વપૂર્ણ સ્તંભ બની ગયેલા આ ક્ષેત્રને સુધારવા માટે ગહન ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. મોટી સંખ્યામાં સરકારી યોજનાઓ હોવા છતાં, હજુ પણ ઘણા યુવાનોને ભંડોળ પૂરું પાડવાની જરૂર છે. જોકે, માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓમાં હજુ પણ જુસ્સો અને પ્રતિબદ્ધતાનો અભાવ જોવા મળે છે.આ સંસ્થાઓએ પોતાની કાર્યશૈલી સુધારીને યુવા પેઢીને આકર્ષવાની જરૂર છે, જેથી દેશના વિકાસમાં આ ક્ષેત્ર તેની સંપૂર્ણ ક્ષમતા સાથે યોગદાન આપી શકે. માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ સામાન્ય રીતે બેંકો, નોન-બેંકિંગ નાણાકીય સંસ્થાઓ (NBFC), સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI) અને નેશનલ એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ બેંક (NABARD) પાસેથી ભંડોળ મેળવે છે.

## ભારતનું પ્રથમ ૧ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ: વિદેશી ભાગીદારો તરફથી પ્રશંસા

કંડલા : ગુજરાત સ્થિત દીનદયાળ પોર્ટ ઓથોરિટી (DPA) કંડલા, સ્વચ્છ ઉર્જા અને ટકાઉ લોજિસ્ટિક્સના કેન્દ્ર તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરી રહ્યું છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય ભાગીદારોનું રસ વધી રહ્યો છે. તાજેતરમાં બ્રિટિશ અને ન્યૂઝીલેન્ડના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળોની મુલાકાતે ડીપીએ કંડલા ડીકાર્બોનાઈઝેશન પ્રોજેક્ટ્સ માટે તૈયાર છે તેના પર મહોર મારી છે.પોર્ટ ઓથોરિટીના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ૧૩ નવેમ્બરના રોજ GH2 ઈન્ડિયાના સમર્થન સાથે બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશનર સ્ટીફન થોમસ હિકલિંગના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળે ભારતનું પ્રથમ ૧ મેગાવોટ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ ની પ્રગતિની સમીક્ષા કરી હતી. આ ટીમે કંડલાની સ્વચ્છ-ઊર્જાના માળખામાં ઝડપી પ્રગતિ, તેની ગ્રીન પોર્ટ પહેલ અને ભારતના ગ્રીન હાઈડ્રોજન વેલ્યુ ચેઈનમાં ઉભરતી ભૂમિકાની પ્રશંસા કરી હતી. અધિકારીઓએ નોંધ્યું હતું કે કંડલા સતત ભારતના રાષ્ટ્રીય અને વૈશ્વિક ગ્રીન ફ્યુઅલ લક્ષ્યાંકો માટે એક મુખ્ય સક્ષમકર્તા તરીકે વિકસિત થઈ રહ્યું છે. ચાલી રહેલા પ્રોજેક્ટ્સ પોર્ટને ડીકાર્બોનાઈઝેશન-કેન્દ્રિત રોકાણો માટે વ્યૂહાત્મક નોડ તરીકે સ્થાન આપી રહ્યા છે. ભારતનું લક્ષ્ય ૨૦૭૦ સુધીમાં નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાનું છે, જેમાં દરિયાઈ ક્ષેત્રનું ડીકાર્બોનાઈઝેશન એક મુખ્ય વ્યૂહાત્મક પહેલ છે.

## અનિલ અંબાણીની વધશે મુશ્કેલી! EDએ ફરી મોકલ્યું સમન્સ

મુંબઈ : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ અનિલ અંબાણીની વર્ચ્યુઅલ હાજરી માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો છે. ત્યારબાદ અનિલ અંબાણી શુક્રવાર, 14 નવેમ્બરના રોજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સમક્ષ હાજર થયા ન હતા. અનિલ અંબાણીને એક નવું સમન્સ પાઠવવામાં આવ્યું છે. અનિલ અંબાણીએ 17 નવેમ્બરના રોજ ED સમક્ષ હાજર થવું પડશે. ED અનિલ અંબાણી સામે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) હેઠળ કાર્યવાહી કરી રહ્યું હોવાનું કહેવાય છે. તેમને 14 નવેમ્બરના રોજ દિલ્હી સ્થિત ED મુખ્યાલયમાં હાજર થવા માટે સમન્સ મોકલવામાં આવ્યું હતું.PTI સૂત્રોએ ખુલાસો કર્યો છે કે આ તપાસ જયપુર રિંગાસ હાઈવે પ્રોજેક્ટ સાથે સંબંધિત છે. EDને શંકા છે કે હવાલા વ્યવહારો દ્વારા આશરે 100 કરોડ (આશરે 100 કરોડ) વિદેશમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. એજન્સીએ આ સંદર્ભમાં ઘણા હવાલા ડીલરો અને સંબંધિત વ્યક્તિઓની પૂછપરછ કરી છે. આ કારણોસર અનિલ અંબાણીને સમન્સ મોકલવામાં આવ્યા છે. અંબાણીના પ્રવક્તા પણ કહી રહ્યા છે કે તેઓ તપાસમાં સંપૂર્ણ સહયોગ કરશે.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ અંબાણી અને તેમની કંપનીઓની આશરે 7,500 કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. ED એ જણાવ્યું હતું કે જયપુર-રિંગસ હાઈવે પ્રોજેક્ટમાં આશરે 40 કરોડની ગેરરીતિઓ મળી આવી હતી, અને FEMA હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

### કંપની ગ્રાહકોનો સીધો સંપર્ક કરશે અને મફતમાં રિપ્લેસમેન્ટ કરશે

## મારુતિ સુઝુકીએ ૩૯,૫૦૬ ગ્રાન્ડ વિટારા કાર પાછી મગાવી: ફ્યુઅલ ગેજ સિસ્ટમમાં ખામી

નવી દિલ્હી/મુંબઈ : ભારતના ઝડપથી વિકસતા SUV બજારમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. દેશની સૌથી મોટી કાર નિર્માતા કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ (MSIL) એ તેની લોકપ્રિય SUV ગ્રાન્ડ વિટારા ના ૩૯,૦૦૦થી વધુ યુનિટ્સને પાછા મગાવ્યા (Recall) છે. આ રિકોલનો અર્થ છે કે આ વાહનોમાં કેટલીક ટેક્નિકલ ખામીઓ મળી આવી છે, જેને કંપની મફતમાં ઠીક કરીને ગ્રાહકોને પરત કરશે.મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ (MSIL) એ રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, ૯ ડિસેમ્બર ૨૦૨૪ થી ૨૯ એપ્રિલ ૨૦૨૫ વચ્ચે બનેલી ગ્રાન્ડ વિટારા SUV ના કુલ ૩૯,૫૦૬ યુનિટ્સ માં ખામી હોવાનું જણાયું છે.ખામીની અસર: સ્પીડોમીટર એસેમ્બલીમાં રહેલ ફ્યુઅલ લેવલ ઈન્ડિકેટર અને વોર્નિંગ લાઈટ ક્યારેક-ક્યારેક ફ્યુઅલની વાસ્તવિક સ્થિતિ યોગ્ય રીતે પ્રદર્શિત નથી કરી રહી.

જોખમ: આનાથી ડ્રાઈવરને ટાંકીમાં બાકી રહેલા ફ્યુઅલ વિશે સાચી જાણકારી મળી શકશે નહીં, જે અસુવિધાજનક સાબિત થઈ શકે છે.મારુતિ સુઝુકીએ આને એક 'પ્રિકોશનરી સ્ટેપ' ગણાવ્યું છે અને ગ્રાહકોને ખાતરી આપી છે કે સમારકામની કામગીરી સંપૂર્ણપણે ગ્રાહકો માટે નિ:શુલ્ક રહેશે. કંપની અથવા તેના અધિકૃત ડીલરો આ રિકોલથી પ્રભાવિત વાહનોના માલિકોનો સીધો સંપર્ક કરશે. સમારકામ: ગ્રાહકોને નજીકના મારુતિ સુઝુકી વર્કશોપ પર બોલાવવામાં આવશે. ત્યાં એક્સપર્ટ ટેકનિશિયન ખામીયુક્ત કમ્પોનેન્ટની તપાસ કરશે અને જો જરૂરી જણાશે તો તેને બદલવામાં આવશે.આ રિકોલ ભારતમાં ઓટો કંપનીઓ વચ્ચે વધતા ક્વોલિટી-ચેક કલ્ચર નો એક ભાગ છે, જ્યાં કાર નિર્માતાઓ સુરક્ષા અને ગુણવત્તાના મુદ્દાઓને ગંભીરતાથી લઈને સંભવિત સમસ્યાઓને શરૂઆતના તબક્કામાં જ સુધારે છે.

## નિકાસકારોને લોનના રિપેમેન્ટસમાં મોરેટોરિઅમ: RBI દ્વારા ૪ મહિનાની રાહત

મુંબઈ : વિશ્વ બજારમાં ભારતની નિકાસ સામે વધેલી સ્પર્ધાના દબાણ હેઠળ આવી ગયેલા દેશના નિકાસકારોને મોટી રાહત પૂરી પાડવા રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયા (RBI) દ્વારા આજે લોનના રિપેમેન્ટસ પર મોરેટોરિઅમ સહિતના કેટલાક મહત્વપૂર્ણ પગલાં જાહેર કરવામાં આવ્યા છે. અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર ૫૦ ટકા જેટલો ઊંચો ટેરિફ લાગુ કરવામાં આવ્યો છે, જ્યારે અન્ય દેશોના માલ પર પ્રમાણમાં ઓછા ટેરિફ છે. આનાથી ભારતીય નિકાસકારો માટે પડકારો વધ્યા છે, ખાસ કરીને લેધર, જેમ્સ એન્ડ જ્વેલરી, કેમિકલ્સ તથા એપરલ ક્ષેત્રના નિકાસકારોને વધુ અસર થઈ છે. નિકાસમાં નબળાઈને કારણે કેશ ફ્લો (રોકડ પ્રવાહ) માં થયેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને નિકાસકારોને તાત્કાલિક ટેકો પૂરો પાડવા માટે આરબીઆઈએ આ નિર્ણય લીધો છે. મોરેટોરિઅમની જાહેરાત: રિઝર્વ બેન્કે નિકાસકારો દ્વારા લેવાયેલી લોનના રિપેમેન્ટ પર ૪ મહિનાનું મોરેટોરિઅમ અપાયું છે.

### ૨૦30 સુધીમાં હાંસલ કરવા માટે કંપનીઓને પ્રોત્સાહન

## ભારત-EAEU FTA વાટાઘાટોની સમીક્ષા વાણિજ્ય સચિવે મોસ્કોમાં પ્રગતિની સમીક્ષા કરી

મોસ્કો : ભારતના વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ દ્વારા મોસ્કોમાં ભારત-યુરેશિયન ઈકોનોમિક યુનિયન (EAEU) મુક્ત વેપાર કરાર (FTA) ની વાટાઘાટોની પ્રગતિની શ્રેણીબદ્ધ બેઠકોમાં સમીક્ષા કરવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને નેતાઓના ૨૦30 સુધીમાં $૧૦૦ બિલિયન દ્વિપક્ષીય વેપારનું લક્ષ્ય હાંસલ કરવા અને ઔદ્યોગિક તથા તકનીકી સહયોગ દ્વારા ભારતની નિકાસને વિસ્તારવાનો છે.વાણિજ્ય સચિવે યુરેશિયન ઈકોનોમિક કમિશનના વેપાર પ્રભારી મંત્રી એન્ડ્રે સ્લેપ્નેવ, રશિયન ફેડરેશનના ઉદ્યોગ અને વેપારના નાયબ મંત્રી મિખાઈલ યુરિન સાથે બેઠકો કરી અને ભારત તથા રશિયન ઉદ્યોગના સભ્યો સાથે બિઝનેસ નેટવર્કિંગ પ્લેનરીને સંબોધિત કર્યું.EAEU સાથે FTA ની સમીક્ષા: મંત્રી સ્લેપ્નેવ સાથેની બેઠકમાં ભારત-EAEU FTA વાટાઘાટોની સમીક્ષા કરવામાં આવી. ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ હસ્તાક્ષર કરાયેલ ટર્મ્સ ઑફ રેફરન્સ ૧૮-મહિનાની કાર્ય યોજના ની રૂપરેખા આપે છે, જેનો હેતુ MSMEs, ખેડૂતો અને માછીમારો સહિત ભારતીય વ્યવસાયો માટે બજારોનું વૈવિધ્યકરણ કરવાનો છે. પ્રક્રિયા આગળ વધતા સેવાઓ અને રોકાણ ટ્રેક પર પણ વિચારણા કરવામાં આવશે.

નાયબ મંત્રી યુરિન સાથેની ચર્ચામાં વેપારનું વૈવિધ્યકરણ, સપ્લાય ચેઈન સ્થિતિસ્થાપકતા અને જટિલ ખનીજોમાં સહયોગ વધારવાના માર્ગો શોધવામાં આવ્યા. ફાર્માસ્યુટિકલ્સ, ટેલિકોમ સાધનો, મશીનરી, ચામડું, ઓટોમોબાઈલ્સ અને રસાયણો જેવા મુખ્ય ક્ષેત્રોમાં સમયબદ્ધ માર્ગ પર ચર્ચા થઈ. બંને પક્ષોએ પ્રમાણપત્રની જરૂરિયાતો, કૃષિ અને દરિયાઈ વ્યવસાયોની સૂચિ, એકાધિકાર પ્રથાઓની રોકથામ અને અન્ય બિન-ટેરિફ મુદ્દાઓ ને ઉકેલવા માટે ત્રિમાસિક નિયમનકાર-થી-નિયમનકાર જોડાણ પર સહમતિ દર્શાવી.

## બેંકોમાં ધિરાણ વૃદ્ધિ થાપણ વૃદ્ધિ કરતાં ઊંચી: આરબીઆઈના ડેટામાં ખુલાસો

મુંબઈ : રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયા (RBI) દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા મુજબ, બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણ વૃદ્ધિનો દર થાપણ વૃદ્ધિના દર કરતાં ઊંચો રહ્યો છે. ૩૧મી ઓક્ટોબરના રોજ સમાપ્ત થયેલા પખવાડિયામાં બેંકોમાં ધિરાણ વૃદ્ધિ થાપણ વૃદ્ધિ કરતાં ઊંચી જોવા મળી છે, જે આર્થિક ગતિવિધિઓમાં વધારો સૂચવે છે.આરબીઆઈના ડેટા અનુસાર, ૩૧મી ઓક્ટોબરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ ૧૧.૩૦ ટકા નોંધાઈ છે, જોકે આ અગાઉના ૧૭મી ઓક્ટોબરના પખવાડિયાના ૧૧.૫૦ ટકાના આંકડા કરતાં સહેજ ઓછી છે.તેની સરખામણીમાં, થાપણ વૃદ્ધિનો આંક નીચો રહ્યો છે અને તે ૯.૭૦ ટકા જોવા મળી છે. જોકે આ આંકડો ૧૭મી ઓક્ટોબરના ૯.૫૦ ટકાની થાપણ વૃદ્ધિ કરતાં થોડો ઊંચો છે. રિઝર્વ બેન્કના ડેટા પ્રમાણે, ૩૧મી ઓક્ટોબરના રોજ ધિરાણનો એકંદર આંક રૂપિયા ૧૯૩.૯૦ ટ્રિલિયન રહ્યો હતો, જ્યારે થાપણનો કુલ આંક રૂપિયા ૨૪૧.૭૦ ટ્રિલિયન જોવા મળ્યો હતો.

### ૨૦૨૫ માં સૌથી ખરાબ EM પર્ફોર્મર: સતત નબળાઈ પછી મજબૂતીના સંકેતો

## ભારતીય રૂપિયો તળિયે પહોંચ્યો: જેફરીઝના રિપોર્ટ મુજબ સ્થિર થવાની સંભાવના

નવી દિલ્હી : વૈશ્વિક નાણાકીય સેવાઓ ફર્મ જેફરીઝ (Jefferies) ના તાજેતરના અહેવાલ મુજબ, ભારતીય ચલણ, ભારતીય રૂપિયો તળિયે પહોંચ્યો હોવાની પ્રબળ સંભાવના છે. જેફરીઝે તેના 'GREED & fear' રિપોર્ટમાં પ્રકાશિત કર્યું છે કે સતત મહિનાઓ સુધી અવમૂલ્યન થયા બાદ હવે રૂપિયામાં સ્થિરતા આવી શકે છે. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૨૫ માં અત્યાર સુધી ભારતીય રૂપિયો મુખ્ય ઉભરતી બજાર (Emerging Market - EM) કરન્સીઓમાં સૌથી ખરાબ પર્ફોર્મર રહ્યો છે. આ વર્ષે રૂપિયામાં ૩.૪ ટકાનો ઘટાડો થયો હતો અને તે $૮૮.૭ પ્રતિ ડૉલર ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. જેફરીઝે રૂપિયાની આ સંભવિત સ્થિરતા ને ભારતના મજબૂત મેક્રો ઈકોનોમિક્સ પરિબળોને આભારી ગણાવી છે: ૨૦ વર્ષનું નીચું CAD: ભારતનું ચાલુ ખાતાનું નુકસાન (Current Account Deficit - CAD) GDP ના ૦.૫ ટકાના ૨૦ વર્ષના નીચા સ્તરે છે. વિશાળ ફોરેક્સ રિઝર્વ: ભારત પાસે USD ૬૯૦ બિલિયનનું વિદેશી હૂંડિયામણ ભંડોળ છે, જે ૧૧ મહિનાના આયાત કવર માટે પૂરતું છે. જેફરીઝના ભારતીય વ્યૂહરચનાકાર 'GREED & fear' રિપોર્ટમાં માને છે કે ૮૯નું સ્તર રૂપિયા માટે તળિયું (bottom) સાબિત થશે, જે સંકેત આપે છે કે રૂપિયા સામેના ઘટાડાનું જોખમ હવે ઓછું થયું છે. અહેવાલમાં ભારતીય ઈક્વિટી બજાર અંગે પણ વાત કરવામાં આવી છે. આ વર્ષે અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારો દ્વારા USD ૧૬.૨ બિલિયનનું વિક્રમી વેચાણ થયું છે, જેના કારણે ભારતનું બજાર MSCI ઈમર્જિંગ માર્કેટ્સ ઈન્ડેક્સની સરખામણીમાં ૨૭ ટકા પોઈન્ટ પાછળ રહ્યું છે. જોકે, રિપોર્ટ ભારપૂર્વક જણાવે છે કે સ્થાનિક રોકાણકારોએ આ વિદેશી વેચવાળીને સહેલાઈથી શોષી લીધી છે. ઓક્ટોબર મહિનામાં જ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રૂ. ૩૨૧ બિલિયન (USD ૩.૬ બિલિયન) નો ચોખ્ખો પ્રવાહ નોંધાયો છે. ૨૦૨૫ ના પ્રથમ દસ મહિનામાં આ પ્રવાહ રૂ. ૩.૭ ટ્રિલિયન (USD ૪૨ બિલિયન) સુધી પહોંચ્યો છે. આ ઉપરાંત, સ્થિર ધિરાણ ગતિ અને વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) ના આંકડા પણ પ્રોત્સાહક છે: બેંક ધિરાણ વૃદ્ધિ મે મહિનામાં ૯% થી વધીને ઓક્ટોબરના મધ્ય સુધીમાં ૧૧.૫% વાર્ષિક ધોરણે થઈ છે. ગ્રોસ FDI પ્રવાહ ૨૦૨૪-૨૫ માં ૧૩% વધીને USD ૮૧ બિલિયન થયો હતો, અને એપ્રિલ-ઓગસ્ટ ૨૦૨૫ના સમયગાળામાં ૧૮% વધ્યો છે. રિપોર્ટનો એક મુખ્ય વિષય વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ચક્રમાં ભારતની સ્થિતિ હતી. જેફરીઝે ભારતને 'રિવર્સ AI ટ્રેડ' તરીકે વર્ણવ્યું છે.

### રોકાણ | ભારત વૈશ્વિક સ્તરે સૌથી મજબૂત EPS વૃદ્ધિ કરશે

## ઉભરતા બજારો વૈશ્વિક ઈક્વિટી કરતાં સારું પ્રદર્શન કરશે: ગોલ્ડમેન સૅક્સનો અહેવાલ

નવી દિલ્હી : વૈશ્વિક રોકાણ બેંક ગોલ્ડમેન સૅક્સ ના તાજેતરના અહેવાલ 'Building Long-Term Returns: Our 10-Year Forecasts' મુજબ, ભારત જેવા ઉભરતા બજારો (EM) આગામી દાયકામાં વૈશ્વિક ઈક્વિટી કરતાં સારું પ્રદર્શન કરશે અને કમાણીની વૃદ્ધિ માટે વૈશ્વિક સ્તરે અલગ તરી આવશે.ગોલ્ડમેન સૅક્સની આગાહી છે કે આગામી દાયકામાં ઉભરતા બજારો USD દ્રષ્ટિએ ૧૦.૯% વાર્ષિક વળતરની અપેક્ષા રાખે છે. આ આંકડો યુએસ (૬.૫%), યુરોપ (૭.૧%), જાપાન (૮.૨%), અને એશિયા એક્સ-જાપાન (૧૦.૩%) જેવા વિકસિત બજારો કરતાં નોંધપાત્ર રીતે ઊંચો છે. રિપોર્ટ અનુસાર, ઉભરતા બજારોમાં આ વૃદ્ધિ મુખ્યત્વે ચીન અને ભારતમાં મજબૂત શેર દીઠ કમાણી (EPS) વૃદ્ધિ દ્વારા સંચાલિત થશે. બંને દેશો માટે, નીતિ વિષયક સુધારાઓ દ્વારા



શેરધારકોના વળતરમાં સુધારો થવાની અપેક્ષા છે.ભારત સૌથી આગળ: રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે ભારત મજબૂત આર્થિક પાયા અને વસ્તી વિષયક લાભોને કારણે ૧૩% CAGR (કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ) સાથે સૌથી વધુ વૃદ્ધિ નોંધાવે તેવી શક્યતા છે.વૈશ્વિક વલણ: સમગ્ર વિશ્વમાં, ગોલ્ડમેન સૅક્સને અપેક્ષા છે કે વૈશ્વિક ઈક્વિટી વાર્ષિક ૭.૭% (USD માં) નું નક્કર લાંબા ગાળાનું વળતર આપશે, જે ઐતિહાસિક સરેરાશની નજીક છે.ગોલ્ડમેન સૅક્સ ભારપૂર્વક જણાવે છે કે, જોકે હાલમાં મૂલ્યાંકન (Valuation) ઊંચું છે, તે વૈશ્વિક ઈક્વિટી બજારના લાંબા ગાળાના આઉટલુક પર હાવી થતું નથી. કમાણીની વૃદ્ધિ વળતરનું પ્રાથમિક એન્જિન રહેશે.ડાઈવર્સિફિકેશન: રિપોર્ટ ભારપૂર્વક સૂચવે છે કે યુએસ ઈક્વિટીના ઊંચા મૂલ્યાંકનને કારણે રોકાણકારોએ પોર્ટફોલિયોમાં ડાઈવર્સિફિકેશન લાવવું જોઈએ, જેમાં ઉભરતા બજારો તરફ ઝુકાવ રાખવો ફાયદાકારક છે.EM માટે અનુકૂળ પરિબળો: ઉભરતા બજારોમાં ઊંચો નોમિનલ ગ્રોથ અને માર્કેટ સ્ટ્રક્ચર્સમાં સુધારો તેમને વિકસિત બજારો (DM) કરતાં વધુ અનુકૂળ બનાવે છે.એસ એન્ડ પી ૫૦૦ (S&P 500) ઈન્ડેક્સ માટે, ગોલ્ડમેન સૅક્સ આગામી ૧૦ વર્ષ દરમિયાન સરેરાશ વાર્ષિક કુલ ૬.૫% વળતરની આગાહી કરે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, કારતક વદ-13**

# ખોટી પૂર્વધારણા

કોઈ કેસમાં સર્વસંમતિ સાધવી એ કોઈ અસામાન્ય વાત નથી, પરંતુ અકોલા કોમી રમખાણોનો કેસ જે રીતે આગળ વધી રહ્યો છે તે અસામાન્ય છે. આ પહેલી વાર બનશે જ્યારે દેશની સર્વોચ્ચ અદાલતની બેન્ચે તપાસ ટીમમાં ધર્મના આધારે અધિકારીઓની નિમણૂક કરવાનો આદેશ આપ્યો હોય, અને હવે તેના ન્યાયાધીશો તેની સમીક્ષા કરવાના પ્રશ્ન પર વિભાજિત છે. પોલીસની બેદરકારી. 2023ના અકોલા રમખાણો સંબંધિત કેસમાં, પોલીસે FIR નોંધવામાં નિષ્ફળ રહી, જેના કારણે કોર્ટમાં અપીલ થઈ. 11 સપ્ટેમ્બરના રોજ, સુપ્રીમ કોર્ટની બે જજોની બેન્ચે શોધી કાઢ્યું કે પોલીસે ખરેખર બેદરકારી દાખવી છે અને હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયોના પોલીસ અધિકારીઓનો સમાવેશ કરતી SIT ની રચના કરવાનો આદેશ આપ્યો. બંટી રાય. મહારાષ્ટ્ર સરકારે આ આદેશને પડકાર્યો હતો, દલીલ કરી હતી કે પોલીસ દળ એક ધર્મનિરપેક્ષ સંસ્થા છે અને ધાર્મિક આધારે નિમણૂકો એક ખતરનાક મિસાલ સ્થાપિત કરશે. નોંધપાત્ર વાત એ છે કે, આ આદેશ જારી કરનારા બે ન્યાયાધીશો પણ સમીક્ષા અરજી પર અસંમત છે. એક ન્યાયાધીશે સમીક્ષા અરજી સ્વીકારી, જ્યારે બીજાએ તેને ફગાવી દીધી. તૈનાતી માટેનો આધાર. સમીક્ષા અરજી અંગે બંને ન્યાયાધીશોની પોતાની દલીલો છે, પરંતુ મુખ્ય પ્રશ્ન મૂળ નિર્ણયનો છે. SIT ની રચનાનો આદેશ આપતી વખતે, સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે જ્યારે પોલીસ અધિકારીઓ યુનિફોર્મ પહેરે છે, ત્યારે તેમણે તેમના વ્યક્તિગત અને ધાર્મિક વલણો અને પૂર્વગ્રહોને પાછળ છોડી દેવા જોઈએ. આ 100% સાચું છે. જોકે, ધર્મના આધારે તૈનાતીનો આદેશ આપીને, કોર્ટે એક રીતે આ ભાવનાનું ઉલ્લંઘન કર્યું છે. જ્યારે ધર્મ તૈનાતીનો આધાર છે, ત્યારે એવી અપેક્ષા રાખી શકાય નહીં કે તેની અસર કામગીરીમાં દેખાશે નહીં. ઈરાદો ખોટો નથી. જોકે, એ સમજવું પણ મહત્વપૂર્ણ છે કે આ કેસમાં સુપ્રીમ કોર્ટનો ઈરાદો ખોટો કહી શકાય નહીં. કોર્ટે રમખાણોને સંભાળવામાં પોલીસની ભૂમિકાને અપૂરતી ગણાવી હોવાથી, આ નિર્ણય તપાસમાં સંપૂર્ણ નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવાના ઈરાદાથી આપવામાં આવ્યો હોય તેવું લાગે છે. પરંતુ કારણ ગમે તે હોય, ધર્મના આધારે તપાસ ટીમોની પસંદગી ખોટી મિસાલ સ્થાપિત કરશે. આશા છે કે, સુપ્રીમ કોર્ટ આ મામલાને તેના યોગ્ય નિષ્કર્ષ પર લાવશે.

## સેવાળા ગામે સેવાળીયા મહેતા પરીવાર ના કૂળદેવી મહાગૌરી માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવના પૂર્વાયોજન માટે બેઠક મળી



નીતિન ઠાકર | ચાણસ્મા તાલુકાના સેવાળા ગામે સેવાળીયા મહેતા પરીવારના કુળદેવી મહાગૌરી માતાજીના મંદિરનો જીર્ણોદ્ધાર કામ હાથ ધરાયું હતું જે પૂર્ણ થતાં મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવના આયોજન માટે રવિવારે સેવાળી આ મહેતા પરિવાર દ્વારા બેઠકનું આયોજન કરાયું હતું બેઠક દરમિયાન શાસ્ત્રી અમરીષભાઈ મહેતા દ્વારા સૂચવ્યા મુંજબ ફાગણ સુદ ૧-૨-૩ તા-૧૮-૧૯-૨૦ દરમિયાન ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવાનું નક્કી કરાતાં હવનના યજમાન ભોજન દાતા ઓનું ઉશામણી દ્વારા બેઠકમાં નક્કી કરાયું હતું જ્યારે રસિકલાલ આર.મહેતા અંબરીષ કુમાર મહેતા..દ્વારા બેઠક નું સંચાલન કરાયું હતું જ્યારે અમદાવાદ પાટણ સેવાળા ગામના મહેતા પરીવારો ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડૂતોમાં કૃષિને લગતુ અદ્યતન જ્ઞાન ફેલાવવા

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ITC કંપની સાથે કરાર

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સૌરાષ્ટ્ર વિસ્તારના કૃષિ વિકાસને લગતી સંશોધન, શિક્ષણ તેમજ વિસ્તરણ શિક્ષણ લક્ષી અનેક કામગીરી કરે છે. ખેડૂતોમાં કૃષિને લગતુ અદ્યતન જ્ઞાન ફેલાવવા આ વિસ્તરણ પ્રવૃતિને વેગ આપવા માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા ITC કંપની સાથે એક મહત્વપૂર્ણ કરાર કરવામાં (એમ.ઓ.યુ.) આવેલ છે.

આ કરાર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનાં કુલપતિશ્રી, ડૉ.વી.પી.ચોવટીયા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ.એન.બી. જાદવ તથા શ્રી હિમતસિંહ શેખાવત, પ્રોસેસ મેનેજર (ITC) અને શ્રી ભાનુપ્રતાપસિંહ, ઓપરેશન મેનેજર (ITC) ની ઉપસ્થીતીમાં કરવામાં આવ્યા હતા.

આ કરારનો મુખ્ય ઉદેશ સૌરાષ્ટ્ર વિસ્તારના મુખ્ય પાકોના પાક સંરક્ષણ માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ના વૈજ્ઞાનિકો તેમજ કંપનીના તજજ્ઞોના સહકાર વડે સૌરાષ્ટ્ર વિસ્તારમના પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ તેમજ સંકલિત જીવાત નિયંત્રણ, સંકલિત પોષણ વ્યવસ્થા અંગે ખેડૂતોમાં જાગૃતતા લાવવા તેમજ આ અંગેની તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેથી સૌરાષ્ટ્રમાં વધુમાં વધુ ખેડૂતો વૈજ્ઞાનીક પદ્ધતિઓ દ્વારા તેમના પાકોમાથી યોગ્ય ઉત્પાદન તેમજ વળતર મેળવી શકે એ માટેનો છે.

### કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં પ્રજાના પ્રશ્નોના ઝડપી નિરાકરણ પર ભાર

# બનાસકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ

મહેશ સોલંકી | પાલનપુર તા.16

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ કલેક્ટર કચેરી, મિટિંગ હોલ, પાલનપુર ખાતે જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીઓએ વિવિધ વિભાગોને પૂછેલા પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ દ્વારા આપેલ જવાબો પરત્વે ચર્ચા કરવામાં આવી હતી.



આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા મળેલ વિવિધ રજૂઆત બાબતે સંબધિત અધિકારીશ્રીઓ પાસેથી રિવ્યૂ લઈ કામની પ્રગતિનો અહેવાલ ચકાસ્યો હતો તેમજ જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં વિવિધ પ્રશ્નો બાબતે આવેલ રજૂઆતો સંદર્ભે તમામ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે જિલ્લા/ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંબધિત વિભાગ અને અધિકારીઓ સાથે સંકલન કરી ઝડપી કામ પૂર્ણ કરવા કલેકટરશ્રી મિહિર પટેલે જણાવ્યું હતું.

બેઠકના અધ્યક્ષ કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, જિલ્લાના નાગરિકોને સરકારશ્રીની યોજનાઓનો લાભ પહોંચે તથા તમામ કાર્યો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જરૂરી છે. પ્રજાના પ્રશ્નોને તાકીદે ઉકેલવા તથા વિવિધ વિકાસ કામો સત્વરે પૂર્ણ કરવાની જિલ્લાના અમલીકરણ અધિકારીઓને સૂચન કરાયા હતા. બેઠકમાં ધાનેરા ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ. જે.દવે, અધિક જિલ્લા કલેક્ટરશ્રી સી.પી.પટેલ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વિશ્વ સંભારણા દિવસ નિમિત્તે

# લુણાવાડા ખાતે શ્રદ્ધાંજલિ અને માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.16

નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે આંતરરાષ્ટ્રીય સ્તરે મનાવાતા વિશ્વ સંભારણા દિવસ નિમિત્તે મહીસાગર જિલ્લા ટ્રાફિક પોલીસ અને મહીસાગર એઆરટીઓ દ્વારા સંયુક્ત રીતે લુણાવાડા એસ.ટી. બસ સ્ટેશન ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય માર્ગ અકસ્માતોમાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપવા અને માર્ગ સલામતી પ્રત્યે જનજાગૃતિ ફેલાવવાનો હતો. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક શ્રી કમલેશ વસાવા નાઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે ઉપસ્થિત સૌને માર્ગ સલામતીના નિયમો અને અકસ્માતો અટકાવવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ખાસ કરીને ''હિટ એન્ડ રન સ્કીમ-૨૦૨૨'' અને માર્ગ અકસ્માતમાં મદદરૂપ થનાર સેવાભાવી વ્યક્તિને



કાયદાકીય રક્ષણ આપતી જોગવાઈઓની સમજણ આપી જાગૃતિ ફેલાવી હતી. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ એસ.પી. શ્રી કમલેશ વસાવા, લુણાવાડા ટાઉન પી.આઈ. શ્રી જે.એસ. વળવી, આર.ટી.ઓ. અધિકારી શ્રી એમ.એમ. પટેલ, જિલ્લા ટ્રાફિક પી. એસ.આઈ.શ્રી શક્તિસિંહ ઝાલા, પોલીસ જવાનો, આર.ટી.ઓ. કર્મચારીઓ અને ૧૦૮ના કર્મીઓ સહિત નાગરિકોએ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા દિવંગતોને યાદ કરીને ૨ મિનિટનું મૌન પાળી, કેન્ડલ પ્રગટાવીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## આંકોલવાડી કન્યાશાળામાં S.M.C બેઠક, વાલીસંમેલન તથા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16

તાલાળા તા.૧૫/૧૧. શ્રી આંકોલવાડી કન્યા પ્રા.શાળામાં એસ.એમ.સી બેઠક સાથે વાલી સંમેલન તથા વિદ્યાર્થી સન્માન સમારોહનું આજરોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ સત્રની પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે ઉતીર્ણ થયેલ બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતાં, સાથે પ્રથમ સત્રમાં જે બાળકોની સૌથી વધુ હાજરી છે, તેવા બાળકોને પણ સન્માનિત કરવામાં આવ્યા, આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીશ્રીઓ, એસ.એમ.સીના સભ્યશ્રીઓ, તથા સી.આર.સીશ્રી હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં આંકોલવાડી કન્યા શાળા પરીવારે જહેમત ઉઠાવી હતી તેમ શ્રી નિશાંત મહેતા એ જણાવ્યું છે.

### જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને

# જૂનાગઢ જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.16

જૂનાગઢ જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિ બેઠક કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ ઠુમર, ધારાસભ્યશ્રી ભગવાનજીભાઈ કરગઠિયા, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ લાડાણી ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ રજૂ કરેલા ગ્રામ્ય વિસ્તારના લોકોના વિવિધ પ્રશ્નો અને તેના નિરાકરણ માટે ચર્ચા કરવામાં આવી હતી. કલેકટરશ્રીએ સંબંધિત અમલીકરણ અધિકારીઓને નાગરિક સેવાઓ અને લોક સેવાઓના કાર્યો સરકારશ્રીની જોગવાઈઓ નિયમો પ્રમાણે સમય મર્યાદામાં થાય તે માટે સુચના આપવામાં આવી હતી. આ બેઠકમાં જૂનાગઢ મહાનગર પાલિકાના કમીશનરશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રીઓ અને જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં તાજેતરમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતી ના ઉજવણી અને મુકિત દિન પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ યુનિટી માર્ચમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર વિવિધ વિભાગના અધિકારીઓને કલેકટરશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## મુંબઈ ખાતે 800થી વધુ લોહાણા પરિવારજનો દ્વારા જલારામ કીટનું વિતરણ હાથ ધરાયું

મહેશ એલ.સોની, નખત્રાણા | મુંબઈ ખાતે શ્રી કચ્છી લોહાણા મુંબઈ મહાજન વડગાદીના સહયોગથી સમગ્ર લોહાણા મહાજન પરિવારજનોને શ્રી જલારામ બાપાની કીટનું વિતરણ હાથ ધરાયું છે. જેમાં રાસનની ૧૬ જેટલી સામગ્રી મુંબઈના અલગ અલગ વિસ્તારોના સમાજના ૮૦૦ થી વધારે પરિવારોને વિતરણ કરી તેમને મદદરૂપ થવાનો પ્રેરણાદાયક પ્રયાસ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે. મુલુન્ડના રઘુવીર ઓફિસ ખાતે સંસ્થાના પ્રમુખશ્રી નીતિનભાઈ પાંધી, ટ્રસ્ટી નિલેશભાઈ ચંદન, હરેશભાઈ મજેઠીયા, હિમાંશુભાઈ ચંદન, રમાભાઈ ઠક્કર સાથે અખિલ કચ્છ લોહાણા મહાજનના ટ્રસ્ટી અશ્વિનભાઈ રૂપારેલ તેમજ પ્રકાશભાઈ જોશી સહીત સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ સમાજના આગેવાનોનો આ સેવાકીય ભગીરથ કાર્યમાં સહયોગ સાંપડી રહ્યો છે. આ અંગેની પ્રતિક્રિયા આપતા અખિલ કચ્છ લોહાણા મહાજનના ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ રૂપારેલે જણાવ્યું હતું કે આવા સદ્કાર્યો અન્ય સમાજ માટે પણ પ્રેરણા રૂપ સાબિત થશે.



### માત્ર 0.29 ટકા ફોર્મ બાકી, 22-23 નવેમ્બરે ખાસ કેમ્પનું આયોજન

# જૂનાગઢ જિલ્લામાં ગણતરી ફોર્મ વિતરણની કામગીરી 99.71% પૂર્ણ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16

ખાસ સઘન સુધારણા ૨૦૨૫ કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં ૧૩,૦૦,૩૪૪ ગણતરી ફોર્મમાંથી ૧૨,૯૬,૬૧૦ ગણતરી ફોર્મ એટલે કે ૯૯.૭૧ ટકા ફોર્મ વિતરણની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આ વિતરણ કરેલા ફોર્મ મતદારો પાસેથી મેળવી આ ફોર્મને બુથ લેવલ ઓફિસર દ્વારા બી.એલ.ઓ એપ મારફત મેળવેલા ફોર્મનું ડિજિટલાઈઝેશનની કામગીરી ચાલી રહી છે. જેમાં ૪૩,૮૩૯ ગણતરી ફોર્મ એટલે કે કુલ ફોર્મ ના ૩.૩૭ ટકા ગણતરી ફોર્મ ડિજિટલાઇઝ થઈ ગયા છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, જૂનાગઢની કચેરી દ્વારા મતદારોને સહકારની અપીલ કરવામાં આવે છે કે લોકો તેઓને મળેલ ગણતરી ફોર્મને વહેલી તકે



ભરી બુથ લેવલ ઓફિસરને સોપવામાં આવે. જેથી ફોર્મ ડિજિટલાઈઝ કામગીરી સમય મર્યાદામાં કરી શકાય. મતદારો ફોર્મ ભરવા બાબતે કોઈપણ જાતની મુશ્કેલી હોય તો આગામી તા.૨૨/૧૧/૨૦૨૫ તથા ૨૩/૧૧/૨૦૨૫ના રોજ યોજાનાર ખાસ કેમ્પનો લાભ લઈ શકે છે. આ ખાસ કેમ્પમાં મતદારોને મતદાન મથક પર બુથ લેવલ ઓફિસર આપને ફોર્મ ભરવા બાબતે જરૂરી મદદ કરશે.આ સિવાય સરકારશ્રીની વેબસાઈટ voter.eci.gujarat.gov.in પરથી જરૂરી વિગતો મેળવી શકાશે. આ સાથે જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે કાર્યરત ૧૯૫૦ હેલ્પ લાઇન નંબર ઉપરથી સમય સવાર ના ૮-૦૦ થી સાંજના ૮-૦૦ સુધી જરૂરી માર્ગદર્શન મેળવી શકશે.

### ગિરનાર રોપવે દ્વારા વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમનો ભંગ

# વનવિભાગના અધિકારીઓ દ્વારા દાખવેલ બેદરકારી મુદ્દે જાહેરહિતની અરજી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.16

જૂનાગઢ ખાતે આવેલ ગીરનાર રોપવે નું સંચાલન ઉષા બ્રેકો કંપની દ્વારા કરવામાં આવે છે અને આ ઉષા બ્રેકો લિમિટેડ દ્વારા કેન્દ્રીય વન મંત્રાલય, ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન દ્વારા અમુક કડક શરતો ના આધારે અને ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય ની શરતો ના પાલન ની ખાતરી સાથે મંજૂરી આપેલ છેતેમજ સરકાર દ્વારા નિર્ધારિત શરતો ના પાલન માટે એક મોનીટરીંગ કમિટી ની રચના પણ કરવામાં આવેલ હતી પરંતુ આ કમિટી ની બેઠક છેલ્લા ઘણા વર્ષો થી યોજાઈ નથી.તેમજ ગિરનાર રોપવે



અવારનવાર સૂર્યાસ્ત બાદ મોડી રાત સુધી ચલાવવામાં આવે છે અને પૈસા કમાવવાની લાલચ માં સૂર્યાસ્ત બાદ રોપવે ચલાવી ને વન્યપ્રાણી ને ખલેલ પહોંચાડાઈ રહી છે. આથી રોપવે દ્વારા થતા નિયમભંગ, વનવિભાગ ની બેદરકારી અને મોનીટરીંગ કમિટી ની નિષ્ક્રિયતા બાબતે હાઈકોર્ટ માં જાહેર હિત ની અરજી PIL જૂનાગઢ ના અરજદાર કરેલ હોવાનું જાણવા મળેલ છે.

### ગિરનાર રોપવે દ્વારા વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમનો ભંગ

# કૃષ્ણગઢને મળશે વિકાસનું નવું મોડલ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત કર્યું ભૂમિપૂજન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.16

અમરેલી જિલ્લાના કૃષ્ણગઢ ગામે વિરભામાશા જેવા આ ગામના ખેડૂત અને સેવા ભાવી એવા ડો. સંજયભાઈ વલ્લભભાઈ મુંજપરા એ કૃષ્ણગઢ ગામના વિકાસ માટે અને પોતાના માદરે વતન કૃષ્ણગઢ નું ઋણ ચૂકવવા માટે આ ગામની સુવિધાઓ માં વધારો કરવા તથા ગોકુળિયું ગામ તેમજ વિકાસ નું મોડલ પતિક બનાવવા માટે રૂપિયા ૨૫ કરોડ ની માતબર રકમ આપીને પોતાના માદરે વતનના વિકાસ માટે અને જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. સુત્રને સાર્થક કર્યું છે. ડો. સંજયભાઈ મુંજપરા અમદાવાદમાં રહીને બિલ્ડર ક્ષેત્રે ઉધોગ પતિ તરીકે નામના મેળવી છે. ડો. સંજયભાઈ વલ્લભભાઈ મુંજપરા એ પ્રાથમિક શિક્ષણ કૃષ્ણગઢ ગામે લીધું છે. અને





ગુજરાત યુનિવર્સિટી માંથી ડોક્ટરેટ ની પદવી મેળવી છે. અને પોતાના ગામનું નામ રોશન કર્યું છે. પોતાના સમાજમાં નામના મેળવી છે. તેઓએ ગુજરાતના રાજ્યપાલના વરદહસ્તે તમામ સુવિધાઓ જેવી કે રોડ રસ્તા વિજળી અને પ્રવેશદ્વાર અને ગામની શાળામાં આધુનિક ઉપકરણો જેમકે સીસીટીવી કેમેરા તેમજ ડીજીટલ બોર્ડ એવી અન્ય આધુનિક સુવિધાઓ ઉભી કરવા માટે અને મદરે વાત નું ઋણ સુકાવવા માટે પોતાના અથાક પ્રયત્નો કર્યા છે. આ ભૂમિપૂજન ના સમારંભ માં ગામના સરપંચશ્રીઓ તથા આગેવાનો તથા અધિકારી ગણ પત્રકાર શ્રી ઓ પદાધિકારીઓ તેમજ બહોળીસંખ્યામાં જનમેદની ઉપસ્થિત હતી આ તકે રાજ્યપાલ એ ડો. સંજયભાઈ મુંજપરાને સરકાર વતી અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી અને પ્રાકૃતિક ખેતીનો મહત્વ ઉંડાણપૂર્વક સમજાવ્યું હતું.

### ગૌરવ | ભેસાણની ડ્રીમલેન્ડ સ્કૂલ ખાતે ખેલમહાકુંભ 2025નું ભવ્ય આયોજન

# ભેસાણની બરવાળા પે. સેન્ટર શાળાની ભગવાન બિરસા મુંડા ટીમે તાલુકા કક્ષાની એથ્લેટિક સ્પર્ધામાં ઝળક્યું

### 600 મીટર દોડમાં સસ્તીયા રીતાએ પ્રથમ, બામણીયા ખુશીએ દ્વિતીય અને અલાવે રીટાએ તૃતીય સ્થાન મેળવ્યું

નરેન્દ્ર દવે | જૂનાગઢ, તા.16

ભેસાણની ડ્રીમલેન્ડ સ્કૂલ ખાતે ખેલમહાકુંભ ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિના દિવસે બહેનોની એથ્લેટિક સ્પર્ધાનું વિશેષ આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં બરવાળા પે. સેન્ટર શાળાની આદિવાસી સમાજમાંથી આવતી વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને તાલુકા કક્ષાએ પોતાની પ્રતિભા દર્શાવી હતી. આદિવાસી વિદ્યાર્થીનીઓના આ પ્રભાવશાળી પ્રદર્શને શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે.આ એથ્લેટિક સ્પર્ધામાં બરવાળા પે. સેન્ટર શાળાની કુલ ૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો, જેમાં અંડર-૧૭ વય જૂથમાં ૨ અને અંડર-૧૪ વય જૂથમાં ૬ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે. આ તમામ વિદ્યાર્થીનીઓએ દોડની વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકો હાંસલ કરીને શાળાનું નામ રોશન કર્યું. અંડર-૧૭ વય જૂથમાં ૪૦૦ મીટર દોડમાં પાવરા વૈશાલીએ પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે ડાવર સાવિત્રીએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

૨૦૦ મીટર દોડમાં પણ આ બંને વિદ્યાર્થીનીઓએ ઉમદા પ્રદર્શન કર્યું, જેમાં પાવરા વૈશાલી દ્વિતીય અને ડાવર સાવિત્રી તૃતીય સ્થાને રહી, અંડર-૧૪ વય જૂથમાં ૬૦૦ મીટર દોડમાં સસ્તીયા રીતાએ પ્રથમ, બામણીયા ખુશીએ દ્વિતીય અને અલાવે રીટાએ તૃતીય સ્થાન મેળવ્યું. ૪૦૦ મીટર દોડમાં સસ્તીયા રેખાએ પ્રથમ અને ડાવર સંગીતાએ તૃતીય સ્થાન હાંસલ કર્યું. આ ઉપરાંત, ૨૦૦ મીટર દોડમાં પાવરા અર્પિતા એ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

આ સ્પર્ધામાં ભાગ લેનારી તમામ વિદ્યાર્થીનીઓ આદિવાસી સમાજના ખેતર અને વાડી વિસ્તારમાં રહેતી હોવા છતાં, તેમણે મર્યાદિત સંસાધનો વચ્ચે પણ પોતાની પ્રતિભા અને મહેનતના બળે આ નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. આ વિદ્યાર્થીનીઓ ની સિદ્ધિ એ દર્શાવે છે કે યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન સાથે આદિવાસી યુવતીઓ પણ રમતગમતના ક્ષેત્રે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે છે, આ સફળતા પાછળ ટીમના કોચ અને શૈક્ષિક મહાસંઘ, ભેસાણના અધ્યક્ષશ્રી નરેન્દ્રભાઈ ભુવાનું મહત્વનું યોગદાન રહ્યું છે. તેમણે જણાવ્યું કે, "આ વિદ્યાર્થીનીઓની સફળતા એ માત્ર શાળાની જ નહીં, પરંતુ આખા આદિવાસી સમાજની ગરિમાને ઉજાગર કરે છે. તેમની મહેનત અને લગન દરેક માટે પ્રેરણાદાયી છે."

આ સ્પર્ધાનું આયોજન ડ્રીમલેન્ડ સ્કૂલ, ભેસાણ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં આદિવાસી વિદ્યાર્થીનીઓને તેમની પ્રતિભા દર્શાવવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું. આ પ્રકારના આયોજનો ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોની યુવા પ્રતિભાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવા માટે મહત્વની ભૂમિકા ભજવે છે. બરવાળા પે. સેન્ટર શાળાની આ વિદ્યાર્થીની ઓની સિદ્ધિએ નવી પેઢી માટે એક ઉજ્જવળ ઉદાહરણ છે. આ સફળતા દર્શાવે છે કે પ્રતિભા અને સમર્પણની સામે કોઈ અવરોધ ટકી શકતો નથી.

## જૂનાગઢમાં મનપા દ્વારા રસ્તા મરામતની કામગીરી પુરજોશમાં

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16

રાજ્યમાં વરસાદ બાદ અસરગ્રસ્ત થયેલા માર્ગોને ઝડપથી રીપેર કરવા સૂચના આપી છે. જૂનાગઢના અસરગ્રસ્ત રસ્તાઓનું મરામતકાર્ય પુરજોશમાં ચાલુ છે. કમિશનર તેજસ પરમાર, મેયરશ્રી ધર્મેશ પોશિયા, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, સહિતના પદાધિકારીઓ, અધિકારીઓએ વોર્ડ નં.૯ ગીરીરાજ મેઈન રોડ, જવાહર રોડ સહિતના વિસ્તારોમાં ચાલી રહેલ રોડ રસ્તાના કામોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. તેમજ આગામી સમયમાં જે નવા રોડ રસ્તાના મરામતની કામગીરી શરૂ થનાર છે. તેનું નિરીક્ષણ કર્યું હતું અને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

### કમોસમી વરસાદની ગીરના માલધારીને પણ અસર

# ખેડૂતોની જેમ માલધારીઓને રાહત પેકેજ આપવા માંગ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.16

ખેડૂતોની જેમ ગીરના માલધારીઓએ પણ સરકાર પાસે સહાયની માંગણી કરી છે. મગફળીનો પાલો પલળી જવાથી ખરાબ થઈ ગયો છે જેથી સારા પાલાની માંગ વધી હોવાથી તેના બજાર ભાવ ડબલ કરતા વધુ થઈ જતા માલધારી મુશ્કેલીમાં મુકાયા છે. મગફળીના ચારાની ઘટ ઉભી થતા ભાવ ડબલ કરતા વધુ હોવાથી આર્થિક નુકસાન વિસાવદર પંથકના જંગલ તથા બહારના વિસ્તારમાં વસવાટ કરતા માલધારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. કમોસમી વરસાદના કારણે મગફળીના પાથરા પલળી જતા પશુ માટેનો ચારો સડી ગયો છે. પશુના ચારાની સારી એવી માંગ છે પરંતુ મગફળીનો ચારો જુજ રહ્યો છે તેના લીધે ભાવ આસમાને પહોંચ્યા છે. સામાન્ય રીતે એક વિઘા



મગફળીના ચારાની કિંમત ૨૫૦૦ આસપાસ હોય છે. હાલમાં પથી ૬ હજારમાં પણ ચારો મળતો નથી. માલધારીઓને તેમના પશુ માટે ચારાની જરૂરીયાત હોવાથી ઉંચા ભાવે ચારો ખરીદવો છે| પરંતુ મળતો નથી. આવી સ્થિતિના કારણે માલધારીઓને પણ આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. સરકાર દ્વારા ખેડૂતો માટે જેમ રાહત પેકેજ આપવામાં આવ્યું તેમ ગીરના તથા બોર્ડર પર વસવાટ કરતા માલધારીઓને પણ ખાસ રાહત પેકેજ આપવામાં આવે તેવી વિસાવદર પંથકના માલધારીઓએ મામલતદાર, મારફત મુખ્યમંત્રી સહિતનાઓને રજુઆત કરી છે.

# શિયાળામાં ચહેરા પર ગ્લો લાવશે મલાઈ



## આ 3 વસ્તુ મિક્સ કરીને બનાવો મલાઈનું ફેસપેક

**શિયાળામાં પણ ત્વચા સુંદર અને ગ્લોઇંગ દેખાય તેવું શક્ય છે. શિયાળામાં ત્વચા ડ્રાય અને ડલ થઈ જાય છે. જો તમે તમારી સ્કિનને મુલાયમ અને ચમકદાર બનાવી રાખવા માંગો છો તો તેના માટે દૂધની મલાઈ ઉપયોગી સાબિત થઈ શકે છે. શિયાળામાં અલગ અલગ બ્યુટી પ્રોડક્ટ નો ઉપયોગ કરવાને બદલે જો તમે દૂધની મલાઈ ના આ ફેસપેક લગાડશો તો ત્વચાની સુંદરતામાં ચાર ચાંદ લાગી જશે. આજે તમને મલાઈનો ઉપયોગ કેવી રીતે કરવો અને મલાઈ ત્વચા ને કેવી રીતે ફાયદો કરે છે તે જણાવીએ. ઘરના રસોડામાં રહેલી ત્રણ વસ્તુઓ સાથે મલાઈ મિક્સ કરીને નિયમિત રીતે ચહેરા પર લગાડવાથી ચહેરા પરના ડાઘ ધબા દૂર થાય છે અને ચહેરાની રંગત પણ સુધરે છે. તો ચાલો તમને પણ જણાવી દઈએ મલાઈ વડે ગ્લોઇંગ ત્વચા કેવી રીતે મેળવી શકાય.?**



### મલાઈ અને હળદર

ચહેરાને ગ્લોઇંગ બનાવવા માટે મલાઈ અને હળદરનો ઉપયોગ કરી શકાય છે. તેનાથી ત્વચાની ડલનેસ દૂર થશે અને ડાઘ પણ દૂર થઈ જશે. સાથે જ ત્વચાનો નિખાર વધશે. તેના માટે બે ચમચી દૂધની મલાઈમાં એક ચપટી હળદર ઉમેરો અને સારી રીતે મિક્સ કરો. હવે આ મિશ્રણને ચહેરા પર લગાવો અને પાંચ મિનિટ માટે હળવા હાથે મસાજ કરો. દસ મિનિટ પછી હુંફાળા પાણીથી ચહેરો સાફ કરી લેવો.



### મલાઈ અને મધ

ત્વચાને હાઈડ્રેટ કરવી હોય તો મલાઈ સાથે મધનો ઉપયોગ કરવો. મલાઈ અને મધ સાથે લગાડવાથી ત્વચાને મોઈશ્ચર મળે છે અને ડેડ સ્કિન પણ દૂર થઈ જાય છે. તેના માટે એક ચમચી મલાઈમાં એક ચમચી મધ મિક્સ કરો. આ મિશ્રણને સારી રીતે હલાવી ચહેરા પર લગાવો અને 15 મિનિટ માટે લગાવી રાખો. ત્યાર પછી હળવા હાથે મસાજ કરીને હુંફાળા પાણીથી ચહેરો સાફ કરવો.



### મલાઈ-ચણાનો લોટ

ત્વચાની સુંદરતા વધારવા માટે મલાઈ અને ચણાનો લોટ ઉપયોગી છે. એક ચમચી મલાઈમાં એક ચમચી ચણાનો લોટ મિક્સ કરીને મિશ્રણ બનાવો. આ પેસ્ટને ચહેરા અને ગરદન પર લગાવો. જ્યારે પેસ્ટ સુકાઈ જાય પછી પાણીથી ચહેરાને સાફ કરી લો. આ ફેસપેક ને અઠવાડિયામાં બેથી ત્રણ વખત લગાવવાથી ત્વચા ગ્લોઇંગ અને બે દાગ બની જશે.

# આ લીલા પાન તમારા બેજાન શરીરને કરશે જીવંત શિયાળામાં તમારા આહારમાં સમાવેશ કરો







શિયાળો એ મોટાભાગના લોકોની પ્રિય ઋતુ છે. પરંતુ આ સિઝન પોતાની સાથે અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓ લઈને આવે છે. ખાસ કરીને, તે લોકો ઠંડી દરમિયાન વધુ પીડાય છે - જેમની રોગપ્રતિકારક શક્તિ નબળી છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો શરદી, ઉધરસ અને ઉધરસથી પીડાય છે. આ તમામ સ્વાસ્થ્ય સમસ્યાઓથી બચવા માટે શિયાળામાં લીલા શાકભાજી ખૂબ જ ફાયદાકારક છે. ન્યુટ્રિશનિસ્ટ નમામી અગ્રવાલ કહે છે કે શિયાળાની સિઝન શરૂ થતાંની સાથે જ પાલક, સોયા, મેથી, બથુઆ અને સરસવના શાક બજારમાં ઉપલબ્ધ થવા લાગે છે. મોસમી શાકભાજી હોવા ઉપરાંત તેમાં ભરપૂર પોષક તત્વો પણ હોય છે. રોગોથી બચવા માટે, તમારે ઓછામાં ઓછા એક વખત તમારા આહારમાં પાંદડાવાળા શાકનો સમાવેશ કરવો જોઈએ. લીલી મેથી ગરમ પ્રકૃતિ ધરાવે છે. શિયાળામાં તેને ખાવાથી સ્વાસ્થ્ય તો જળવાઈ રહે છે પરંતુ શરીરમાં વિટામિન સી, ફાઈબર, પ્રોટીન અને આયર્ન જેવા પોષક તત્વોની ઉણપ રહેતી નથી. આ તમામ તત્વો શરીર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ ખાવાથી પેટ સંબંધિત સમસ્યાઓ થતી નથી. અમરન્થના પાનનું શાક પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. જો તમે નિયમિત રીતે અમરન્થનું શાક ખાઓ છો તો શરીરમાં વિટામિન્સ, મિનરલ્સ, કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેટ્સ અને પ્રોટીનની ઉણપ નથી થતી. કફ અને પિત્તની સમસ્યાથી પીડિત લોકો માટે આ લીલોતરી ખૂબ જ સારી માનવામાં આવે છે. યુરિક એસિડની સમસ્યાથી પીડિત લોકો માટે બથુઆ ખાવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં વિટામીન A, ફોસ્ફરસ, કેલ્શિયમ અને પોટેશિયમ ભરપૂર માત્રામાં જોવા મળે છે. જો તમે ઈચ્છો તો બથુઆની દાળ પણ ખાઈ શકો છો. પાલકમાં ભરપૂર માત્રામાં આયર્ન હોય છે. આ ખાવાથી હિમોગ્લોબીનની ઉણપ પણ નથી થતી. શિયાળામાં પાલકનું શાક ખાવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. જો કે, નિષ્ણાતો કહે છે કે તમારે તેને મર્યાદિત માત્રામાં જ ખાવું જોઈએ. સરસવ અને કોર્ન રોટલીનું મિશ્રણ ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ ભરપૂર માત્રામાં જોવા મળે છે. તે શરીરમાંથી ઝેર દૂર કરવાનું કામ કરે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં પણ મદદ કરે છે.

## ટામેટાં ખાતા પહેલાં 100 વાર વિચારજો!

# નહીં તો હાલત થશે ખરાબ

**આપણામાંથી મોટાભાગના લોકોને ટામેટાં ખાવાનું ગમે છે. શાક હોય કે સલાડ, ટામેટાં વગર બધું અધૂરું છે. જો કે, તમે સાંભળ્યું જ હશે કે કોઈપણ વસ્તુનો અતિરેક નુકસાનકારક હોઈ શકે છે. એવી જ રીતે ટામેટા ખાવા જેટલા ફાયદાકારક છે, તેટલા જ વધારે નુકસાનકારક પણ છે. વાસ્તવમાં, ટામેટાંમાં વિટામિન, પોટેશિયમ અને એન્ટીઑકિસડન્ટ જેવા ઘણા પોષક તત્વો હોય છે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય છે, પરંતુ જો વધુ માત્રામાં લેવામાં આવે તો તે નુકસાન પણ કરી શકે છે.**



**ગેસની સમસ્યા |** જો તમે પેટમાં ગેસની સમસ્યાથી પરેશાન છો, તો તમારે વધુ પડતા ટામેટાંનું સેવન ટાળવું જોઈએ. જો તમે ગેસની સમસ્યાથી બચવા માંગતા હોવ તો ટામેટાંને મર્યાદિત માત્રામાં જ ખાઓ.

**પથરી થઈ શકે છે |** પથરીના દર્દીઓએ ભૂલથી પણ ટામેટાં ન ખાવા જોઈએ. વાસ્તવમાં ટામેટાના બીજને કારણે પથરી વધવાની સમસ્યા થઈ શકે છે. બીજી તરફ, જો તમે ટામેટાં ખાઓ છો, તો તેના બીજને અલગ કરીને ખાઓ.

**જલન |** ટામેટાં જેટલું ફાયદાકારક છે તેટલું જ નુકસાનકારક પણ છે જો તમે તેને વધુ પ્રમાણમાં ખાઓ તો ઘણા લોકોને છાતીમાં જલન મેહસૂસ થઈ શકે છે, કારણ કે ટામેટાંમાં વિટામિન c હોય છે, જે ગેસની સમસ્યા વધારી શકે છે અને છાતીમાં જલનનું કારણ બની શકે છે .

**એસિડિટી વધી શકે છે |** ટામેટાંમાં વિટામિન c ભરપૂર માત્રામાં હોય છે, એટલા માટે ટામેટાંનું વધુ સેવન કરવાથી એસિડિટીની સમસ્યા થઈ શકે છે. માટે ટામેટાં મર્યાદિત માત્રામાં જ ખાવા જોઈએ.

# ખબર નહીં કેમ પરંતુ સ્ટેજ પરથી ભજન કીર્તન ગાતી સ્ત્રી ના નિર્દોષ ચહેરો નજર સામેથી હટવા નું નામ લેતો નહતો



**સગાઈ**

**- રુપાલી દવે**

.....વિષ્ણુભાઈ ની નજર બંગલા ની બાલ્કની પરથી ગાર્ડન ના હીંચકે બેઠા બેઠા જપ કરી રહેલ પત્ની સૂરીલી પર પડતાં વીતેલા દિવસ ની કડવી યાદો યાદ કરતા મનોમન બોલ્યા કે નિર્દોષ પારેવા જેવી પત્ની ને પારકા ની વાત માં આવીને કેટકેટલા ત્રાસ આપ્યા છે પરંતુ સુરીલીના મગજ માં વીતેલા દુઃખદ દિવસો નો રંજ માત્ર નથી.સૂરીલી જેવી પ્રેમાળ અને ભક્તિભાવ વાળી પત્ની ની કદર ના કરી શક્યો એનું દુઃખ મને ઊંડે સુધી છે.અત્યારે આ ભૂલ બદલ સમજાતું નથી કે ત્યારે હું કેવા પ્રકાર નો માણસ હતો કે કદાચ માણસ કહેવાને લાયક જ નથી.કેમ મે બીજાની વાતો માં આવીને ફૂલ જેવી કોમળ પત્ની ની જીંદગી બગાડી નાખી.અરે!!સુરુ તો મને પૂછ્યા વગર બંગલા નાં ગાર્ડન માં પણ જતી નહતી.સવારે પૂજા માટે ઠાકોરજી માટે ફૂલ તોડવા જાતી તો પણ મને કહી ને જાતી હતી.પહલેથી જ વૈષ્ણવ સંસ્કાર ને કારણે એનું મન સંસાર કરતા તો ઠાકોરજીની પૂજામાં વધારે લાગતું હતું છતાં પત્ની પર ભરોશો કરવાના બદલે સાત પેઢી દૂરની બહેન પર વિશ્વાસ કર્યો. એના કહેવાથી સૂરું ને ચરિત્રહીન પણ જાહેર કરી.એ રાતે સુરું કેટકેટલું કરગરી ને ઠાકોરજી ના સોગંધ લઈને કહ્યું હતું કે એના જીવનમાં મારા સિવાઈ અન્ય કોઈ પુરુષ નથી.વિજય તો એને બાળપણ થી બહેન માને છે ને એ વિજયને રાખડી પણ બાંધે છે. ચરિત્રહીન જેવો આટલો મોટો આક્ષેપ લાગ્યા પછી સ્ત્રી સહન ન કરી શકે એટલે તો સુરું,બીજે દિવસે ઘર મા નાનકડી દીકરી જીલને મૂકી ચૂપચાપ નીકળી ગઈ હશે. ચોરવાડ સૂરીલી ને શોધવા જીલ ને લઈને ગયો ત્યારે ખબર પડી હતી કે ખરેખર વિજય તો બે બાળકો નો પિતા છે ને સૂરુ ને એની બહેન જ માને છે.બેત્રણ દિવસ બાદ બહેને સમાચાર આપ્યા કે મુંબઈમાં સગા ફ્લેટમાંસૂરીલી એ બળીને આત્મહત્યા કરી લીધી છે ત્યારે બેન ની વાત પર વિશ્વાસ મૂક્યો એ મારી જીંદગી ની મોટા માં મોટી ભૂલ હતી.એની માની હૂફ જીલ એ મેળવી છે પરંતુ મે મારી ભૂલ ને કારણે મારી પત્ની ને ગુમાવી ને મારી જીદગી એકલતામાં વિતાવી.બહેન ની ભૂલ કરતા તો મારી ભૂલ વધારે છે કે બહેન ના અધમ કૃત્ય ને સાથ સહકાર આપ્યો. સુરતમાં એતો રૂપિયા ની લાલચમાં અને બંગલા પર કબજો જમાવવા ના કાવતરા સાથે આવી હતી એટલે

તો સુરું અને મને અલગ કર્યા. મે તો મારી ફૂલ જેવી જીલ નું બાળપણ બગાડી નાખ્યું. કદાચ ભગવાન મને ક્યારેય માફ નહિ કરે.

જેણે મારા જીવન માં ઝેર ઘોળ્યું છે એને સજા પણ આપી પરંતુ ત્યારે મોડું થઈ ગયું હતું.જે બંગલા અને રૂપિયા પત્ની અને જીલ નો અધિકાર હોય ત્યાં બહેનનો પરિવાર વર્ષોથી કબજો જમાવી બેઠો હતો.વર્ષમાં ૯ મહિના તો વિદેશમાં રહેતો હતો ને માત્ર ત્રણ મહિના ઘરમાં રહેતો હોવાના કારણે એ બહેન ના પરિવારની મીઠો વ્યવહારના કારણે કશું સમજી ના શક્યો.જ્યારે વરસો થી બંગલા ના રહેતા મૂખ્યાજી વીરજી એ ફરિયાદ કરી હતી કે છ મહિના તો બંગલો મેહમાન થી ભર્યો રહે છે ..તમે ના હો ત્યારે નોન વેજ પણ બને છે ને ઠાકોરજી ની પૂજા નથી થતી.નાનો હતો ત્યારથી બાપા ની સાથે ઠાકોરજી ની ભોગ સામગ્રી અને પૂજા કરું છું એટલે ખબર છે કે ઠાકોરજી ના થાળ અને પૂજા નું મહત્વ શું છે.મને રજા આપો કેમકે બંગલાનું રસોડું અપવિત્ર થઈ ગયું છે એટલે મારાથી રસોઈ નહિ થાય.તમારા આવવાની રાહ જોતો હતો.આખરે તમારા ઘરનુ નમક ખાધું છે તમને મળીયા વગર કેમ જઈ શકું? માફ કરજો કંઈ ભૂલ થઈ હોય તો આમ બોલીને પગાર લીધા વગર નીકળી ગયા ત્યારે પણ મારી આંખ ખુલી નહતી બેન ને કીધું તો એણે વીરજી ખોટો પડ્યો.એ રડતા રડતા બોલી કે ભાઈ, મંદિરમાં ઠાકોરજી ની પૂજા ના થતી હોય એવું તમને લાગે છે.જન્મથી મે ,પતિ કે બાળકો એ ક્યારેય લસણ,ડુંગળી કે નોનવેજ ખાધા નથી.આતો વીરજી ને મુંબઈ નાં કોઈ મોટા શેઠ ને ત્યાં નોકરી મળી ગઇ છે.એટલે નોકરી છોડવાનું કઇક તો બાહનું કાઢવું પડે,એટલે અમારા જેવા ગરીબ ના નામ લઈ લીધા.

યુએસ માં વૈષ્ણવ સમાજ ના સત્સંગ માં ભજન નો સુર સાંભળી ને ચોંકી ગયો હતો કેમકે એ મીઠો મધુર અવાજ સુરું ને મળતો આવતો હતો. જ્યારે સ્ટેજ પર ગાનાર વ્યક્તિ તરફ નજર કરી તો મન થી કલ્પી શકતો નહતો કે સુરું જેવો નાક નકશો વાળી સ્ત્રી ભગવાને કેટલી પૃથ્વી પર બનાવી હશે. નાનાજી ના કહેવા પ્રમાણે તો મે મારી સુરું ને જ યુએસ માં પ્રત્યેક્ષ જીવતી જાગતી તો જોઈ હતી પરંતુ મન માનતું નહતું. ઠાકોરજી,શું હું મારી ભૂલ સુધારી નાં શકું?પ્રત્યેક વ્યક્તિ ને ભૂલ સુધારવાનો મોકો મળે છે તો મને પણ મળવો જોઈએ..

ખબર નહીં કેમ પરંતુ સ્ટેજ પરથી ભજન કીર્તન ગાતી સ્ત્રી ના નિર્દોષ ચહેરો નજર સામેથી હટવા નું નામ લેતો નહતો .યુ.એસ થી પરત ફરતા જ રાત્રે મનમાં વિચાર આવ્યો ને વર્ષો પહેલા દયા ખાઈને પોતાના સમજી રાખેલ બહેન ના પરિવાર ને ગામડા ભેગા કરવાનો નિર્ણય કર્યો. રાત્રે તો પત્ની અને દીકરી નો ફોટો જોતા જોતા સુઈ ગયા.વહેલી સવાર નાં પાચ વાગ્યે નોકરો દ્વારા ઘરના ખૂણેખાંચરે થી સાફસફાઈ કરાવવાનું ચાલુ કર્યું ત્યાં તો અવાજ સાંભળીને બહેન આંખો ચોળતી બેડરૂમ ની બહાર આવી બોલી કે,ભાઈ તમે ચિંતા નાં કરો હમણાં આખા બંગલા ની સાફસફાઈ કરાવી નાખું છું.ભાઈ તમે વિદેશ થી રાત્રે જ આવ્યા છો થાક્યા હશો. મારે કે તમારા જમાઈ ને કામ શું હોય છે?બધું થઈ જશે.તમે શાંતિ થી બેસો હમણાં જ તમારી માટે મસ્ત ચા બનાવી લઈ આવું છું. બહેન વાક્ય પૂરું કરે એ પહેલા વીરજી હાથમાં ટ્રે માં ચા લઈને આવ્યા.મુખ્યાજી વીરજી ને જોતાજ બેન બોલવા લાગી કે જોયું આવી ગઈ ને તમારી અક્કલ ઠેકાણે મુંબઈ માં ક્યાંય કામ ના મળ્યું ને ભાઈ દયાળુ છે તે ફરી રાખી લીધા લાગે છે. કામ કરવું હોય ને તો ફરિયાદ ઓછી કરજો ને કામ માં ધ્યાન વધારે આપજો.નોકરો ઘર ના ખૂણેખાંચરે થી બહેન અને એના પરિવાર ની જમાં થયેલ ચીજવસ્તુઓ એકઠી કરીને બેઠકરૂમ માં ભેગી કરી મુકવા લાગ્યા. ખુદની ચીજવસ્તુઓ પેક થતી ને જોઈને પરેશાન થતાં બેને કહ્યું ભાઈ,કેમ બધું એકઠું કરાવી રહ્યા છો?કાઢી મૂકવાનો ઈરાદો તો નથીને..વિષ્ણુભાઇ એ બહેન સામુ જોઈને બોલ્યાં કે સાચું સમજ્યા મારું અને તમારું ઋણાનુબંધ પૂરું થઈ ગયું છે.જલદી તમે,જમાઈ ને બાળકો તૈયાર થઈ જાવ ટ્રક આવતો જ હશે.બહેન કશું બોલ્યાં જતાં હતા ત્યાંજ વિષ્ણુભાઈએ રોક્યા ને કહ્યું કે ગામ નું ખેતર,ઢોર ઢાખર અને ઘર તમારા નામે થઈ ગયું છે એટલે ત્યાં સુખી જીવન વિતાવ જો.આજથી આ બંગલા નાં બારણાં તમારા માટે હમેશા બંધ છે એટલે ભૂલથી પણ મારા ઘરમાં અને જીવન માં ક્યારેય આવશો નહિ..

બહેન કરગરી ને પૂછ્યું હતું કે કંઈ ભૂલ ની સજા આપો છો ત્યારે બોલ્યાં કે તમે ભૂલ નથી કરી,ભૂલ મારી છે.દુનિયાના લોકો ને ઓળખવાની તાકાત તો મારા માં છે પરંતુ પોતાના નજીક ને લોકોને ઓળખવાની ભૂલ કરી બેઠો.ઠાકોરજી ની કૃપા થી 'જાગ્યા ત્યાંથી સવાર પડી ' એ સમજ્યો..

વિચાર માં મગ્ન વિષ્ણુભાઇ ને જીલ એ પાછળથી આવીને કાન નજીક જઈને મોટેથી અવાજ કરતા એ એકદમ ડરી ને આજુબાજુ પોતાની ચોરી પકડાઈ ગઈ હોય એમ જોવા લાગ્યા. પરંતુ જીલ ને બહાર જવા માટે સજ્જ થયેલી જોતાજ પૂછ્યું કે ક્યાં અત્યારે સવારી ઉપડી? મમ્મી ને પૂછ્યું છે કે નહિ? જીલ એ ધીમેથી શરમાઈ ને કીધું કે ડેડી,નીતિન ને મળવા માટે ક્લબ તરફ જાવ છું તો નવી કાર લઈને જાવ. પ્લીઝ!!પપ્પા,મારે નવી કાર ખુદ ડ્રાઈવ કરીને ક્લબ જવું છે, ના ન પડતાં હા પાડજો. વિષ્ણુભાઇ એ પ્રેમથી જીલ ના ગાલ પર ટપલી મારતાં કહ્યું કે ના બિલકુલ નહિ લગ્ન ની ડેટ નજીક આવી રહી છે એટલે નો રિસ્ક.જીલ એ નારાજગી વ્યકત કરતાં કીધું કે પ્લીઝ પપ્પા.વિષ્ણુભાઇ એ ડ્રાઈવર ને બોલાવી ને નવી કાર માં ક્લબ લઈ જવાનું સૂચવ્યું.બાપ દીકરી ની રકઝક સાંભળી નેબેઠક ખંડ માંથી વરંડા માં આવીને સૂરીલી એ જીલ ને સમજાવ્યું કે ડેડી ની વાત પર દલીલ કરવાનું બંધ કરીને એ જે કહે છે એમ કર ઓકે. જીલ એ મોં ફુલાવી ને નારાજ થતાં થતાં નીચે તરફ જવા પગથિયાં ઉતરવા લાગી. ત્યાં લાસ્ટ પગથિયે સફેદ શર્ટ અને બ્લ્યુ જીન્સ માં નીતિન ને જોતાજ જ આશ્ચર્ય સાથે બોલી ઉઠી બંદર તુ તો..



### દીપિકાની ઓફિસમાં પણ ૮ કલાકનો સખત નિયમ

# દીપિકા પાદુકોણની ૮ કલાક કામની નીતિ પર સ્પષ્ટ વાત, નવી માતાઓ પર ભાર

વર્ષ ૨૦૨૫ દીપિકા પાદુકોણ માટે કામકાજના મોરચે ખૂબ મહત્વનું રહ્યું છે. અભિનેત્રીએ મહિલા કલાકારો માટે ૮ કલાકના કામકાજના કલાકો વિશે જે વાત કરી હતી, તેના પર વ્યાપક પ્રતિક્રિયાઓ જોવા મળી હતી. દીપિકા પાદુકોણએ આ મુદ્દે ફરી એકવાર પોતાનો મંતવ્ય રજૂ કર્યો છે, જેમાં તેમણે જણાવ્યું છે કે ઓવરવર્ક (વધારે કામ)ને કેવી રીતે સામાન્ય ગણવામાં આવે છે અને આ માનસિકતા બદલવી કેમ જરૂરી છે. મીડિયા અહેવાલ સાથેની વાતચીતમાં દીપિકા પાદુકોણએ ખાસ કરીને નવી માતાઓ પર ભાર મૂકતા જણાવ્યું કે, 'નવી માતાઓ જ્યારે કામ પર પાછી ફરે છે, ત્યારે તેમને સપોર્ટ આપવો ખૂબ જ જરૂરી છે, અને આ એક એવો મુદ્દો છે જેના પર હું ધ્યાન કેન્દ્રિત કરવા માંગુ છું.' અભિનેત્રીનો સ્પષ્ટ મત છે કે આપણે વધારે કામ કરવું સામાન્ય ગણી લીધું છે. તેમણે કહ્યું, 'આપણે બર્નઆઉટ (કામનો અતિશય થાક)ને પ્રતિબદ્ધતા માનીએ છીએ. માનવ શરીર અને મન માટે ૮ કલાક કામ પૂરતું છે. તમે સ્વસ્થ હશો તો જ તમારું શ્રેષ્ઠ આપી શકશો. થાકી ગયેલા વ્યક્તિને સિસ્ટમમાં પાછું લાવવાથી કોઈને મદદ મળતી નથી.' દીપિકા પાદુકોણએ આગળ જણાવ્યું કે તેમની પોતાની ઓફિસમાં પણ કામકાજના કલાકોનું સખતપણે પાલન થાય છે. તેમણે કહ્યું, 'મારી ઓફિસમાં અમે સોમવારથી શુક્રવાર સુધી ફક્ત ૮ કલાક કામ કરીએ છીએ. અમારી પાસે મેટરનિટી અને પેટરનિટી પોલિસી પણ છે. બાળકોને કામ પર લાવવું એ હવે સામાન્ય બનાવવું જોઈએ.' દીપિકા પાદુકોણએ અગાઉ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઘણાં પુરુષ સુપરસ્ટાર્સ વર્ષોથી માત્ર ૮ કલાક કામ કરે છે અને તે ક્યારેય હેડલાઈન્સ નથી બનતું. તેમણે ઉદ્યોગની અસંગઠિત અને અનિયંત્રિત 'ચલતા હૈ' (ચાલવા દો) સંસ્કૃતિની ટીકા કરી હતી અને પ્રણાલીગત પરિવર્તનની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# સફેદ લહેંગામાં પ્રિયંકા ચોપરાના જલવા, 'નમસ્તે'થી જીત્યું દિલ



એસએસ રાજામૌલીની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'વારાણસી'ના ગ્લોબટ્રોટર ઈવેન્ટમાં અભિનેત્રી પ્રિયંકા ચોપરાનો દેશી અંદાજ જોવા મળ્યો હતો. રામોજી ફિલ્મ સિટી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં પ્રિયંકા ચોપરા સફેદ રંગના ભવ્ય લહેંગામાં ઉપસ્થિત થઈ હતી. ઈવેન્ટમાં પ્રવેશતાની સાથે જ તેમણે ફેન્સ તરફ 'નમસ્તે' કરીને સૌનું દિલ જીતી લીધું હતું. તેમની સુંદરતા અને સાદગીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું, અને તેમની તસવીરો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહી છે. કાર્યક્રમ દરમિયાન, પ્રિયંકા ચોપરાએ પોતાની ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે તેમને ભારતમાં આ ફિલ્મમાં કામ કરવાનો ખૂબ આનંદ છે. અભિનેત્રીએ ઉમેર્યું કે તે તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં જોડાઈને પોતાને ખૂબ ભાગ્યશાળી માને છે, અને આ તો માત્ર શરૂઆત છે. તેમણે દિગ્દર્શક એસએસ રાજામૌલી અને સુપરસ્ટાર મહેશ બાબુના વખાણ કર્યા હતા. ખાસ કરીને મહેશ બાબુના પરિવારનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું, 'મને લાગ્યું કે હૈદરાબાદ મારું બીજું ઘર છે.' આ ઈવેન્ટમાં મહેશ બાબુ અને વિલન પૃથ્વીરાજ સુકુમારન પણ હાજર રહ્યા હતા. મીડિયા રિપોર્ટ અનુસાર, પ્રિયંકા ચોપરાની તસવીરો પર ફેન્સે પ્રેમ વરસાવ્યો છે. એક યુઝરે કોમેન્ટ કરી કે, 'પ્રિયંકા બિલકુલ રાણી લાગી રહી છે! ભારતીય ફિલ્મોમાં તેમની વાપસીનો આતુરતાથી ઈંતજાર છે!' અન્ય એક પ્રશંસકે તેમની સુંદરતાના વખાણ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલાં એસએસ રાજામૌલીએ તેમની આગામી ફિલ્મમાંથી પ્રિયંકા ચોપરાનો લૂક રિલીઝ કર્યો હતો.

### 'કાચા બદામ'થી રાતોરાત ફેમસ થયેલી અંજલિના નવા ફોટા વાયરલ

# અંજલિ અરોરાના સ્ટનિંગ લુકે સોશિયલ મીડિયા પર ધબકારા વધાર્યા



સોશિયલ મીડિયા સેન્સેશન અંજલિ અરોરા હાલમાં ફરી એકવાર પોતાના બોલ્ડ અને આકર્ષક લૂકને કારણે હેડલાઈન્સમાં છે. 'કાચા બદામ' ગીત પરના ડાન્સ વીડિયોથી રાતોરાત લોકપ્રિય બનેલી અંજલિ અરોરા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. તેણે શેર કરેલી સ્ટનિંગ તસવીરોએ તેના મજબૂત ફેન ફોલોઈંગ વચ્ચે ધૂમ મચાવી છે અને મિનિટોમાં જ વાયરલ થઈ ગઈ છે. અંજલિએ તેની કારકિર્દીની શરૂઆત TikTok એપ પર વીડિયો બનાવીને કરી હતી અને કોરોનાના સમયગાળા દરમિયાન એપ બંધ થયા બાદ તેને લાગ્યું હતું કે તેની કારકિર્દી ખતમ થઈ ગઈ છે. જોકે, બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌતના પોપ્યુલર રિયાલિટી શો 'લોકઅપ'નો ભાગ બન્યા પછી તે ફરી ચર્ચામાં આવી અને હવે તે ઈન્સ્ટાગ્રામ તથા યુટ્યુબથી ઘણી કમાણી કરી રહી છે.

# સારવાર બાદ દિગ્ગજ અભિનેતા પ્રેમ ચોપરાને હોસ્પિટલમાંથી રજા



બોલિવૂડના દિગ્ગજ અભિનેતા અને પ્રખ્યાત ખલનાયક પ્રેમ ચોપરાને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા મળી ગઈ છે. ૮ નવેમ્બરના રોજ છાતીમાં જકડનની ફરિયાદ બાદ તેમને મુંબઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અભિનેતાના પરિવારના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે સારવાર પૂરી થયા બાદ પ્રેમ ચોપરા શનિવારના રોજ પોતાના ઘરે પરત ફર્યા છે. જ્યારે અભિનેતાને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, ત્યારે તેમના જમાઈ વિકાસ ભલ્લાએ મીડિયા અહેવાલ સાથે વાતચીત કરી હતી અને તેમની તબિયતની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, 'ડરવાની કોઈ વાત નથી, તેઓ નિયમિત ચેકઅપ માટે ગયા છે.' તેમણે એ પણ ઉમેર્યું હતું કે અભિનેતાની તબિયત સ્થિર છે.

### 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ'ના ક્લાઈમેક્સ પર મોના સિંહનો મોટો ખુલાસો

# 'બોબી અને મને જ ખબર હતી, બે વર્ષ સુધી રાખ્યું રહસ્ય ગુપ્ત'



આર્યન ખાન દ્વારા નિર્દેશિત પ્રથમ વેબ સીરિઝ 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ'એ દર્શકોનું ધ્યાન ખેંચ્યું હતું. આ સીરિઝમાં મહત્વની ભૂમિકા ભજવનારી અભિનેત્રી મોના સિંહએ હવે એક મોટો ખુલાસો કર્યો છે. મોના સિંહએ જણાવ્યું કે તેણે અને કો-સ્ટાર બોબી દેઓલએ આ સીરિઝ સાથે જોડાયેલા એક મોટા રાજને ઘણા વર્ષો સુધી છુપાવી રાખ્યું હતું.પીટીઆઈ સાથેની વાતચીતમાં મોના સિંહએ જણાવ્યું, 'માત્ર બોબી દેઓલ અને મને જ ક્લાઈમેક્સ વિશે ખબર હતી, ફક્ત અમને બંનેને. આર્યન કોઈને આ વાત કહેવા માંગતા નહોતા. અહીં સુધી કે શૉનું ટાઈટલ પણ બોબી સર અને મને જ ખબર હતું.' મોના સિંહએ આગળ જણાવ્યું, 'હું ચૂપ રહી અને તે બોજ સહન કરતી રહી, બે વર્ષ સુધી તે રાજને છુપાવી રાખ્યું, જે મારા માટે અશક્ય છે. પણ આ બધું સાર્થક રહ્યું. મને ખૂબ મજા આવી. હું તેનો ભાગ બનીને પોતાને ખૂબ નસીબદાર માનું છું. હું ખરેખર ખૂબ જ ખુશ છું.' મોના સિંહએ એ સમયને યાદ કર્યો જ્યારે આર્યન ખાને તેમને ક્લાઈમેક્સ માટે બોલાવ્યા. 'હું જાન્યુઆરીના મહિનામાં પંજાબમાં કોઈ બીજા શૂટિંગમાં વ્યસ્ત હતી, ત્યારે આર્યન ખાનનો ફોન આવ્યો. તેણે કહ્યું, 'આપણે બધા રેકોર્ડિંગ આપવાના છે, તેથી અમારે હમણાં જ આ ગીતનું શૂટિંગ કરવું પડશે અને તમારો સમય આવી ગયો છે.' મેં હા પાડી, તેથી હું એક દિવસ માટે મુંબઈ આવી અને પછી આર્યને મને બધું જણાવ્યું,' એમ મોના સિંહએ કહ્યું.




# 'વારાણસી' ટીઝર રિલીઝ, મહેશ બાબુના 'રૂદ્ર' લૂકે ફેન્સમાં જગાવ્યો ઉત્સાહ

એસએસ રાજામૌલીની આગામી મેગા-બજેટ ફિલ્મ 'વારાણસી'ની પ્રથમ ઝલક એટલે કે ટીઝર આખરે ફેન્સ સમક્ષ રજૂ કરી દેવામાં આવ્યું છે. હૈદરાબાદમાં આયોજિત 'ગ્લોબટ્રોટર' નામના ભવ્ય લાઈવ ઈવેન્ટમાં ફિલ્મનું ટીઝર લોન્ચ કરાયું હતું. આ દરમિયાન સુપરસ્ટાર મહેશ બાબુનો પાવરફુલ ફર્સ્ટ લૂક પણ શેર કરવામાં આવ્યો છે. આ ફિલ્મ ૨૦૨૭માં મોટા પડદા પર રિલીઝ થવાની છે. વારાણસી ટીઝરની શરૂઆત વારાણસી નગરીની અદ્ભુત ઝલક સાથે થાય છે, જ્યાં અનેક ઋષિઓ હવન કરતા જોવા મળે છે. એ જ હવનની અગ્નિમાંથી એક ક્ષુદ્રગ્રહ જન્મ લે છે, જે આકાશમાંથી સીધો અન્ટાર્કટિકાની બર્ફીલી નદીમાં પડે છે. આ પછી આફ્રિકાના જંગલોમાં હાથી અને અન્ય પ્રાણીઓની ઝલક દેખાય છે, જ્યાં એક વાનરને દર્શાવ્યા બાદ તરત જ હનુમાનજીની ઝલક મળે છે. મોશન પોસ્ટરમાં હનુમાનજીને લંકા સળગાવતા અને પર્વત ઉપાડતા પણ બતાવવામાં આવ્યા છે, જે હિંદુ ધર્મની ભવ્યતા દર્શાવે છે. ટીઝરનો સૌથી આકર્ષક ભાગ મહેશ બાબુનો ફર્સ્ટ લૂક છે. તેમને વારાણસીના મણિકર્ણિકા ઘાટ પર હાથમાં ત્રિશૂળ પકડેલા 'રૂદ્ર'ના કિરદારમાં બતાવવામાં આવ્યા છે. નંદી પર સવાર મહેશ બાબુની આ ઝલકે ફેન્સમાં જબરદસ્ત ઉત્સાહ જગાવ્યો છે. ગ્લોબટ્રોટર ઈવેન્ટ દરમિયાન મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા અને એસએસ રાજામૌલી હાજર રહ્યા હતા. મહેશ બાબુએ મંચ પરથી સંબોધન કરતાં જણાવ્યું કે, 'હું રાજામૌલીને ગર્વ અનુભવ કરાવીશ.' તેમણે આગળ કહ્યું, 'હું બધાને ગર્વ અનુભવ કરાવીશ! સૌથી મહત્વની વાત એ છે કે, હું મારા ડિરેક્ટરને ગર્વ અનુભવી કરાવીશ. વારાણસી રિલીઝ થયા પછી સમગ્ર દેશને ગર્વ થશે.' ટીઝરમાં વીએફએક્સનો ભવ્ય ઉપયોગ કરવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે આ ફિલ્મ દ્રશ્યની દ્રષ્ટિએ ખૂબ જ વિશાળ હશે.

# 'મને ગ્રે પાત્ર ભજવવામાં મજા આવે છે': હુમા કુરેશીએ કર્યો ખુલાસો



બોલિવૂડ અભિનેત્રી હુમા કુરેશી હાલમાં ઓટીટી પ્લેટફોર્મ પર છવાયેલી છે. પહેલા 'મહારાણી ૪' અને હવે 'દિલ્હી ક્રાઈમ' સીરિઝના ત્રીજા સિઝનથી તે ચર્ચામાં છે. આ સીરિઝમાં અભિનેત્રીએ નકારાત્મક (ગ્રે શેડ) ભૂમિકા ભજવી છે, જેને લઈને તેણે ખુલીને પ્રતિક્રિયા આપી છે. પીટીઆઈ સાથેની વાતચીતમાં હુમા કુરેશીએ 'દિલ્હી ક્રાઈમ ૩'માં પોતાના કિરદાર વિશે જણાવ્યું. તેમણે કહ્યું, 'મેં ગ્રે પાત્રો ભજવ્યા છે, મને હળવા-ફૂલકા ગ્રે કિરદાર ભજવવામાં મજા આવે છે, પણ આ (મીનાનું પાત્ર) ખૂબ ડાર્ક છે, જેટલું ડાર્ક હોઈ શકે તેટલું ડાર્ક અને શાનદાર પણ. મારા કલાકારોએ જ મને ખરાબ કિરદારો કરવા માટે સૂચન કર્યું હતું, તેથી મેં તેને પ્રશંસાના રૂપમાં લીધું.' હુમા કુરેશીએ પોતાના પાત્ર 'મીના' (બડી દીદી)ને જીવંત બનાવવાના પ્રયાસો વિશે જણાવ્યું. તેમણે કહ્યું કે, 'અમે નક્કી કરેલા વિકલ્પો વિશે વિચાર્યું. જેમ કે, હરિયાણવી ભાષાનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો, કારણ કે અમે તેને ફક્ત ફિલ્મી વિલન નહીં પણ એક ખૂબ જ વાસ્તવિક વ્યક્તિ બનાવવા માંગતા હતા.' માનવ તસ્કરી નેટવર્કની શક્તિશાળી હસ્તી 'મીના'નું પાત્ર ભજવતી હુમા કુરેશીએ જણાવ્યું કે શૉટ માટે તેને કોઈ ખાસ માહોલ કે પરફ્યુમની જરૂર પડતી નથી. તે પોતાને સૌભાગ્યશાળી માને છે કે ફક્ત શૉટ પહેલા ૧૦ સેકન્ડનું મૌન રાખીને તે તૈયાર થઈ જાય છે.

### બોલિવૂડ એક્ટ્રેસ નુસરતની લેટેસ્ટ તસવીરોથી ઈન્ટરનેટ પર ધૂમ

# નુસરત ભરુચાએ નવા ફોટોશૂટમાં ફ્લોન્ટ કર્યું કર્વી ફિગર



બોલિવૂડ અભિનેત્રી નુસરત ભરુચાએ ખૂબ જ ઓછા સમયમાં ઈન્ડસ્ટ્રીમાં પોતાની આગવી ઓળખ બનાવી છે. અભિનેત્રીએ તેના ઉત્તમ અભિનયની સાથે સાથે તેની હોટનેસથી પણ ચાહકોના દિલમાં જગ્યા બનાવી છે. તાજેતરમાં જ નુસરત ભરુચાએ તેની સોશિયલ મીડિયા પ્રોફાઈલ પર કેટલીક લેટેસ્ટ તસવીરો શેર કરી છે, જેણે ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. આ તસવીરોમાં નુસરતે પોતાનો ખૂબ જ કિલર લૂક બતાવ્યો છે અને તેના કર્વી ફિગરને આકર્ષક રીતે ફ્લોન્ટ કર્યું છે.



# 'લોકો મારા નામ પર કીચડ ઉછાળી રહ્યા છે..': નોરા ફતેહીની સ્પષ્ટતા

બોલિવૂડની પ્રખ્યાત અભિનેત્રી અને ડાન્સર નોરા ફતેહીનું નામ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલી ડ્રગ્સ પાર્ટીઓના કૌભાંડની તપાસમાં સામે આવ્યું હતું, જેના પગલે સોશિયલ મીડિયા પર તેમને ભારે ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. આ સમગ્ર મામલે હવે અભિનેત્રીએ પોતે જ મૌન તોડ્યું છે. નોરા ફતેહીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક લાંબો નોટ શેર કરીને ટ્રોલર્સ અને તેમના પર કીચડ ઉછાળનારા લોકોને મોઢતોડ જવાબ આપ્યો છે. નોરા ફતેહીએ પોતાના નિવેદનમાં સ્પષ્ટતા કરી કે તેમનું જીવન સતત કામમાં વ્યસ્ત રહે છે. તેમણે કહ્યું, 'હું પાર્ટીઓમાં જતી નથી. હું સતત કામ કરી રહી છું. મારી કોઈ પર્સનલ લાઈફ છે જ નહીં. હું પોતાને એવા લોકો સાથે જોડતી નથી. જો હું રજા લઉં છું, તો મારા દુબઈવાળા ઘરમાં અથવા નજીકના લોકો સાથે સમય વિતાવવાનું પસંદ કરું છું.' અભિનેત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે તેને જાણી જોઈને સહેલો ટાર્ગેટ બનાવવામાં આવી રહી છે. નોરા ફતેહીએ લખ્યું, 'મને લાગી રહ્યું છે કે મારું નામ સરળ ટાર્ગેટ છે. પણ હું આ બધું ફરીથી નહીં થવા દઉં. લોકોએ મને બરબાદ કરવાની કોશિશ કરી, ખોટાં બોલ્યાં, પણ કંઈ કામ આવ્યું નહીં. જ્યારે લોકો મારા નામ પર કીચડ ઉછાળી રહ્યા હતા, ત્યારે હું ચૂપ રહી હતી. પરંતુ હવે મારા ફોટા અને નામનો ઉપયોગ એવા મામલાઓથી દૂર રાખો, જેની સાથે મારે કોઈ લેવાદેવા નથી. આ બહુ મોંઘું પડી શકે છે.' નોરા ફતેહીએ 'દિલબર કી આંખો કા' જેવા ઘણા બ્લોકબસ્ટર આઈટમ સોંગ્સ આપી ચૂકી છે. મીડિયા અહેવાલ મુજબ, હવે અભિનેત્રી જલ્દી જ સાઉથની હોરર ફિલ્મ 'કાંચના ૪'માં જોવા મળશે.



# વ્હાઈટ મિનિ ડ્રેસમાં સારા ગુરપાલે આપ્યા કિલર પોઝ, તસવીરો વાયરલ

'બિગ બોસ ૧૪'માં જોવા મળેલી પંજાબી સિંગર અને અભિનેત્રી સારા ગુરપાલ હાલમાં પોતાની ગ્લેમરસ તસવીરોને કારણે ચર્ચામાં છે. સારા ગુરપાલએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર પોતાની કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં તે વ્હાઈટ મિનિ ડ્રેસમાં જોવા મળી રહી છે. આ તસવીરોમાં સારા ગુરપાલ તેના કામુક લૂક અને બોલ્ડ પોઝથી ચાહકોને દિવાના બનાવી રહી છે. બાથટબ પર બેસીને સારાએ એક પછી એક કિલર પોઝ આપ્યા છે. સારા ગુરપાલની આ સ્ટાઈલ લોકોને ખૂબ જ પસંદ આવી રહી છે. ફેન્સ તેની સુંદરતા અને કર્વી ફિગરના જોરદાર વખાણ કરી રહ્યા છે અને આ તસવીરો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થઈ રહી છે.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# સ્પેને જ્યોર્જિયાને 4-0 થી હરાવી વર્લ્ડ કપ 2026 ક્વોલિફાઇંગમાં જીતનો સિલસિલો જાળવ્યો

- સ્પેનની વર્લ્ડ કપ 2026 માં સીધી એન્ટ્રી માટે ટર્કી સામે છેલ્લી અને મહત્ત્વપૂર્ણ મેચ
- યુરોપિયન ચેમ્પિયન સ્પેનની ગ્રુપ વિજયમાં 19 ગોલ અને શૂન્ય કન્સિડ સાથે જોરદાર ટક્કર

મેડ્રિડ: યુરોપિયન ચેમ્પિયન સ્પેને ફૂટબોલ વર્લ્ડ કપ ક્વોલિફાઈંગમાં પોતાનો વિજય રથ આગળ ધપાવ્યો છે. શનિવારે રમાયેલી એક મેચમાં સ્પેને જ્યોર્જિયાને 4-0 થી હરાવ્યું હતું અને આ સાથે જ તેઓ આવતા વર્ષના મુખ્ય ટૂર્નામેન્ટમાં સ્થાન મેળવવાની એક ડગલું નજીક પહોંચી ગયા છે. કોચ લુઈસ ડી લા ફ્યુએન્ટેની ટીમનું પ્રદર્શન અવિશ્વસનીય રહ્યું છે. ગ્રુપની પાંચ મેચોમાં તેમણે કુલ 19 ગોલ કર્યા છે જ્યારે પોતાના ગોલ પોસ્ટમાં એક પણ ગોલ થવા દીધો નથી. આ જીત સાથે સ્પેને ગ્રુપ E માં ટર્કી પર ત્રણ પોઈન્ટની લીડ મેળવી લીધી છે. ટર્કીએ પણ તે જ દિવસે બલ્ગેરિયાને 2-0 થી હરાવીને બીજું સ્થાન જાળવી રાખ્યું છે. ઈજાગ્રસ્ત સ્ટાર્સ લામીન યામલ, પેડ્રિ ગોન્ઝાલેઝ કે રોડ્રીની ગેરહાજરીમાં પણ ટીમનું પ્રદર્શન સંતુલિત રહ્યું હતું. સ્પેન તરફથી મિકેલ ઓયારઝાબાલે બે ગોલ કરીને ટીમને લીડ અપાવી. તેમણે 11મી મિનિટે પેનલ્ટી દ્વારા પહેલો ગોલ કર્યો અને 63મી મિનિટે ચોથો ગોલ હેડરથી કર્યો હતો. આ રિયલ સોસિડેડ સ્ટ્રાઈકરનો સ્પેન માટે 50મી મેચમાં આ 20મો અને 21મો ગોલ હતો. માર્ટિન ઝુબિમેન્ડી અને ફેરન ટોર્સે પણ ગોલ કરીને હાફ-ટાઈમ સુધીમાં ટીમને 3-0ની લીડ અપાવી દીધી હતી. સ્પેન મંગળવારે તેની છેલ્લી ક્વોલિફાયર મેચમાં ટર્કીને હરાવીને કે ડ્રો કરીને વર્લ્ડ કપના ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરવા તૈયાર છે. જો ટર્કીને સીધી ટિકિટ જોઈતી હોય તો તેમને સ્પેનને મોટા માર્જિનથી હરાવવું પડશે, કારણ કે ગોલ તફાવતમાં સ્પેન (+19) ટર્કી (+5) કરતાં ઘણું આગળ છે. જોકે, કોચ ડી લા ફ્યુએન્ટેએ કહ્યું કે ગણિતીય રીતે ક્વોલિફાય ન થાય ત્યાં સુધી તેઓ કોઈ ઉજવણી કરશે નહીં.



# ઈડન ગાર્ડન્સ પિચ અણધારી રીતે બગડી: મોર્ને મોર્કલનું કબૂલાત

કોલકાતા: ભારતીય ટીમના બોલિંગ કોચ મોર્ને મોર્કલે એડન ગાર્ડન્સની પિચ અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે સ્વીકાર્યું કે બીજા દિવસે જે નાટકીય રીતે ૧૫ વિકેટો પડી અને મેચ ભારતની તરફેણમાં ઝૂકી ગઈ, તે દરમિયાન પિચની સ્થિતિ જે ઝડપથી 'બગડી' તેનાથી ભારતીય ટીમ પણ 'આશ્ચર્યચકિત' થઈ હતી. પહેલી ટેસ્ટ મેચના બીજા દિવસે ભારતીય ટીમ ૩૭/૧ થી શરૂઆત કરીને ૧૮૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ત્યારબાદ, રવિન્દ્ર જાડેજા (૪/૨૯) અને કુલદીપ યાદવ (૨/૧૨)ની જાદુઈ સ્પિન બોલિંગ સામે દક્ષિણ આફ્રિકાની ટીમ ૯૩/૭ ની દયનીય સ્થિતિમાં મુકાઈ ગઈ, જે ભારતની માત્ર ૬૩ રનની કુલ લીડ છે. કેપ્ટન ટેમ્બા બાવુમા (૭૮ બોલમાં ૨૯ રન) એકમાત્ર બેટ્સમેન હતા જેમણે થોડો પ્રતિકાર દર્શાવ્યો. બીજા દિવસની રમત પૂરી થયા બાદ મોર્ને મોર્કલએ પત્રકારોને જણાવ્યું કે ડ્રેસિંગ રૂમે પણ ઈડન ગાર્ડન્સ પિચ આટલી ઝડપથી ઘસાશે તેવી અપેક્ષા નહોતી રાખી. તેમણે કહ્યું, 'સાચું કહું તો, અમને પણ પિચ આટલી ઝડપથી બગડશે તેની અપેક્ષા નહોતી. અમને લાગ્યું હતું કે પ્રથમ થોડા કલાકો જોયા પછી તે એક સારી પિચ છે, તેથી આટલી ઝડપથી બગડવું અણધાર્યું હતું.' મોર્કલએ ભારપૂર્વક જણાવ્યું કે ઉપખંડમાં રમવાની આ જ સુંદરતા છે, જ્યાં ટીમોએ પરિસ્થિતિઓ સાથે ઝડપથી અનુકૂલન સાધવું પડે છે. પિચના વર્તન છતાં, મોર્કલએ કહ્યું કે ભારતે તેમની શક્તિઓ પર વિશ્વાસ રાખવાની તૈયારી કરી હતી. તેમણે કહ્યું, 'અમારી પાસે સીમ અને સ્પિન બંનેની ગુણવત્તા છે. અમારા માટે તે માત્ર પરિસ્થિતિઓ સામે શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની બાબત છે.' કોચે ખુલાસો કર્યો કે શરૂઆતમાં ભારતે પિચને "સારી" માનીને દક્ષિણ આફ્રિકાની બેટિંગ લાઈન-અપને કેવી રીતે નિશાન બનાવવી તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.





# કેપ્ટન ગિલ ગરદનની ઈજાને કારણે ICU માં દાખલ, કોલકાતા ટેસ્ટમાંથી બહાર

કોલકાતા

સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસની રમત શરૂ થાય તે પહેલા જ ભારતીય ટીમને મોટો ફટકો પડ્યો છે. ટીમના કેપ્ટન શુભમન ગિલ ગરદનની ઈજાને કારણે મેચના બાકીના ભાગમાંથી બહાર થઈ ગયા છે. શનિવારે બીજા દિવસની રમત દરમિયાન ગિલને ઈજા થઈ હતી અને તેને કોલકાતાની વૂડલેન્ડ્સ હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યો છે. મીડિયા સૂત્રો દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે ગિલને શરૂઆતથી જ ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU) માં રાખવામાં આવ્યો છે, પરંતુ તે માત્ર નિરીક્ષણ માટે જ છે.

**ક્રિટિકલ કેર પેનલની રચના**

ગિલ રવિવારે હોસ્પિટલમાં જ રહેશે અને બાકીની મેચ માટે તે અનુપલબ્ધ જાહેર કરાયો છે. એટલું જ નહીં, ગુવાહાટીમાં રમાનારી આગામી ટેસ્ટમાં પણ તેની ભાગીદારી અનિશ્ચિત છે. મીડિયા અહેવાલ મુજબ, ગિલને ડો. સપ્તર્ષિ બાસુ ની દેખરેખ હેઠળ દાખલ કરવામાં આવ્યો છે અને સાવચેતીના પગલા તરીકે એક મેડિકલ બોર્ડની રચના કરવામાં આવી છે. આ પેનલમાં ક્રિટિકલ કેર નિષ્ણાત, ન્યુરોસર્જન, ન્યુરોલોજિસ્ટ અને કાર્ડિયોલોજિસ્ટ નો સમાવેશ થાય છે, જેથી તેની સ્થિતિના દરેક પાસાનું નજીકથી નિરીક્ષણ કરી શકાય. અધિકારીઓએ જણાવ્યું છે કે તેની આગામી ટેસ્ટમાં ભાગીદારી સંપૂર્ણપણે તેની રિકવરીની ઝડપ પર નિર્ભર રહેશે. હાલમાં, તે સમયસર ફીટ થઈ શકશે કે કેમ તે અનુમાન લગાવવું અશક્ય છે, જોકે તે અપેક્ષા કરતાં વહેલો સ્વસ્થ થઈ જશે તેવી સાવચેતીભરી આશાવાદ પ્રવર્તે છે.

**મેદાન પર શું થયું?...**બીજા દિવસની રમત દરમિયાન, શુભમન ગિલ માત્ર ત્રણ બોલનો સામનો કરીને રીટાયર્ડ હર્ટ થયો હતો. સાયમન હાર્મરના બોલ પર સ્વીપ શોટ રમ્યા પછી તે ગરદન પકડીને સ્પષ્ટપણે અસ્વસ્થતામાં જોવા મળ્યો હતો અને તેણે તબીબી સહાય માટે વિનંતી કરી હતી. ત્યારબાદ તેને સ્કેન અને નિરીક્ષણ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

- શુભમન ગિલની દેખરેખ માટે ક્રિટિકલ કેર નિષ્ણાતોની મેડિકલ પેનલ તૈયાર
- ગુવાહાટી ટેસ્ટમાં ગિલની ઉપલબ્ધતા અનિશ્ચિત, બીસીસીઆઈ ની નજર
- ભારતીય કેપ્ટન ગિલના સ્વાસ્થ્ય પર કોઈ જોખમ લેવાશે નહીં: ટીમ મેનેજમેન્ટ
- ICU માં ફક્ત નિરીક્ષણ માટે છે, MRI રિપોર્ટમાં કોઈ ગંભીર સમસ્યા નથી

**2025ની મુખ્ય 5 સદી**

**147** ઈંગ્લેન્ડ સામે લીડ્સમાં રમાયેલી પહેલી ટેસ્ટમાં કેપ્ટન તરીકેની આ પ્રથમ સદી હતી, જેણે સિરીઝની શરૂઆત મજબૂત કરી

**269** એજબેસ્ટનમાં, આ ઈનિંગ્સ ભારતીય કેપ્ટનનો સર્વોચ્ચ ટેસ્ટ સ્કોર બની. ડબલ સેન્ચુરીથી ટીમને મોટી લીડ મળી.

**161** એજબેસ્ટન ટેસ્ટની બીજી ઈનિંગમાં ફટકારેલી આ સદીએ ભારતને ઐતિહાસિક વિદેશી જીત અને સિરીઝમાં કમબેક અપાવ્યું.

**105** ઓવલ ટેસ્ટમાં અંતિમ સદી, જ્યાં ગિલે ભારત માટે સિરીઝમાં સર્વાધિક રન બનાવવાનો રેકોર્ડ તોડી ઈતિહાસ રચ્યો.

**129** વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતમાં કેપ્ટન તરીકેની આ તેમની પ્રથમ હોમ સદી હતી

ભારતીય બેટ્સમેનોનું શરમજનક પ્રદર્શન

## જીતેલી મેચ હારી ગઈ ટીમ ઈન્ડિયા, 93 રનમાં ઓલઆઉટ



જયપુર

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બે ટેસ્ટ મેચની શ્રેણીની પહેલી મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાઈ હતી. આ મેચમાં દક્ષિણ આફ્રિકાએ 30 રનથી જીત મેળવી છે. લક્ષ્યનો પીછો કરતી વખતે ભારત બીજા દાવમાં ફક્ત 93 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. દક્ષિણ આફ્રિકા માટે સ્પિનર હાર્મરે આ મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. ટીમ ઈન્ડિયા 30 રનથી મેચ હારી ગઈ હતી. દક્ષિણ આફ્રિકાએ ભારત માટે 124 રનનો લક્ષ્યાંક રાખ્યો હતો, પરંતુ ભારતીય ટીમ આ લક્ષ્યાંક હાંસલ કરવામાં નિષ્ફળ ગઈ હતી અને અંતે 93 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ સાથે, દક્ષિણ આફ્રિકાએ ઈડન ગાર્ડન્સ ખાતે સૌથી ઓછા સ્કોરનો બચાવ કરીને ઈતિહાસ રચ્યો. આ અગાઉ, આ મેદાન પર સૌથી ઓછો સ્કોર 192 રન હતો,

# સંજુ સેમસને રાજસ્થાન રોયલ્સ કેમ છોડ્યું?

## ફ્રેન્ચાઈઝી માલિક મનોજ બદલેએ ભાવુક કારણ જાહેર કર્યું

### સંજુ માનસિક અને શારીરિક રીતે થાકી ગયો હતો, તેથી નવી શરૂઆત કરવા માંગતો હતો

જયપુર



IPL ના ઈતિહાસમાં સૌથી મોટા ટ્રેડમાંથી એક આખરે સત્તાવાર બની ગયો છે, જેમાં વિકેટ-કીપર બેટર સંજુ સેમસન ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) સાથે જોડાયો છે, જ્યારે રવીન્દ્ર જાડેજા અને સેમ કરન રાજસ્થાન રોયલ્સ (RR) માં ગયા છે. આ ટ્રેડની અટકળો ઘણા અઠવાડિયાથી ચાલી રહી હતી. આ મોટા વિકાસ વચ્ચે, રાજસ્થાન રોયલ્સના માલિક મનોજ બદલેએ ખુલાસો કર્યો છે કે ફ્રેન્ચાઈઝીના કેપ્ટનના આ બહાર નીકળવા પાછળનું સાચું કારણ શું હતું. મનોજ બદલેએ રાજસ્થાન રોયલ્સના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં સમજાવ્યું કે સંજુ સેમસને IPL 2025 ની સિઝનના અંતમાં Kolkata Knight Riders સામેની મેચ પછી ફ્રેન્ચાઈઝી છોડવાની વિનંતી કરી હતી. બદલેએ કહ્યું, 'આ વર્ષે કે છેલ્લા વર્ષમાં સંજુએ આગળ વધવાની વાત કદાચ સિઝનના અંતમાં કોલકાતા માં કરી હતી. મેચ પછી અમારી મીટિંગ થઈ હતી. તે ખૂબ જ પ્રમાણિક વ્યક્તિ છે, અને તે વ્યક્તિગત, ભાવનાત્મક રીતે થાકી ગયો હતો.'

# પગાર કાપ સાથે રવીન્દ્ર જાડેજાએ ચેન્નઈ સુપર કિંગ્સ છોડ્યું: શું રાજસ્થાન રોયલ્સે કપ્તાનીનું વચન આપ્યું?

### આકાશ ચોપરાને આશ્ચર્ય: 18 કરોડને બદલે 14 કરોડમાં જાડેજાએ RR સાથે ટ્રેડ કર્યો

મુંબઈ



ઈન્ડિયન પ્રીમિયર લીગ ના ઈતિહાસમાં સૌથી મોટા ટ્રેડ-ઓફ પૈકી એકમાં, સ્ટાર ભારતીય ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા અને સેમ કરને ચેન્નઈ સુપર કિંગ્સ છોડીને પોતાની જૂની ટીમ રાજસ્થાન રોયલ્સ માં જોડાતાં ક્રિકેટ જગતમાં મોટો ખળભળાટ મચી ગયો છે. ચેન્નઈ સુપર કિંગ્સે બદલામાં RR ના મુખ્ય ખેલાડી અને વિસ્ફોટક વિકેટકીપર-બેટર સંજુ સેમસન ની સેવાઓ મેળવી છે. સંજુ સેમસન ધોની પછીના યુગ માટે CSK માટે વિકેટકીપિંગ અને કપ્તાનીની ક્ષમતા પૂરી પાડે છે. સૌથી આશ્ચર્યની વાત એ છે કે, સંજુ સેમસન CSK માં ગયા વર્ષે RR દ્વારા તેને રિટેન કરાયેલી ફી એટલે કે 18 કરોડ રૂપિયા માં જોડાયો છે. જોકે, જાડેજાની ફીમાં સુધારો કરવામાં આવ્યો છે અને તેને પાંચ વખતની ચેમ્પિયન CSK દ્વારા રિટેન કરાયેલી રકમ કરતાં 4 કરોડ રૂપિયા ઓછા એટલે કે 14 કરોડ રૂપિયા માં RR માં ટ્રેડ કરવામાં આવ્યો છે. પૂર્વ ભારતીય ક્રિકેટર આકાશ ચોપરાએ પોતાની યુટ્યુબ ચેનલ પર આ ટ્રેડ વિશે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. તેમણે સવાલ ઉઠાવ્યો કે એક ખેલાડીની સંમતિ વિના તેની કિંમત બદલી શકાતી નથી, ત્યારે જાડેજાએ ચેન્નઈ છોડવા માટે 4 કરોડ રૂપિયા ઓછા કેમ લીધા? આકાશે અનુમાન લગાવ્યું, 'આ ખરેખર માથું ફેરવી નાખે તેવી વાત છે.

**ધોની નહીં, સેમસન નહીં**

- સંજુ સેમસનનો ટ્રેડ થતાં સુકાનીપદ બદલાવવાની ચર્ચા પર CSKએ પડદો પાડ્યો

# સંજુ સેમસન નહીં, રુતુરાજ ગાયકવાડ જ IPL ૨૦૨૬ માટે CSKના કેપ્ટન

નવી દિલ્હી



IPLના ઈતિહાસમાં સૌથી મોટી ટ્રેડ ડીલ પૈકીની એક ડીલ થયા બાદ, ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)ના સુકાનીપદને લઈને ચાલી રહેલી તમામ અટકળો પર પૂર્ણવિરામ મુકાઈ ગયો છે. ચેન્નાઈ સુપર કિંગ્સે (CSK) પુષ્ટિ કરી છે કે રુતુરાજ ગાયકવાડ જ આગામી IPL ૨૦૨૬ કેપ્ટન તરીકે ટીમનું નેતૃત્વ કરશે. ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં સૌથી મોટા ટ્રેડમાંથી એકમાં, રાજસ્થાન રોયલ્સ (RR)ના આધારસ્તંભ ગણાતા વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસનને પાંચ વખતના ચેમ્પિયન CSKમાં ટ્રેડ કરવામાં આવ્યા છે. બદલામાં, રાજસ્થાન રોયલ્સને 'મેન ઈન યલો'ના દંતકથા સમાન રવીન્દ્ર જાડેજા અને ઈંગ્લેન્ડના સ્ટાર ઓલ-રાઉન્ડર સેમ કરનની સેવાઓ મળી છે.

**ગાયકવાડ પર વિશ્વાસ...**સંજુ સેમસન (જેણે ૨૦૨૪માં ૫૩૧ રન બનાવ્યા હતા અને ૨૦૨૧થી RRનું નેતૃત્વ કર્યું હતું) CSKમાં આવતા જ ચર્ચાઓ શરૂ થઈ હતી કે શું તે ચેન્નાઈનો આગામી કપ્તાન હશે? જોકે, CSK મેનેજમેન્ટે પુષ્ટિ કરી છે કે રુતુરાજ ગાયકવાડ (જેણે બે સીઝન માટે સુકાનીપદ સંભાળ્યું છે) જ કપ્તાન તરીકે ચાલુ રહેશે. નોંધનીય છે કે ૨૦૨૫ની સીઝનમાં ગાયકવાડને મધ્ય-સીઝન દરમિયાન નિયમોના કારણે બહાર થવું પડ્યું હતું, ત્યારે એમ.એસ. ધોનીએ વચગાળાના કપ્તાન તરીકે જવાબદારી સંભાળી હતી.

**જાડેજાની વિદાય અને સંજુનું આગમન**

રવીન્દ્ર જાડેજા (IPLમાં ૨૫૪ મેચ રમનાર) ૨૦૧૨થી ૨૦૨૫ સુધી CSKનો મુખ્ય ભાગ રહ્યા હતા અને CSK માટે સૌથી વધુ વિકેટ (૧૪૩) લેનાર તથા સૌથી વધુ રન (૨,૧૯૮) બનાવનાર ખેલાડી રહ્યા છે. ૨૦૨૩ની ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સ સામેનો તેમનો વિજયી છગ્ગો યાદગાર છે. બીજી તરફ, સંજુ સેમસન એક દાયકાથી વધુ સમય સુધી રાજસ્થાન રોયલ્સનો ચહેરો રહ્યો છે. તેની વિદાય RRના ચાહકો માટે ભાવનાત્મક ક્ષણ છે. સેમસન IPL અને ચેમ્પિયન્સ લીગ T૨૦માં RRનો સર્વશ્રેષ્ઠ રન-ગેટર છે, તેણે ૧૫૫ મેચમાં ૪,૨૧૯ રન બનાવ્યા છે.

**બિલી જીન કિંગ કપ:** ભારતની સફર પૂરી, સ્લોવેનિયા ક્વાલિફાયર્સમાં પહોંચ્યું

# શ્રીવલ્લી ભામીડીપતી અને સહજા યામલપલ્લીએ જોરદાર સંઘર્ષ કર્યો, પણ જીત ન મળી

બેંગલુરુ



બિલી જીન કિંગ કપની ગ્રુપ-જીની ટાઈમાં સ્લોવેનિયાએ ભારતને ૨-૦થી હરાવીને ક્વોલિફાયર્સમાં પ્રવેશ કરી લીધો છે. ભારતીય ખેલાડીઓ શ્રીવલ્લી ભામીડીપતી અને સહજા યામલપલ્લીએ તેમના વિરોધીઓને જોરદાર ટક્કર આપી, પરંતુ નિર્ણાયક તબક્કે તેઓ જીતની રેખા પાર કરી શક્યા નહીં. ભારત તરફથી કોર્ટમાં ઉતરેલી શ્રીવલ્લી ભામીડીપતીએ સ્લોવેનિયાની તામરા ઝિદાનસેક સામે ૨ કલાક અને ૧૯ મિનિટ સુધી જોરદાર લડાઈ લડી. જોકે, આખરે ઝિદાનસેકે ૩-૬, ૬-૪, ૧-૬થી જીત મેળવી. શ્રીવલ્લી શરૂઆતમાં થોડી નર્વસ દેખાઈ હતી, જેના કારણે ઝિદાનસેકે ઝડપથી ૪-૦ની લીડ બનાવી લીધી. જોકે, ભારતીય ખેલાડીએ ધીમે ધીમે આત્મવિશ્વાસ મેળવ્યો અને બીજો સેટ જીતવા માટે શક્તિ અને ઊંડાણ સાથે શૉટ્સ લગાવ્યા. તેણીએ પહેલા જ ગેમમાં બ્રેક મેળવ્યો અને પછી ત્રણ બ્રેક પોઈન્ટ બચાવીને ૨-૦ની લીડ લીધી. જોકે, ત્રીજા સેટમાં ઝિદાનસેક વધારે સ્ફૂર્તિમાં જોવા મળી અને શ્રીવલ્લીને વિચારો અને ઉર્જાની દ્રષ્ટિએ ઓછી પડતા આખરે વિજય મેળવ્યો. શ્રીવલ્લીએ મેચ પછી કહ્યું, 'તામરા એક અદ્ભુત ખેલાડી છે અને અનુભવી પણ છે. મને ખુશી છે કે હું તેની સામે સારી લડત આપી શકી. અમારી ટીમ ૧૦૦% આપવા માગતી હતી, જેથી આખા ભારતમાં લોકોને ખબર પડે કે મહિલાઓને શા માટે વધુ સમર્થન આપવું જોઈએ.' બીજા સિંગલ્સ મુકાબલામાં સહજા યામલપલ્લી, જેનો વર્લ્ડ રેન્ક ૩૦૯ છે, તે કાજા જુઆન સામે ૪-૬, ૪-૨થી હારી ગઈ. જુઆને પ્રથમ સેટમાં ૫-૪ની લીડ લીધા બાદ સેટ જીતી લીધો. બીજા સેટમાં જુઆન વધારે આક્રમક દેખાઈ. સહજાના ગ્રાઉન્ડ શૉટ્સમાં પૂરતી તાકાત કે ખૂણાઓનો અભાવ હતો, જે જુઆનને મુશ્કેલીમાં મૂકી શક્યા નહીં.

**ઈડન ગાર્ડન્સ પિચ વિવાદ સૌરવ ગાંગુલીનો મોટો ધડાકો**

ગાંગુલીએ કહ્યું, ક્યુરેટર મુખર્જીનો કોઈ દોષ નથી

# ગૌતમ ગંભીરની ભારતીય ટીમે આવી પિચ માંગી હતી!: ગાંગુલી



કોલકાતા

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે કોલકાતામાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચ માત્ર 3 દિવસમાં સમાપ્ત થવાના આરે છે, જેના કારણે ઉપખંડમાં ફરી એકવાર પિચને લઈને મોટો વિવાદ ઉભો થયો છે. મેચની ચાર ઈનિંગ્સમાંથી એક પણ ઈનિંગ્સમાં બંને ટીમો 200 રનનો આંકડો પાર કરી શકી ન હતી, જેના પગલે ચાહકો અને નિષ્ણાતોમાં ઈડન ગાર્ડન્સના ક્યુરેટર સુજન મુખર્જી દ્વારા તૈયાર કરાયેલી પિચની પ્રકૃતિ વિશે જોરદાર ચર્ચા ચાલી રહી છે. જોકે, ક્રિકેટ એસોસિયેશન ઓફ બેંગાલ (CAB) ના પ્રમુખ અને ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ એક મોટો ખુલાસો કરીને સમગ્ર ધ્યાન ગૌતમ ગંભીરના નેતૃત્વ હેઠળના ભારતીય કેમ્પ પર પાછું વાળ્યું છે. ગાંગુલીએ મીડિયા રિપોર્ટને જણાવ્યું કે, આ પિચ ભારતીય ટીમ મેનેજમેન્ટની ઈચ્છા મુજબ તૈયાર કરવામાં આવી હતી. તેથી, ક્યુરેટર મુખર્જીને દોષ આપવાનો કોઈ અર્થ નથી. ભૂતપૂર્વ કેપ્ટને એવો પણ ખુલાસો કર્યો કે ટેસ્ટ શરૂ થવાના ચાર દિવસ પહેલા પિચને પાણી આપવામાં આવ્યું ન હતું, જેના કારણે તે આ રીતે તૂટી પડી હતી. મીડિયા અહેવાલ મુજબ, 'પિચ એવી છે જે ભારતીય કેમ્પને જોઈતી હતી. જ્યારે તમે ચાર દિવસ સુધી પિચને પાણી નથી આપતા, ત્યારે આવું થાય છે. ક્યુરેટર સુજન મુખર્જીને દોષ આપી શકાય નહીં,' તેમ ગાંગુલીએ કહ્યું. મેચના બીજા દિવસની રમત શરૂ થઈ ત્યારથી જ પિચ પર વિવિધ પ્રતિક્રિયાઓ આવવાની શરૂ થઈ ગઈ હતી. ભૂતપૂર્વ ભારતીય વિકેટ-કીપર બેટર દિનેશ કાર્તિકે પણ પિચ વિશેની આ માહિતીની પુષ્ટિ કરી: 'મેચની આગલી રાત્રે પિચને પાણી આપવામાં આવ્યું ન હતું. તેથી જ તે આટલી વહેલી તૂટી ગઈ. બીજી બાજુ, સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ઝડપી બોલર વર્નોન ફિલાન્ડરે ધ્યાન પિચ પરથી હટાવીને ખેલાડીઓ પર કેન્દ્રિત કરવા કહ્યું હતું. તેમણે કહ્યું, 'પિચ નહીં, ખેલાડીઓ વિશે વાત કરો. ટેસ્ટ ક્રિકેટ અનુકૂલન વિશે છે.' જોકે, પ્રવાસી ટીમના બેટિંગ કોચ એશવેલ પ્રિન્સે સ્વીકાર્યું કે પિચના કારણે બેટર્સનો વિશ્વાસ ડગમગ્યો છે.

**ફિડે વર્લ્ડ કપમાં ભારતની ધમાકેદાર એન્ટ્રી** // અર્જુને બે વખતના વિજેતા લેવોન એરોનિયનને હરાવીને ઈતિહાસ રચ્યો : કાળા મહોરાંથી જીત મેળવી ભારતીય ગ્રાન્ડમાસ્ટરનું જબરદસ્ત પ્રદર્શન

# ચેસમાં ભારતનો ડંકો: અર્જુન એરિગૈસી ફિડે વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઈનલમાં



ગોવા

ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસીએ ફિડે વર્લ્ડ કપમાં ધમાકેદાર પ્રદર્શન કરીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. શનિવારે પંજી, ગોવામાં રમાયેલી રાઉન્ડ ઓફ 16ની બીજી ગેમમાં અર્જુને અમેરિકાના દિગ્ગજ ખેલાડી અને બે વખતના વિજેતા લેવોન એરોનિયનને હરાવ્યો હતો. અર્જુનની આ જીત એટલા માટે પણ ખાસ છે કારણ કે તેણે કાળા મહોરાં સાથે આ કમાલ કરી બતાવ્યો, જે તેની ઝડપથી વિવિધ પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધવાની અદભૂત ક્ષમતા દર્શાવે છે. ક્લાસિકલ ટાઈમ કંટ્રોલ હેઠળ રમાયેલી પહેલી ગેમ ડ્રો રહ્યા બાદ, અર્જુન એરિગૈસી બીજા મુકાબલામાં સંપૂર્ણપણે નિયંત્રણમાં હતો. તેણે શરૂઆતથી જ પોતાની રમતને શ્રેષ્ઠ સ્વરૂપમાં રજૂ કરી અને એરોનિયનને ગમતી પોઝિશન મળી નહીં. ઈટાલિયન ઓપનિંગથી શરૂ થયેલી આ મેચમાં મધ્ય રમતમાં નિયમિત પ્યાદાનું માળખું હતું, પરંતુ અર્જુને કેન્દ્રમાં પ્રથમ સફળતા મેળવી અને રાજા તરફના ભાગમાં નુકસાન પહોંચાડવા માટે તેના ઘોડાઓ સક્રિય કર્યા.

**એરોનિયનની ભૂલ અને અર્જુનનો વિજયી દાવ...** સામાન્ય રીતે શાંત ગણાતા એરોનિયન આ ઈવેન્ટમાં પહેલીવાર દબાણમાં જોવા મળ્યા. તેમણે સંરક્ષણ માટે મુશ્કેલ પોઝિશન સામે ઝઝૂમવું પડ્યું. એરોનિયન ૨૮મો દાવ રમવામાં નિષ્ફળ રહ્યા, જે તેમની હતાશાનો સંકેત હતો.આના જવાબમાં, અર્જુનનો પછીનો દાવ, એક આકર્ષક ઘોડાનું બલિદાન (નાઈટ સેક્રિફાઈસ), અંતિમ ખીલ્લો સાબિત થયો. આ જીત સાથે ભારતીય ખેલાડી હવે પ્રતિષ્ઠિત ફિડે વર્લ્ડ કપ જીતવાથી માત્ર ત્રણ વિજય દૂર છે. બીજી તરફ, ભારતના અન્ય ગ્રાન્ડમાસ્ટર પી. હરિકૃષ્ણને મેક્સિકોના જોસ એડ્યુઆર્ડો માટિનેઝ અલકાન્ટારા સામે સતત બીજો ડ્રો રમ્યો હતો. હરિકૃષ્ણનું ભાગ્ય હવે રવિવારે યોજાનાર ટાઈ-બ્રેકર મેચ પર નિર્ભર છે. આ $૨ મિલિયન ઈનામી ઈવેન્ટના ટોચના ત્રણ ખેલાડીઓ આગામી કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થવાના છે. અન્ય મેચોમાં ઉઝબેકિસ્તાનના નોદિરબેક યાકુબ્બોવે આર્મેનિયાના ગેબ્રિયલ સાર્ગિશિયનને હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. ચીનના વેઈ યીએ અમેરિકાના સેવિયન સેમ્યુઅલની સંરક્ષણ પંક્તિ તોડીને વિજય મેળવ્યો હતો. જ્યારે મીડિયા રિપોર્ટ મુજબ, કેટલાક મુકાબલા ટાઈ-બ્રેકરમાં જશે.

## G7 વિદેશ મંત્રીઓએ વધતા ઈન્ડો-પેસિફિકમાં તણાવ પર ચિંતા વ્યક્ત કરી

# ચીનનું સૈન્ય તાઈવાનની સરહદ પર 30 વિમાનો 8 જહાજોની ઘૂસણખોરી

(એજન્સી) તાઈપેઇ । તા. 16

તાઈવાનની સરહદ પર ચીન દ્વારા સૈન્ય ગતિવિધિઓ સતત આક્રમક બની રહી છે. રવિવારે સવારે ૬ વાગ્યા સુધીમાં, તાઈવાનના રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયે તેની આસપાસના જળક્ષેત્રોમાં ૩૦ ચીની લશ્કરી વિમાનો, સાત જહાજો અને એક સત્તાવાર જહાજની હાજરી શોધી કાઢી હતી. આ ઘૂસણખોરીથી સમગ્ર ઈન્ડો-પેસિફિકમાં તણાવ વધુ ઊંચો ગયો છે.

મંત્રાલય દ્વારા 'એક્સ' પર પોસ્ટ કરીને જણાવાયું હતું કે, શોધાયેલા ૩૦ વિમાનોમાંથી ૧૭ વિમાનોએ તાઈવાનની સરહદ ને વ્યાખ્યાયિત કરતી મધ્ય રેખા ઓળંગી હતી અને તાઈવાનના ઉત્તરીય, મધ્ય, દક્ષિણપશ્ચિમ અને પૂર્વીય એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોનમાં પ્રવેશ કર્યો હતો. તાઈવાનના સૈન્યે આ પરિસ્થિતિ પર સતત નજર રાખી છે અને તેને અનુરુપ કાર્યવાહી કરી છે. શનિવારે પણ ચીની લશ્કરી વિમાનોના ૨૦ ઉડ્ડયન અને છ જહાજો મળી આવ્યા હતા, જેમાંથી ૧૭એ મધ્ય રેખા ઓળંગી હતી. આ બે દિવસની સૈન્ય ઉશ્કેરણી સ્પષ્ટપણે ચીનના આક્રમક વલણને દર્શાવે છે.

### G7ની આકરી ટીકા અને વૈશ્વિક ચિંતા

જ્યારે એક તરફ ચીન તાઈવાન પર દબાણ વધારી રહ્યું છે, ત્યારે બીજી તરફ વૈશ્વિક સત્તાઓનું જૂથ G7 આ ક્ષેત્રની સ્થિરતા અંગે ચિંતિત છે. કેનેડાની G7 પ્રેસિડેન્સી હેઠળ નાયગ્રામાં યોજાયેલી G7 વિદેશ મંત્રીઓની બેઠક બાદ જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં કાયદાના શાસન પર આધારિત મુક્ત અને ખુલ્લા ઈન્ડો-



પેસિફિકના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. G7ના મંત્રીઓએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, બળજબરી કે તાકાત દ્વારા યથાસ્થિતિ બદલવાના કોઈપણ એકપક્ષીય પ્રયાસોનો તેઓ સખત વિરોધ કરે છે, જેમાં પૂર્વ ચીન સાગર અને દક્ષિણ ચીન સાગરનો પણ સમાવેશ થાય છે. આ નિવેદન ચીનને સ્પષ્ટ સંદેશો આપે છે કે તાઈવાનની સરહદ પરની આ ગતિવિધિઓ વૈશ્વિક સ્તરે સ્વીકાર્ય નથી.

### દ.ચીન સાગરમાં ખતરનાક વર્તન

G7ના મંત્રીઓએ દક્ષિણ ચીન સાગરમાં "ખતરનાક દાવપેચ અને વોટર કેનનનો ઉપયોગ" કરવા બદલ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે સૈન્યકરણ અને બળજબરી દ્વારા જહાજ અને વિમાન પરિવહનને પ્રતિબંધિત કરવાના પ્રયાસોની પણ નોંધ લીધી હતી. આ સંદર્ભમાં, G7 એ ૧૨ જુલાઈ, ૨૦૧૬ના આર્બિટ્રલ ટ્રિબ્યુનલના પુરસ્કારને 'એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ' ગણાવીને પક્ષકારો માટે બંધનકર્તા હોવાનું પુનરોચ્ચાર કર્યો હતો. તમામ મંત્રીઓએ તાઈવાનની સરહદ પર શાંતિ અને સ્થિરતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને બળ કે દબાણ દ્વારા યથાસ્થિતિ બદલવાના કોઈપણ એકપક્ષીય પ્રયાસનો વિરોધ કર્યો હતો. તેમણે ક્રોસ-સ્ટ્રેટ મુદ્દાઓ પર શાંતિપૂર્ણ સંવાદને પ્રોત્સાહન આપ્યું અને તાઈવાનના 'યોગ્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં અર્થપૂર્ણ ભાગીદારી' માટે સમર્થન વ્યક્ત કર્યું.

### ચીનના લશ્કરી વિસ્તરણ પર ચિંતા

G7 એ ચીનના લશ્કરી નિર્માણ અને પરમાણુ વિસ્તરણ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી, અને બેઈજિંગને 'વધેલી પારદર્શિતા' દ્વારા સ્થિરતા દર્શાવવા માટે આહ્વાન કર્યું હતું. ચીની લશ્કરી વિમાનો અને જહાજો દ્વારા તાઈવાન આસપાસ દૈનિક ધોરણે થતી આ ગેરકાયદેસર અને જોખમી ગતિવિધિઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઈન્ડો-પેસિફિકમાં તણાવ ઘટાડવા માટે આંતરરાષ્ટ્રીય દબાણ વધારવું હવે અનિવાર્ય બની ગયું છે.

---

અવામી લીગના બંધના એલાનથી તણાવભર્યું વાતાવરણ સર્જાયું

# શેખ હસીનાના ચુકાદા પહેલાં બાંગ્લાદેશમાં સુરક્ષા સઘન

(એજન્સી) ઢાકા । તા. 16

બાંગ્લાદેશની રાજકીય સ્થિતિ અત્યારે એક મોટા વળાંક પર ઊભી છે. પૂર્વ વડા પ્રધાન શેખ હસીના વિરુદ્ધના કથિત માનવતા વિરુદ્ધના ગુનાઓના કેસમાં ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલ દ્વારા આવતીકાલે ચુકાદો જાહેર થવાનો છે, જેના પગલે સમગ્ર બાંગ્લાદેશમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે. શેખ હસીનાના પક્ષ, બાંગ્લાદેશ અવામી લીગે, આ ચુકાદાના વિરોધમાં આજ સવારથી જ બે દિવસીય દેશવ્યાપી બંધનું એલાન આપ્યું છે.

બંધના એલાનને કારણે રાજધાની ઢાકામાં સામાન્ય જનજીવન ખોરવાયું છે. મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર ખૂબ જ ઓછી જોવા મળી રહી છે, જ્યારે કેટલાક વિસ્તારોમાંથી ફટાકડા ફૂટવાના અવાજો સંભળાયા હોવાના અહેવાલો છે. દેશમાં પ્રવર્તતા અસ્થિર અને તણાવભર્યું વાતાવરણ ને ધ્યાનમાં રાખીને વચગાળાની સરકારે કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે બાંગ્લાદેશમાં સુરક્ષા દળોની તૈનાતી વધારી દીધી છે. દેશમાં સર્જાયેલા આ તણાવભર્યું વાતાવરણ ને લઈને ઉદ્યોગ જગતના નેતાઓએ ગહન ચિંતા વ્યક્ત કરી છે. બાંગ્લાદેશ ગાર્મેન્ટ્સ મેન્યુફેક્ચરર્સ એન્ડ એક્સપોર્ટર્સ એસોસિએશનના પૂર્વ પ્રમુખ ક્વાઝી મોનીરુઝ્ઝમનનું નિવેદન અહીં મહત્ત્વપૂર્ણ છે.

### ગંભીર આરોપો અને વિવાદાસ્પદ ચુકાદો

આ કેસ જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૪માં વિદ્યાર્થીઓના નેતૃત્વમાં થયેલા વ્યાપક વિરોધ પ્રદર્શનો દરમિયાન કથિત માનવતા વિરુદ્ધના ગુનાઓ સાથે સંબંધિત છે. જોકે, શેખ હસીનાએ તેમની સામેના તમામ આરોપોને નકારી કાઢ્યા છે. ઉલ્લેખનીય છે કે, જુલાઈ ૨૦૨૪માં વિદ્યાર્થીઓના ઉગ્ર આંદોલનને કારણે હસીનાની સરકારે રાજીનામું આપવું પડ્યું હતું અને ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તેઓ દેશ છોડીને ભારત ભાગી ગયા હતા.

---

## ન્યૂઝ બ્રીફ

### દલિત ચેમ્બર ઑફ કોમર્સ માટે અમેરિકામાં નવી બિઝનેસ તકો



ન્યુયોર્ક | ભારત-યુએસ આર્થિક સહયોગને વધુ સમાવેશી અને વ્યાપક બનાવવાના ઉદ્દેશ્ય સાથે ન્યુયોર્કમાં ભારતના કોન્સ્યુલ જનરલ બિનય પ્રધાને **દલિત ઈન્ડિયન ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના એક પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી હતી. મિલિંદ કાંબલે અને સંજીવ ડાંગીના નેતૃત્વ હેઠળના આ પ્રતિનિધિમંડળ સાથે કોન્સ્યુલ જનરલે DICCIના ઉદ્યોગસાહસિકો માટે અમેરિકામાં વધુ બિઝનેસ તકો કેવી રીતે ઊભી કરી શકાય તે અંગે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ન્યુયોર્ક કોન્સ્યુલેટે 'એક્સ' પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ ચર્ચા ખાસ કરીને ભારત-યુએસ આર્થિક સહયોગના સંદર્ભમાં DICCIના ઉદ્યોગસાહસિકો માટેની વ્યાપાર તકોને મજબૂત કરવા પર કેન્દ્રિત હતી.

### પ્રમુખ ક્લાઉડિયા શેનબમ સરકાર સામે ગુનાખોરી નિયંત્રણમાં નિષ્ફળતા

મેક્સિકો સિટી | મેક્સિકોની રાજધાની મેક્સિકો સિટીમાં શનિવારે સરકારની બેજવાબદારી, વધતી ગુનાખોરી અને ભ્રષ્ટાચાર તેમજ પ્રણાલીગત સજામુક્તિ વિરુદ્ધ એક વિશાળ વિરોધ પ્રદર્શન હિંસક અથડામણમાં ફેરવાઈ ગયું. પશ્ચિમી ગોળાર્ધમાં યુવા પેઢી, જેને 'જનરેશન ઝેડ' તરીકે ઓળખવામાં આવે છે, તેના નેતૃત્વમાં આ વિરોધ પ્રદર્શન શરૂ થયું હતું, જેમાં હજારો લોકોએ ભાગ લીધો હતો અને તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી હતી. આ આંદોલન મુખ્યત્વે મિચોઆકાનના મેયર કાર્લોસ માંઝોની હત્યા બાદ ભડક્યું હતું. મેયર માંઝોની આ મહિનાની શરૂઆતમાં 'ડે ઑફ ધ ડેડ'ના જાહેર કાર્યક્રમમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાએ પ્રમુખ ક્લાઉડિયા શેનબમ સરકાર સામે લોકોના રોષને હવા આપી છે.

### ત્રણ વધુ દર્દીઓના મૃત્યુ સાથે સિંધમાં ડેન્ગ્યુથી મોતનો આંકડો ૩૬એ પહોંચ્યો



કરાચી | પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં મચ્છરજન્ય રોગ ડેન્ગ્યુનો કહેર સતત વધી રહ્યો છે. છેલ્લા ચોવીસ કલાકમાં બે મહિલા સહિત વધુ ત્રણ દર્દીઓના મૃત્યુ નોંધાતા, સિંધમાં ડેન્ગ્યુથી મોતનો આંકડો વધીને ૩૬ પર પહોંચ્યો છે. પ્રાંતીય સ્વાસ્થ્ય વિભાગે ડોન મીડિયાના અહેવાલો ટાંકીને જણાવ્યું હતું કે, મૃતકોમાં એક ૫૦ વર્ષીય પુરુષ અને એક ૮૦ વર્ષીય વૃદ્ધ મહિલાનું મૃત્યુ હૈદરાબાદમાં થયું હતું, જ્યારે ૫૫ વર્ષીય મહિલાનું નિધન કરાચીમાં થયું હતું. ડેન્ગ્યુની આ મહામારી હવે ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જારી કરાયેલા અહેવાલ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૦ નવા ડેન્ગ્યુ કેસ નોંધાયા છે.

---

## ટ્રમ્પની આક્રમક રેટરિકથી જાનથી મારી નાખવાની ધમકી વધી ગ્રીનનો આક્ષેપ

# અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સમર્થન પાછું ખેંચ્યું, ટ્રમ્પ-ગ્રીન વિવાદમાં ગરમાવો આવ્યો

(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 16

અમેરિકાના રાજકારણમાં અત્યાર સુધીના સૌથી મજબૂત અને લાંબા ગાળાના ગણાતા મેગા જોડાણ તૂટ્યું છે. રિપબ્લિકન કોંગ્રેસ વુમન માર્જોરી ટેલર ગ્રીને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રત્યે પોતાની ઊંડી હતાશા વ્યક્ત કરી છે. ગ્રીને ગંભીર આક્ષેપ કર્યો છે કે ટ્રમ્પના આક્રમક જાહેર હુમલાઓને કારણે તેમની વિરુદ્ધ જાનથી મારી નાખવાની ધમકીમાં વધારો થયો છે, જેના કારણે તેમને પોતાની સુરક્ષા માટે ખાનગી સુરક્ષા એજન્સીઓની મદદ લેવાની ફરજ પડી છે.

મેક્સિકોથી મેડાગાસ્કર સુધીના વૈશ્વિક સંઘર્ષો વચ્ચે, અમેરિકી રાજકારણનું સૌથી મોટું આંતરિક યુદ્ધ હવે ખુલ્લું પડ્યું છે. જ્યોર્જિયાના આ સાંસદે, જે ટ્રમ્પના મેગા (MAGA) એજન્ડાના કટ્ટર સમર્થક રહ્યા છે, તેમણે શનિવારે 'એક્સ' (X) પર એક લાંબો નિવેદન પોસ્ટ કર્યો. ગ્રીને આરોપ લગાવ્યો કે ટ્રમ્પ પોતાની આક્રમક ભાષાથી એવા લોકોને ઉશ્કેરી રહ્યા છે, જે અગાઉ પણ તેમની હત્યાની ધમકી આપવા બદલ દોષિત ઠરેલા છે.

### ગ્રીનના નિવેદનમાં ભય-આઘાત

કોંગ્રેસ વુમન ગ્રીને લખ્યું, "હું જેને મેં ટેકો આપ્યો અને ચૂંટણી જીતાડવામાં મદદ કરી, તેવા વિશ્વના સૌથી શક્તિશાળી વ્યક્તિ દ્વારા મારી વિરુદ્ધ ધમકીઓનું વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું છે. મારા પરના આક્રમક હુમલાઓ ઐતિહાસિક રીતે જાનથી મારી નાખવાની



ધમકીમાં પરિણમ્યા છે, અને આ વખતે ધમકીઓનું ઇંધણ પ્રમુખ પોતે પૂરી પાડી રહ્યા છે." તેમણે મહિલા તરીકે ધમકીઓને ગંભીરતાથી લેવાની વાત કરી અને કુખ્યાત સેક્સ અપરાધી જેફરી એપસ્ટેઈનના પીડિતોને જે ડર અને દબાણનો સામનો કરવો પડ્યો હશે, તેનો નાનકડો અહેસાસ આ એપિસોડથી થયો હોવાનું જણાવ્યું હતું. ગ્રીને ટ્રમ્પના આ આક્રમક વલણને 'સંપૂર્ણપણે આઘાતજનક' ગણાવ્યું હતું અને દાવો કર્યો હતો કે તેમના પર હુમલો કરનારા ઘણા ઓનલાઈન યુઝર્સ પગારદાર ટ્રોલ છે.

### વિવાદનું મૂળ: એપસ્ટેઇન-શટડાઉન

કોંગ્રેસમાં ટ્રમ્પના કાયદાઓ અને એજન્ડાને સતત સમર્થન આપનાર ગ્રીન અને યુએસ પ્રમુખ વચ્ચેના સંબંધોમાં ભંગાણ આવવાના મુખ્ય કારણોમાં તાજેતરમાં સમાપ્ત થયેલ ફેડરલ સરકારી શટડાઉન પર ગ્રીનનું વલણ અને સ્વર્ગસ્થ દોષિત સેક્સ અપરાધી જેફરી એપસ્ટેઈન સંબંધિત ફાઈલોની સંપૂર્ણ પ્રકાશન અને પારદર્શિતા માટેની તેમની સક્રિય ઝુંબેશ છે. એપસ્ટેઈન પ્રકરણ ટ્રમ્પને પણ સતત ઘેરી વળતું કૌભાંડ રહ્યું છે.

આ વિવાદોને પગલે જ ટ્રમ્પ-ગ્રીન વિવાદ ઉગ્ર બન્યો. ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને ગ્રીનથી પોતાનું સમર્થન અને સમર્થન પાછું ખેંચી લીધું હતું. ટ્રમ્પે ગ્રીનને 'ગાંડી' અને 'અનિયમિત' ગણાવી હતી અને તેના પર પોતાના 'રેકોર્ડ સિદ્ધિઓ' છતાં માત્ર 'ફરિયાદ, ફરિયાદ, ફરિયાદ' (COMPLAIN, COMPLAIN, COMPLAIN) કરવાનો આરોપ મૂક્યો હતો. જોકે, આ આકરા પ્રત્યાઘાત છતાં ગ્રીને જણાવ્યું હતું કે તેમનો ફોન સતત 'અદ્ભુત સમર્થન'ના સંદેશાઓથી ભરાયેલો છે અને તેમણે શુભેચ્છકો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો છે.

---

### અમેરિકાએ સફળતાપૂર્વક B61-12 પરમાણુ બોમ્બના ફ્લાઈટ પરીક્ષણો પૂર્ણ કર્યા



વોશિંગ્ટન ડીસી | સંયુક્ત રાજ્ય અમેરિકાએ પોતાની સંરક્ષણ ક્ષમતાઓમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જીની સેન્ડિયા નેશનલ લેબોરેટરીઝે ગુરુવારે જણાવ્યું હતું કે, સ્ટીલ્થ F-35A ફાઈટર જેટ દ્વારા લઈ જવામાં આવતા B61-12 પરમાણુ બોમ્બના નિર્ણાયક સ્ટોકપાઈલ ફ્લાઈટ પરીક્ષણોની શ્રેણી સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવી છે. આ પરીક્ષણો અમેરિકાની પરમાણુ તૈયારી અને ભવિષ્યના સુરક્ષા મિશનો માટેની સજ્જતાને મજબૂત કરે છે. લેબ દ્વારા જાહેર કરાયેલા અહેવાલો મુજબ, આ પરીક્ષણ ૧૯ થી ૨૧ ઓગસ્ટ દરમિયાન નેવાડામાં ટોનોપા ટેસ્ટ રેન્જ ખાતે હાથ ધરવામાં આવ્યું હતું, જેને યુટાહ સ્થિત હિલ એર ફોર્સ બેઝ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. આ પરીક્ષણોમાં F-35A ફાઈટર જેટમાંથી B61-12 પરમાણુ બોમ્બના નિષ્ક્રિય એકમોનું સફળતાપૂર્વક પ્રકાશન કરવામાં આવ્યું હતું. આનાથી ઓપરેશનલ પરિસ્થિતિઓ હેઠળ વિમાન, હવાઈ ક્રૂ અને હથિયારના એન્ડ-ટુ-એન્ડ પ્રદર્શનની પુષ્ટિ થઈ છે.

---

પુતિન-નેતન્યાહૂ વચ્ચે ફોન પર ચર્ચા

# ગાઝા સંઘર્ષ પર વિશ્વના બે ધ્રુવો સક્રિય



(એજન્સી) મોસ્કો । તા. 16

ગાઝા સંઘર્ષ અને મધ્ય પૂર્વ ક્ષેત્રની ગતિવિધિઓ અંગે ચર્ચા કરવા માટે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વચ્ચે ફોન પર વાતચીત થઈ હતી. ક્રેમલિને ટાસ ન્યૂઝ એજન્સીને આપેલી માહિતી મુજબ, આ વાતચીતમાં ગાઝા સંઘર્ષમાં સંઘર્ષ વિરામ કરારના અમલ, અટકાયતીઓની અદલાબદલી, ઈરાનના પરમાણુ કાર્યક્રમની સ્થિતિ અને સીરિયામાં વધુ સ્થિરીકરણમાં યોગદાન આપવા જેવા મુદ્દાઓ પર ગહન વિચાર વિનિમય થયો હતો. આ ફોન કોલ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં અમેરિકાના એક મહત્ત્વપૂર્ણ ઠરાવ પર મતદાન થવાનું છે, તે પહેલાં થયો હોવાથી તેનું મહત્ત્વ વધી ગયું છે.

ચાલુ વર્ષે ૬ ઓક્ટોબરે ઈઝરાયેલ અને હમાસના પ્રતિનિધિમંડળોએ ઈજિપ્ત, કતાર, સંયુક્ત રાજ્ય અમેરિકા અને તુર્કી જેવા મધ્યસ્થીઓની હાજરીમાં ગાઝા સંઘર્ષના ઉકેલ માટે પરોક્ષ વાટાઘાટો ફરી શરૂ કરી હતી. ૯ ઓક્ટોબરે પક્ષોએ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અગાઉ રજૂ કરાયેલી શાંતિ યોજનાના પ્રથમ તબક્કાનો અમલ કરવાના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. અમેરિકાએ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ૨૦-મુદ્દાની ગાઝા યોજનાને સમર્થન આપવા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એક ઠરાવ પ્રસ્તાવિત કર્યો છે, જેના પર ૧૭ નવેમ્બરે મતદાન થવાનું છે. આ યોજનાને વડા પ્રધાન નેતન્યાહૂએ પણ સપ્ટેમ્બરમાં ટ્રમ્પ સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં સમર્થન આપ્યું હતું. નાગરિકોનું રક્ષણ કરવું, માનવતાવાદી કોરિડોર સુરક્ષિત કરવો, બિન-રાજ્ય સશસ્ત્ર જૂથો પાસેથી શસ્ત્રો પાછા લેવા અને પ્રશિક્ષિત પેલેસ્ટિનિયન પોલીસ દળ સાથે મળીને કામ કરવું સામેલ છે. ISF એ ઈઝરાયેલ, ઈજિપ્ત અને નવા પેલેસ્ટિનિયન પોલીસ દળ સાથે સંકલન સાધવાનું રહેશે.

---

# વધતા સંકટો વચ્ચે પાકિસ્તાન જળવાયુ કટોકટીનો સામનો કરવામાં નિષ્ફળ

(એજન્સી) કરાચી । તા. 16

પાકિસ્તાનમાં જળવાયુ સંબંધિત આપત્તિઓનો વધતો પ્રકોપ દેશના અસ્તિત્વ માટે જોખમ બની રહ્યો છે. આઈબીએ દ્વારા આયોજિત પાંચમી વાર્ષિક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે, આ વધતી જતી ઝડપથી બચી જવા માટે પાકિસ્તાન પોતાના ક્લાઈમેટ ગવર્નન્સ અને સામાજિક સુરક્ષા પ્રણાલીઓને એકીકૃત કરવામાં નિષ્ફળ રહ્યું છે.

"ક્લાઈમેટ ચેન્જ એન્ડ સોશિયલ પ્રોટેક્શન" પરની પેનલમાં બોલતા ક્લાઈમેટ નિષ્ણાતો, સંશોધકો અને વિકાસ પ્રેક્ટિશનરોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પાકિસ્તાનની વર્તમાન ખંડિત અને પ્રતિક્રિયાશીલ જળવાયુ વ્યૂહરચના હવે લાંબા સમય સુધી ટકી શકે તેમ નથી. દેશ હીટવેવ્સ, પૂર, દુષ્કાળ, પાણીની તંગી અને વ્યાપક સામાજિક-આર્થિક નાજુકતાનો સામનો કરી રહ્યો



છે. નિષ્ણાતોએ દલીલ કરી હતી કે જળવાયુ નીતિ અને સામાજિક સુરક્ષાએ હવે અલગ-અલગ કામ કરવું ન જોઈએ; તેના બદલે, નબળા સમુદાયોને સુરક્ષિત કરવા માટે આ બંનેને એકીકૃત માળખામાં ભેળવી દેવા જોઈએ. ક્લાઈમેટ નીતિ નિષ્ણાત અલી તૌકીર શેખે વૈશ્વિક "નુકસાન અને ક્ષતિ ફંડ" (Loss and Damage Fund) ની ચર્ચાના લાંબા ઈતિહાસની રૂપરેખા આપી હતી.

---

ભારતીય સંસ્કૃતિની ઝલક

# રજૂ કરતું ડિપ્લોમેટિક બજાર ૨૦૨૫

લિસબન | વર્ષ ૨૦૨૫માં ભારત-પોર્ટુગલ સંબંધોના પુનઃસ્થાપનાની ૫૦ વર્ષની રાજદ્વારી ગાથાની ઉજવણી થઈ રહી છે, તેવામાં આ ઐતિહાસિક મિત્રતા વધુ મજબૂત બની છે. આના ભાગરૂપે લિસબનમાં આયોજિત 'ડિપ્લોમેટિક બજાર ૨૦૨૫' પ્રદર્શનના ભારતીય સ્ટોલ પર પોર્ટુગલના રાષ્ટ્રપતિ માર્સેલો રેબેલો ડી સૂસાએ મુલાકાત લીધી હતી, જ્યાં ભારતીય રાજદૂત પુનીત રોય કુંદલે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ભારતીય દૂતાવાસે 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, રાજદૂત પુનીત રોય કુંદલે પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ મહામહિમ માર્સેલો રેબેલો ડી સૂસાનું ભારતીય પ્રદર્શનમાં સ્વાગત કર્યું હતું, જે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરે છે. આ મુલાકાત ભારત-પોર્ટુગલ સંબંધોના મજબૂત સાંસ્કૃતિક જોડાણને દર્શાવે છે.

---

# સુરક્ષા એજન્સીઓની અટકાયત બાદ પાક.માં 4 બલૂચ પુરુષો ગુમ થતાં આક્રોશ

### બલૂચિસ્તાનમાં પાકિસ્તાન દમન નીતિ વધુ આક્રમક સૈન્ય કાર્યવાહી તેજ

(એજન્સી) બલૂચિસ્તાન । તા. 16

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં રાજ્ય દમનની ઘટનાઓમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. કેચ અને પંજગૂર જિલ્લામાંથી પાકિસ્તાની સુરક્ષા એજન્સીઓ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવેલા ચાર યુવાનોના ગાયબ થઈ જવાથી સમગ્ર વિસ્તારમાં તણાવ ફેલાયો છે. આ ઘટના પાકિસ્તાન દમન ની જૂની પેટર્ન તરફ ઈશારો કરે છે, જ્યાં કાયદા અમલદાર એજન્સીઓ દ્વારા લોકોને મનસ્વી રીતે પકડીને અજ્ઞાત સ્થળોએ લઈ જવામાં આવે છે. બલૂચિસ્તાન પોસ્ટના અહેવાલ મુજબ, ગાયબ થયેલા પુરુષોની ઓળખ હાજી મુનીર અહેમદ, માજિદ, અબ્બાસ અને મેહરાન તરીકે થઈ છે. આ યુવાનોના પરિવારો અને સમુદાયના સભ્યોના જણાવ્યા અનુસાર, અટકાયત બાદ તેમનો સંપર્ક તૂટી ગયો છે અને તેમના વિશે કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

હાજી મુનીર અહેમદને પંજગૂરના ચિતકાન વિસ્તારમાંથી કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. એ જ દિવસે, માજિદને પણ પંજગૂરના ઈસા વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલો છે, જેને પરિવારોએ મનસ્વી અને બળજબરીથી કરાયેલી કાર્યવાહી ગણાવી છે. અન્ય બે યુવાનો, અબ્બાસ અને મેહરાનને કેચના બુલૈદા પ્રદેશના મેનાઝ વિસ્તારમાંથી કથિત રીતે ઉઠાવી લેવામાં આવ્યા હતા. આ યુવાનોની ધરપકડ થયાને ઘણા દિવસો વીતી ગયા હોવા છતાં, અધિકારીઓ દ્વારા તેમની ધરપકડની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી, ન તો તેમના ઠેકાણા વિશે કોઈ માહિતી આપવામાં આવી છે. આ ચારેય બલૂચ પુરુષોનું ગુમ થવું બલૂચિસ્તાનમાં વર્ષોથી ચાલી આવતી પ્રથાનું દૃષ્ટાંત છે.

---

**હુમલો** | ૨૪ કલાકમાં ૯ લોકોના મોત યુક્રેન પર રશિયાનો હુમલો વધુ ઘાતક બન્યો

# રશિયાએ ત્રણ કિંઝાલ મિસાઈલ અને ૧૩૫ ડ્રોન લોન્ચ કર્યા

(એજન્સી) કીવ । તા. 16

રશિયા દ્વારા યુક્રેન પર કરવામાં આવેલા રાતોરાત આક્રમણની તીવ્રતામાં વધારો થયો છે. શુક્રવારથી શનિવાર સુધીમાં થયેલા આ હુમલામાં મૃત્યુઆંક વધીને ૯ પર પહોંચ્યો છે, જ્યારે ૫૩ લોકો ઘાયલ થયા છે. યુક્રેની સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, યુક્રેન પર રશિયાનો હુમલો ખૂબ જ ઘાતક સાબિત થયો છે.

યુરોન્યૂઝના અહેવાલ મુજબ, રશિયાએ આ સમયગાળા દરમિયાન ત્રણ Kh-47M2 "કિંઝાલ" મિસાઈલ તેમજ Shaheds સહિત કુલ ૧૩૫ અલગ-અલગ સ્ટ્રાઈક ડ્રોન લોન્ચ કર્યા હતા. આ ડ્રોન ઓરેલ, પ્રિમોર્સ્કો-અખ્તાર્સ્ક, કુર્સ્ક, મિલેરોવો, બ્રાયન્સ્ક અને ક્રિમિયાના કબજે કરેલા ચૌડા ગ્વાર્ડિસ્કે જેવા વિસ્તારોમાંથી લોન્ચ કરવામાં આવ્યા હતા. આ હુમલામાં ૧૩ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જ્યારે નાશ પામેલા ડ્રોનનો કાટમાળ પડવાથી ચાર વિસ્તારોમાં નુકસાન થયું હતું.

રાજધાની કીવના મેયર વિટાલી ક્લિચકોના



જણાવ્યા અનુસાર, શુક્રવારે કીવ પર થયેલા હુમલામાં સાત લોકોના મોત થયા હતા અને ૩૬ લોકો ઘાયલ થયા હતા. આ હુમલાને કારણે કીવના નવ પડોશી વિસ્તારોમાં વ્યાપક નુકસાન થયું હતું. રશિયન હુમલામાં મૃત્યુની સૌથી વધુ સંખ્યા કીવમાં નોંધાઈ છે.

આ ઉપરાંત, ખેરસન ક્ષેત્રના ૩૪ સમુદાયો પર પણ હુમલા થયા હતા, તેમજ ડનિપ્રો નદી દ્વારા વિભાજિત ફ્રન્ટલાઈન શહેર ખેરસન પણ નિશાન બન્યું હતું, જ્યાં ગવર્નર ઓલેક્ઝાન્ડર પ્રોકુદિન દ્વારા એક વ્યક્તિના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી હતી. ડોનેત્સ્ક ક્ષેત્રના ક્રામાટોર્સ્ક શહેરમાં પણ એક વ્યક્તિ ઘાયલ થયાના અહેવાલો છે. ક્રામાટોર્સ્ક એવું શહેર છે જ્યાં સૈનિકોના મોરચા પરથી પાછા ફરવાની રાહમાં પરિવારો ભેગા થતા હોય છે.

યુક્રેન પર રશિયાનો હુમલો સતત ચાલી રહ્યો છે, ત્યારે યુક્રેને પણ વળતો પ્રહાર કર્યો છે. રશિયન સત્તાવાળાઓ અને ટેલિગ્રામ ચેનલોના અહેવાલ મુજબ, યુક્રેનના હુમલા બાદ ક્રસ્નોદર ક્રાઈમાં રશિયન બંદર શહેર નોવોરોસિયસ્કમાં એક મુખ્ય ઓઈલ ટર્મિનલનું સંચાલન અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યું હતું. આ ટર્મિનલ વૈશ્વિક નિકાસના આશરે ૨% જેટલું સંચાલન કરે છે.

યુક્રેનની સશસ્ત્ર સેનાના જણાવ્યા અનુસાર, તેમના દળોએ બે Kh-47M2 "કિંઝાલ" મિસાઈલ અને Shahed ડ્રોનના ૯૧ જેટલા ડ્રોનને તોડી પાડ્યા હતા અથવા જામ કરી દીધા હતા.

---

# ઈરાન અને મધ્ય એશિયા સાથે અફઘાનિસ્તાનનો વેપાર વધ્યો

(એજન્સી) કાબુલ । તા. 16

પાડોશી દેશ પાકિસ્તાન સાથેના રાજદ્વારી સંબંધોમાં તીવ્ર ઘટાડો અને સરહદી અથડામણો બાદ અફઘાનિસ્તાનનો વેપાર હવે પશ્ચિમી અને ઉત્તરીય માર્ગો તરફ વળ્યો છે. લાંબા સમયથી પાકિસ્તાનના બંદરો અને જમીન માર્ગો પર આધાર રાખતા અફઘાનિસ્તાને હવે ઈરાન અને મધ્ય એશિયાના દેશો સાથેના વેપારને મોટા પાયે વધારવાનું શરૂ કર્યું છે, જેથી પાકિસ્તાન પર નિર્ભરતા ઘટાડી શકાય.

ટોલો ન્યૂઝના અહેવાલ મુજબ, અફઘાનિસ્તાનના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રાલયે પુષ્ટિ કરી છે કે દેશ ઈરાનના વ્યૂહાત્મક ચાબહાર બંદરનો ઉપયોગ કરીને પાકિસ્તાની સરહદો પરના વારંવારના અવરોધોને અવગણવા અને ઈસ્લામાબાદ તરફથી આવતા રાજકીય દબાણોને હળવા કરવા માંગે છે. આ વેપાર માર્ગોમાં ફેરફાર અફઘાન અર્થતંત્ર માટે સ્થિરતા લાવવાનો મહત્ત્વનો પ્રયાસ છે.

તાજેતરના આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે અફઘાનિસ્તાનનો વેપાર કોરિડોર હવે બદલાઈ ચૂક્યો છે. અફઘાન વેપાર મંત્રાલયના પ્રવક્તાએ માહિતી આપી છે કે છેલ્લા છ મહિના દરમિયાન ઈરાન સાથે અફઘાનિસ્તાનનો વેપાર ૧.૬૨૬ અબજ ડોલરના આંકને સ્પર્શી ગયો છે. આની સરખામણીમાં, એ જ સમયગાળામાં પાકિસ્તાન સાથેનો વેપાર માત્ર ૧.૧૦૮ અબજ ડોલર રહ્યો છે.

મંત્રાલયના પ્રવક્તા અખુંદઝાદા અબ્દુલ સલામ જાવદે ભારપૂર્વક જણાવ્યું હતું કે આયાત અને નિકાસના પ્રવાહને સ્થિર રાખવા માટે વેપાર કોરિડોરનું વૈવિધ્યકરણ કરવું અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

# News Brief

## કાર ટ્રેક્ટર ટ્રોલીમાં ઘૂસી: ગ્વાલિયર ઝાંસી હાઈવે પર અકસ્માતમાં ૫ના મોત



ગ્વાલિયર | મધ્યપ્રદેશના ગ્વાલિયર-ઝાંસી હાઈવે પર રવિવારે વહેલી સવારે એક અત્યંત ભીષણ અને દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો. માલવા કોલેજની સામે રેતી ભરીને જઈ રહેલી એક ટ્રેક્ટર-ટ્રોલીમાં પાછળથી પૂરઝડપે આવી રહેલી ફોર્ચ્યુનર કાર ઘૂસી જતાં કારમાં સવાર પાંચેય લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. આ ગંભીર ગ્વાલિયર ઝાંસી હાઈવે પર અકસ્માતથી સમગ્ર વિસ્તારમાં સન્નાટો પ્રસરી ગયો છે. ઝાંસી રોડ પોલીસ સ્ટેશનના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કરુણ ઘટના રવિવાર સવારે લગભગ ૬:૩૦ વાગ્યે બની હતી. ફોર્ચ્યુનર કાર ઝાંસી તરફથી ગ્વાલિયર તરફ આવી રહી હતી. પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ, માલવા કોલેજ પાસેના એક વળાંકમાંથી રેતી ભરેલી ટ્રેક્ટર-ટ્રોલી અચાનક હાઈવે પર આવી. ફોર્ચ્યુનર કારની ગતિ ખૂબ જ તેજ હોવાને કારણે, તેના ડ્રાઇવરને અચાનક સામે આવેલી ટ્રોલીને જોઈને ગાડી પર કાબૂ મેળવવાનો સહેજ પણ સમય મળ્યો નહીં.

## લાલ કિલ્લા પાસે થયેલા બ્લાસ્ટમાં નવું રહસ્ય: દિલ્હી બ્લાસ્ટ કેસમાં મોટો ખુલાસો

નવી દિલ્હી | લાલ કિલ્લા પાસે થયેલા કાર બ્લાસ્ટની તપાસમાં દિલ્હી પોલીસને એક મહત્વની અને રહસ્યમય કડી મળી છે, જેણે આતંકી કાવતરાને એક નવો વળાંક આપ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ધમાકાના સ્થળેથી 9mm કેલિબરના ત્રણ કારતૂસ મળ્યાં, જેમાંથી બે જીવંત છે અને એક ખાલી ખોખું છે. આશ્ચર્યની વાત એ છે કે, ઘટનાસ્થળેથી કોઈ પિસ્તોલ કે હથિયારનો કોઈ ભાગ મળ્યો નથી, જેના કારણે તપાસ એજન્સીઓ સામે નવા સવાલો ઊભા થયા છે. સામાન્ય રીતે, 9mm પિસ્તોલનો ઉપયોગ માત્ર સુરક્ષા દળો અને પોલીસકર્મીઓ દ્વારા જ કરવામાં આવે છે, સામાન્ય નાગરિકોને તે રાખવાની પરવાનગી હોતી નથી. આ રહસ્યમય કડી મળ્યા બાદ પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે હાજર પોતાના સ્ટાફના હથિયારો અને કારતૂસની પણ ઝીણવટભરી તપાસ કરી હતી.

## લખનઉ, બાબા સાહેબ આંબેડકરના સ્નેહની ભૂમિ: રક્ષામંત્રી રાજનાથ સિંહ



લખનઉ | ઉત્તર પ્રદેશના લખનઉમાં રવિવારે એક ભવ્ય કાર્યક્રમ દરમિયાન રક્ષામંત્રી રાજનાથ સિંહ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સ્વતંત્રતા સેનાની ઉદા દેવી પાસીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ વીરાંગનાનું બલિદાન ૧૮૫૭ના ભારતીય બળવા દરમિયાન થયું હતું અને ૧૬ નવેમ્બરે તેમની શહાદતની તારીખની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે લોકોને સંબોધતા રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, ઉદા દેવી પાસીની પ્રતિમાનું અનાવરણ માત્ર પાસી સમુદાય માટે જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવની બાબત છે. રક્ષામંત્રીએ કહ્યું, "ઉદા દેવીએ માત્ર પાસી સમુદાયને જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે. દરેક ભારતીયે તેમના પર ગર્વ અનુભવવો જોઈએ. હું લખનઉનો સાંસદ હોવાને નાતે, ઉદા દેવી અને બાબા સાહેબ આંબેડકર સાથે જોડાયેલી ભૂમિ સાથે મારા કાર્યસ્થળ તરીકે જોડાણ ધરાવતો હોવાથી મને ગૌરવ અને સન્માનની લાગણી થાય છે."

## ભારત પ્રગતિના ઉત્તમ વર્ષો ગુમાવ્યા: કપિલ સિબ્બલનો સરકાર પર પ્રહાર

નવી દિલ્હી | વરિષ્ઠ ધારાશાસ્ત્રી અને રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલનો સરકાર પર પ્રહાર ચાલુ છે. તેમણે કેન્દ્ર સરકાર પર સત્તામાં રહેવા માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) જેવી સંસ્થાઓ પર કથિત રીતે કબજો કરીને ભારતને "ઘણા ઉત્તમ વર્ષો" ગુમાવવા બદલ ટીકા કરી છે. કપિલ સિબ્બલને સરકાર પર પ્રહાર કરતાં જણાવ્યું કે દેશમાં લોકશાહીનું અસ્તિત્વ જોખમમાં છે. તેમણે દેશની સંસ્થાઓને અન્યાયતંત્ર "ઊભા થવા અને ગણતરીમાં લેવા" અને "લોકશાહીનું અસ્તિત્વ" ટકાવી રાખવા માટે તેમની પોતાની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા આહ્વાન કર્યું હતું. શ્રી સિબ્બલે શનિવારે જણાવ્યું હતું કે, "અમે ઘણા, ઘણા ઉત્તમ વર્ષો ગુમાવ્યા છે જ્યારે ભારત ખરેખર અમારા સપના તરફ પ્રગતિ કરી શક્યું હોત."

## સીએમ ચહેરાના વિલંબને કારણે બિહાર ચૂંટણીમાં હાર: શિવસેનાનો આક્ષેપ

# બિહાર હાર બાદ I.N.D.I.A. ગઠબંધનમાં ડખા, ઉદ્ધવ-મમતાના પક્ષોએ કોંગ્રેસ પર સવાલ ઉઠાવ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને જેડીયુના નેતૃત્વ હેઠળના એનડીએનો ભવ્ય વિજય થયો છે, જેના પરિણામે વિપક્ષના મહાગઠબંધન I.N.D.I.A. માં આંતરિક ખેંચતાણ-I.N.D.I.A. ગઠબંધનમાં ડખા ખુલીને સામે આવ્યા છે. શિયાળુ સત્ર શરૂ થવાના આરે છે, ત્યારે જ બે મુખ્ય સહયોગી પક્ષો - શિવસેના અને તૃણમૂલ કોંગ્રેસ - એ બિહારમાં મળેલી કારમી હાર માટે સીધો દોષ કોંગ્રેસ પર ઢોળ્યો છે.

### મહારાષ્ટ્રમાં શિવસેના UBT vs કોંગ્રેસ

મહારાષ્ટ્રમાં Maha Vikas Aghadi (MVA) ના ભાગ એવા શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથ અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે બિહારના પરિણામોને લઈને જાહેરમાં ટીકા-ટીપ્પણી શરૂ થઈ ગઈ છે. શિવસેના (UBT)ના નેતા અંબાદાસ દાનવેએ બિહારના પરાજય માટે ગઠબંધનમાં નિર્ણયો લેવામાં થયેલા



વિલંબને જવાબદાર ઠેરવ્યા. દાનવેએ સ્પષ્ટ કહ્યું કે, તેજસ્વી યાદવને મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કરવામાં ગઠબંધનમાં ખચકાટ હતો અને બેઠકોની વહેંચણીને અંતિમ રૂપ આપવામાં પણ ખૂબ વિલંબ થયો. આ વિલંબનું નુકસાન ચૂંટણીમાં થયું. તેમના મતે, રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવની યાત્રાને સારું સમર્થન મળતું હતું, તે સમયે જ તેજસ્વીને સીએમ ચહેરો જાહેર કરી દેવાની જરૂર હતી. તેમણે મહારાષ્ટ્રનો દાખલો આપતા કહ્યું કે, જો ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રીના ચહેરા તરીકે જાહેર કર્યા હોત તો પરિણામ જુદા આવ્યા હોત.

આના જવાબમાં કોંગ્રેસના નેતા અતુલએ વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે, "બિહારની જીત નીતિશ કુમારની નહીં, પરંતુ ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની જીત છે." તેમણે ઉદ્ધવ ઠાકરે જૂથના નેતાઓને યાદ કરાવ્યું કે તેમણે પોતે જે બેઠકો પર ચૂંટણી લડી તેમાંથી ઘણી બેઠકો પર તેમની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ હતી. તેમણે I.N.D.I.A. ગઠબંધનમાં ડખા વધારવાને બદલે વોટ ચોરીના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવા પર ભાર મૂક્યો હતો.

આ આંતરિક તણાવ વચ્ચે કોંગ્રેસે મુંબઈમાં BMC ચૂંટણી એકલા હાથે લડવાના સંકેતો આપ્યા છે. કોંગ્રેસ નેતા રમેશ ચેન્નિથલાએ કહ્યું કે આ નિર્ણય પ્રદેશ સમિતિ અને સ્થાનિક નેતાઓ લેશે, જોકે મુંબઈ કોંગ્રેસ સમિતિ પહેલેથી જ એકલા હાથે ચૂંટણી લડવા માંગે છે.

## અનંતનાગમાં દરોડા

# જીએમસી અનંતનાગમાં પોસ્ટેડ ડૉ. પ્રિયંકા શર્માની અટકાયત

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

જમ્મુ અને કાશ્મીરમાં જૈશ-એ-મોહમ્મદના આતંકી મોડ્યુલની તપાસમાં સુરક્ષા એજન્સીઓને મોટી સફળતા મળી છે. જમ્મુ અને કાશ્મીર પોલીસની કાઉન્ટર ઈન્ટેલિજન્સ ટીમે અનંતનાગમાં દરોડા પાડીને પૂછપરછ માટે હરિયાણાની એક મહિલા ડૉક્ટરની અટકાયત કરી છે.

અટકાયત કરાયેલી મહિલા ડૉક્ટરની ઓળખ હરિયાણાના રોહતક શહેરની ડૉ. પ્રિયંકા શર્મા તરીકે થઈ છે. ડૉ. શર્મા જીએમસી અનંતનાગમાં પોસ્ટેડ હતી અને માલખાનાગ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતી હતી. કાઉન્ટર ઈન્ટેલિજન્સ ટીમે તપાસ દરમિયાન ફોન કોલ ટ્રેલના આધારે તેના ઠેકાણા પર પહોંચીને અટકાયત કરી હતી. કાઉન્ટર ઈન્ટેલિજન્સ ટીમે ઘટનાસ્થળેથી એક મોબાઈલ ફોન અને એક સિમ કાર્ડ જપ્ત કર્યું છે, જેને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યું છે. આ જપ્ત કરાયેલા ઉપકરણોમાંથી જૈશ આતંકી મોડ્યુલ સાથે જોડાયેલી વધુ માહિતી મળવાની સંભાવના છે. ડૉક્ટર જેવા પ્રોફેશનલનું આતંકવાદી કડીમાં સામેલ થવું ચિંતાનો વિષય છે. ડૉ. પ્રિયંકા શર્માની અટકાયત બાદ હરિયાણાની પોલીસ ટીમ તેના પરિવાર અને અન્ય અંગત વિગતો વિશે માહિતી એકત્રિત કરવા માટે સક્રિય થઈ શકે છે.

## મંત્રીપદની વહેંચણી પર સહમતી

# બિહારમાં સરકાર ગઠનની કવાયત તેજ

(એજન્સી) પટના । તા. 16

બિહાર વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યા બાદ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સમાં બિહારમાં સરકાર ગઠન માટેની કવાયત તેજ બની ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, NDA મંત્રીમંડળમાં મંત્રીપદની વહેંચણીના ફોર્મ્યુલા પર સહમતી લગભગ સધાઈ ગઈ છે અને આગામી ત્રણથી ચાર દિવસમાં નવી સરકારની શપથવિધિ યોજાઈ શકે છે. મંત્રીમંડળની વહેંચણીમાં આ વખતે ભારતીય જનતા પાર્ટીનું પલડું થોડું ભારે રહે તેવી શક્યતા છે, કેમ કે ભાજપને કુલ ૧૫ થી ૧૬ મંત્રીપદ મળી શકે છે. જ્યારે JDUમાંથી ૧૪ ધારાસભ્યોને મંત્રી બનાવવામાં આવી શકે છે. નવી સરકારના ગઠન અને NDA મંત્રીમંડળની રચના અંગે મુખ્યમંત્રી નીતિશ કુમારના નિવાસસ્થાને બેઠકોનો દોર ચાલુ છે. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે મુલાકાત કરી હતી, જેણે રાજકીય ગરમાવો વધાર્યો છે.

## સરેરાશ સંપત્તિ ૯.૦૨ કરોડ

# બિહારમાં ૯૦% ચૂંટાયેલા ધારાસભ્ય કરોડપતિ

(એજન્સી) પટના । તા. 16

બિહારના રાજકારણ અને આર્થિક પ્રોફાઈલને લગતો એક ચોંકાવનારો અહેવાલ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) અને બિહાર ઈલેક્શન વોચ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર, આ વખતે ચૂંટાયેલા ધારાસભ્યોમાંથી ૯૦ ટકા બિહાર ધારાસભ્ય કરોડપતિ છે, જેની સંખ્યા ૨૧૮ થાય છે. આ આંકડો રાજ્યની સામાન્ય જનતાની સ્થિતિ અને પ્રતિનિધિઓની આર્થિક સદ્ધરતા વચ્ચેની વધતી ખાઈ દર્શાવે છે. ADR અને બિહાર ઈલેક્શન વોચના પ્રતિનિધિ રાજીવ કુમારે શનિવારે આ રિપોર્ટ જારી કર્યો હતો, જેમાં તમામ ૨૪૩ નવા ચૂંટાયેલા ધારાસભ્યોના સોગંદનામાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ચૂંટાયેલા તમામ ૨૪૩ ધારાસભ્યોની સરેરાશ સંપત્તિ રૂ. ૯.૦૨ કરોડ છે.


**પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**
**કોર્પોરેટ ઓફિસ:** 55-56, પાંચમો માળ, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.
**રજીસ્ટર્ડ ઓફિસ:** ૫૦૭, દાતામલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.

**ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના**

**નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને સુરક્ષા હિતના અમલીકરણ અધિનિયમ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.**

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત અસ્કયામતો સ્થાવર મિલકત છે જે સુરક્ષિત ધિરાણકર્તા, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**, દ્વારા **પેગાસસ 2023 ટ્રસ્ટ 10ના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં ગીરો/ચાર્જ કરવામાં આવેલી છે. જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ** દ્વારા 28/03/2024 ના અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ દ્વારા SARFAESI Act, 2002ની જોગવાઈઓ હેઠળ સુરક્ષા હિતો સાથે નીચે દર્શાવેલ દેવાદારના દેવાં સોંપવામાં આવ્યા છે , અને આ અસ્કયામતો SARFAESI Act ની જોગવાઈઓ અને તે હેઠળના નિયમો મુજબ **"As is where is" (જેમ છે જ્યાં છે), "As is what is" (જેમ છે જેવું છે)** અને **"Whatever there is" (જે કંઈ છે તે)** ના આધારે, તમામ જાણીતી અને અજાણી જવાબદારીઓ સાથે **09.12.2025** ના રોજ વેચવામાં આવી રહી છે.
**જના બેંક**ના અધિકૃત અધિકારી દ્વારા 15/08/2024 ના રોજ SARFAESI Act અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ નીચે વર્ણવેલ સુરક્ષિત અસ્કયામતો (સ્થાવર મિલકત)નો **કબજો લેવામાં આવ્યો** હતો અને તે કબજો **પેગાસસ 2023 Trust 10 ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને સોંપવામાં આવ્યો છે.
**હરાજીની વિગતો નીચે મુજબ છે:**

| | |
|---|---|
| ઉધાર લેનાર(ઓ), સહ-ઉધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અને ગીરો આપનાર(ઓ) ના નામ: | a) સલીમભાઈ નાનુભાઈ ધોબી<br>b) રશીદાબેન સલીમભાઈ ધોબી (ગીરો)<br>c) સૈયાજુસેન સલીમભાઈ ધોબી |
| બાકી લેણાં જેના માટે સિક્યોર્ડ સંપત્તિ વેચાઈ રહી છે: | **૨૭/૦૭/૨૦૨૩ના રોજ**, SARFAESI કાયદાની કલમ ૧૩(૨) હેઠળની સૂચના મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી, **૨૮/૦૭/૨૦૨૩** થી તેના પરના વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિત **રૂ. ૪,૪૫,૮૩૫.૬૫** (રૂપિયા ચાર લાખ પિસ્તાલીસ હજાર આઠસો પાંત્રીસ પૈસા માત્ર). **૧૫/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૬,૮૭,૦૨૪.૬૫** (રૂપિયા છ લાખ સત્તાવીસ હજાર ચોવીસ અને પંચાવન પૈસા માત્ર) બાકી છે, જેમાં **૧૬/૧૧/૨૦૨૫**થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચનો સમાવેશ થાય છે. |
| સુરક્ષિત સંપત્તિની વિગતો સ્થાવર મિલકત જે વેચી રહી છે | **રશીદાબેન સલીમભાઈ ધોબી દ્વારા ગીરવે મુકાયેલ:** એન.એ. સ્થાવર મિલકતની બધી કિંમત અને પાર્સલ પાલનપુર સિમ, તા. પાલનપુર અને જિલ્લો બનાસકાંઠાના સિટી સર્વે નં. ૧૧૩૧૮ ની જમીન પર બાંધવામાં આવેલ અમન મંઝિલના ચોથા માળના ૩૨.૦૫ ચોરસ મીટરના વિસ્તારમાં ફ્લેટ નં. ૪૦૫ પર બાંધવામાં આવેલ રહેણાંક મિલકત.<br>**એસેટ ID: 200036975015; CERSAI SI ID:400037040441; LAN No.31969430000094;** |
| અનામત કિંમત જેનાથી નીચે સિક્યોર્ડ એસેટ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | **રૂ.૫,૧૮,૦૦૦/-** (રૂપિયા પાંચ લાખ અઢાર હજાર માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | **રૂ.૫૧,૮૦૦/-** (રૂપિયા એકાવન હજાર આઠસો માત્ર) |
| દાવાઓ, જો કોઈ હોય, જે મિલકત સામે રજૂ કરવામાં આવ્યા હોય અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ બાકી રકમ અને મૂલ્ય | **જાણીતું નથી** |
| મિલકતોનું નિરીક્ષણ: | **૨૦.૧૧.૨૦૨૫ના રોજ સવારે ૧૧.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી** |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | **શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં.9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં.9004722468** |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | **૦૮.૧૨.૨૦૨૫ થી 04:00 વાગ્યા સુધી** |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | **૦૯.૧૨.૨૦૨૫ ના રોજ બપોરે 02.00 થી 03.00 વાગ્યા સુધી વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી.** |

આ પ્રકાશન ઉપરોક્ત ઉધાર લેનારાઓ/સહ-ઉધાર લેનારાઓ/જામીનદારો અને મોર્ટગેગરોને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ પંદર **(15) દિવસની નોટિસ** પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/ assets-to-auction.html અથવા વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) નો સંદર્ભ લો અથવા સેવા પ્રદાતા મેસર્સ. 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવાર, સંપર્ક નંબર: 8142000725 નો સંપર્ક કરો. ઈમેઈલ આઈડી: info@bankauctions.in / arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: ૧૭.૧૧.૨૦૨૫**
**SD/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10.**



**પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**
**કોર્પોરેટ ઓફિસ:** ૫૫-૫૬, પાંચમો માળ, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.
**રજિસ્ટર ઓફિસ:** ૫૦૭, દાતામલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.

**ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના**

**નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને સુરક્ષા હિતના અમલીકરણ અધિનિયમ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.**

જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) ગેરંટી(ઓ) અને મોર્ટગેગર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ, જે સ્થાવર મિલકત છે અને સુરક્ષિત લેણદાર, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**ને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જેને **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ) ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત છે,** જેને SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ 28/03/2024 ના રોજ **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("જના બેંક")** દ્વારા અંતર્ગત સિક્યોરિટીઝ હિત સાથે સોંપવામાં આવી છે, SARFAESI એક્ટ અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ **"જેમ છે ત્યાં છે", "જેમ છે જે છે" અને "જેમ છે ત્યાં છે"** ના આધારે **09.12.2025**ના રોજ તમામ જાણીતા અને અજાણ્યા જવાબદારીઓ સાથે વેચવામાં આવી રહી છે.
**જના બેંક**ના અધિકૃત અધિકારીએ SARFAESI કાયદા અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ **07/07/2024**ના રોજ નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિનો કબજો સ્થાવર મિલકત તરીકે લીધો છે અને **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ("પેગાસસ")** ના અધિકૃત અધિકારીને **કબજો સોંપ્યો** છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| ઉધાર લેનાર(ઓ), સહ-ઉધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અને ગીરો આપનાર(ઓ) ના નામ: | a) સોલંકી શાંતુભા<br>b) ઝાલા પ્રહલાદસિંહ<br>c) ઝાલા વિનુબા પ્રહલાદસિંહ |
| બાકી લેણાં જેના માટે સિક્યોર્ડ સંપત્તિ વેચાઈ રહી છે: | SARFAESI કાયદાની કલમ 13(2) હેઠળ નોટિસ મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી, **27/02/2024** થી તેના પરના વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિત **26/02/2024** ના રોજ **રૂ. 20,11,610.93** (રૂપિયા વીસ લાખ અગિયાર હજાર છસો દસ અને ત્રેણાવવું પૈસા). **૧૫/૧૧/૨૦૨૫**ના રોજ બાકી રહેલા **રૂ. ૨૭,૩૨,૩૭૪.૯૩** (રૂપિયા સત્તાવીસ લાખ બત્રીસ હજાર ત્રણસો ચોત્તેર અને ત્રેણત્રીયા પૈસા માત્ર) અને વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જ અને તેના પરના ખર્ચ, તારીખ **૧૬/૧૧/૨૦૨૫**થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી. |
| સુરક્ષિત સંપત્તિની વિગતો સ્થાવર મિલકત જે વેચી રહી છે | **શાંતુભાઈ મહેન્દ્રભાઈ સોલંકી દ્વારા ગીરવે મુકાયેલ:** "ધરતી કોમ્પ્લેક્સ" ના પહેલા માળના "ઈ" ટાવરના સ્થાવર દુકાન નં.૧૦૧ ના બધા ટુકડા અને પાર્સલ, જે જોટાણા સિમ, તા. જોટાણા અને જિ. પાટણ મહેસાણા, ઉત્તર ગુજરાતના બ્લોક/સર્વે નં.૧૦૫૬ (જૂનો બ્લોક/સર્વે નં.૮૨૩) માં ૨૨.૫૦ ચો.મી. માં સ્થિત છે.<br>**સેરસાઈ એસઆઈ.આઈડી: ૪૦૦૦૭૧૫૨૩૬૫૨; એસેટ આઈડી: ૨૦૦૦૭૨૮૩૧૨૦૯; લેન: ૩૧૯૬૯૬૩૦૦૦૬૫૮;** |
| અનામત કિંમત જેનાથી નીચે સિક્યોર્ડ એસેટ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | **રૂ.૪,૫૪,૦૦૦/-** (રૂપિયા ચાર લાખ ચોપન હજાર માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | **રૂ.૪૫,૪૦૦/-** (રૂપિયા પિસ્તાલીસ હજાર ચારસો માત્ર) |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે દાવાઓ, જો કોઈ હોય, તો. | **જાણીતું નથી** |
| મિલકતોનું નિરીક્ષણ: | **૨૦.૧૧.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી.** |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | **શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં.9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં.9004722468** |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | **બિડ ખોલવાનો સમય અને સ્થળ:** |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | ઈ-હરાજી/ બિડિંગ વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** દ્વારા **09.12.2025 ના રોજ બપોરે 12.00 થી 01.00 વાગ્યા સુધી.** |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસની નોટિસ** પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html** અથવા વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** જુઓ અથવા સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો, સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in /arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: ૧૭.૧૧.૨૦૨૫**
**SD/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10.**



**પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**
**કોર્પોરેટ ઓફિસ:** 55-56, પાંચમો માળ, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.
**રજીસ્ટર્ડ ઓફિસ:** ૫૦૭, દાતામલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.

**ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના**

**નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને સુરક્ષા હિતના અમલીકરણ અધિનિયમ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, 2002 ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.**

જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને નીચે જણાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) ગેરંટી(ઓ) અને મોર્ટગેગર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ સ્થાવર મિલકત છે જે સુરક્ષિત લેણદાર, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**ને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ) ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત છે,** જેને SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ 28/03/2024 ના રોજ સોંપણી કરાર દ્વારા **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("જના બેંક")** દ્વારા અંતર્ગત સિક્યોરિટીઝ હિત સાથે સોંપવામાં આવી છે, તે SARFAESI એક્ટ અને તેના હેઠળના નિયમો "જેમ છે ત્યાં છે", **"જેમ છે, જ્યાં છે", "જેમ છે તેમ છે"** ની જોગવાઈઓ હેઠળ **09.12.2025**ના રોજ વેચવામાં આવી રહી છે.
**જના બેંક**ના અધિકૃત અધિકારીએ SARFAESI કાયદા અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ **05/03/2024** ના રોજ નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિનો **કબજો સ્થાવર મિલકત તરીકે લીધો છે** અને **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને કબજો સોંપ્યો છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| ઉધાર લેનાર(ઓ), સહ-ઉધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અને મોર્ટગેગર(ઓ)ના નામ: | એ) રામવૃક્ષ વંશીલાલ<br>બી) આરતી રામવૃક્ષ વર્મા |
| બાકી લેણાં જેના માટે સિક્યોર્ડ સંપત્તિ વેચાઈ રહી છે: | SARFAESI કાયદાની કલમ 13(2) હેઠળ નોટિસ મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી, **20/12/2023** થી, તેના પરના વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિત, **19/12/2023**ના રોજ **રૂ.9,60,127.00** (રૂપિયા નવ લાખ સાઠ હજાર એકસો સત્તાવીસ માત્ર). **૧૫/૧૧/૨૦૨૫**ના રોજ **રૂ.૧૨,૮૦,૧૬૧/-** (રૂપિયા બાર લાખ એંસી હજાર એકસો એકસઠ માત્ર) બાકી છે, જેમાં **૧૬/૧૧/૨૦૨૫**થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચનો સમાવેશ થાય છે. |
| સુરક્ષિત સંપત્તિની વિગતો સ્થાવર મિલકત જે વેચી રહી છે | **ગીરવે મૂકનાર: આરતી રામવૃક્ષ વર્મા અને રામવૃક્ષ વંશીલાલ:** મોજે તાતીથિયામાં બિન-કૃષિ જમીનનો તે બધો ટુકડો અને ભાગ, જમીન ધરાવતો બ્લોક નં. ૨૮૪, આર. એસ. નં. ૩૫૯/૧, ૩૬૦, ૩૬૦/૧બી, ૩૩૦૫૯.૦૦ ચો.મી. માપવા, "ગોકુળધામ રહેઠાણ" તરીકે ઓળખાય છે, પૈકી મંજૂરી યોજના મુજબ પ્લોટ નં. ૨૭૧, સ્થળ પ્લોટ નં. ૨૬૪, કે.જે.પી. ૪૦.૧૮ ચો.મી. માપવા, સ્થળ ૪૦.૧૩ ચો.મી. માપવા, સી.ઓ.પી. રોડ અને રજીસ્ટ્રેશન જિલ્લા અને ઉપજિલ્લા પલસાણા જિલ્લા સુરત ખાતે ૨૪.૯૭ ચો.મી. માપવા જમીનનો અવિભાજિત હિસ્સો. **સીમાઓ: પૂર્વ:** પ્લોટ નં. ૩૩૫, **પશ્ચિમ:** સોસાયટી રોડ, **ઉત્તર:** પ્લોટ નં. ૨૬૩, **દક્ષિણ:** પ્લોટ નં. ૨૬૫.<br>એસેટ ID: 200068640371; CERSAI SI ID:400067582802; LAN No.45259420005387; |
| અનામત કિંમત જેનાથી નીચે સિક્યોર્ડ એસેટ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | **રૂ.૭,૫૩,૦૦૦/-** (રૂપિયા સાત લાખ ત્રેપન હજાર માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | **રૂ.૭૫,૩૦૦/-** (પંચોત્તેર હજાર ત્રણસો રૂપિયા માત્ર) |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે દાવાઓ, જો કોઈ હોય, તો. | **જાણીતું નથી** |
| મિલકતોનું નિરીક્ષણ: | **૨૦.૧૧.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી** |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | **શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં. 9004722468** |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | **૦૮.૧૨.૨૦૨૫ થી સાંજે ૪:00 વાગ્યા સુધી** |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | **૦૯.૧૨.૨૦૨૫ ના રોજ સાંજે 0૪:00 થી 0૫:00 વાગ્યા** સુધી વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી. |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસની નોટિસ** પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html અથવા વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in)**નો સંદર્ભ લો અથવા સેવા પ્રદાતા **મેસર્સ. 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવાર, સંપર્ક નંબર: 8142000725 નો સંપર્ક કરો. ઈમેઈલ આઈડી: info@bankauctions.in / arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: ૧૭.૧૧.૨૦૨૫**
**SD/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10.**



**પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**
**કોર્પોરેટ ઓફિસ:** 55-56, પાંચમો માળ, ફ્રી પ્રેસ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.
**રજીસ્ટર્ડ ઓફિસ:** ૫૦૭, દાતામલ હાઉસ, જમનાલાલ બજાજ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-400021.

**ઈ-ઓક્શન દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના**

**સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ની કલમ 8 અને 9 ના સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 સાથે વાંચન હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ.**

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ), જામીનદાર(ઓ) અને ગીરોકર્તા(ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત અસ્કયામતો સ્થાવર મિલકત છે જે સુરક્ષિત ધિરાણકર્તા, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**, દ્વારા **પેગાસસ 2023 ટ્રસ્ટ 10ના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં ગીરો/ચાર્જ કરવામાં આવેલી છે. જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ** દ્વારા 28/03/2024 ના અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ દ્વારા SARFAESI Act, 2002ની જોગવાઈઓ હેઠળ સુરક્ષા હિતો સાથે નીચે દર્શાવેલ દેવાદારના દેવાં સોંપવામાં આવ્યા છે , અને આ અસ્કયામતો SARFAESI Act ની જોગવાઈઓ અને તે હેઠળના નિયમો મુજબ **"As is where is" (જેમ છે જ્યાં છે), "As is what is" (જેમ છે જેવું છે)** અને **"Whatever there is" (જે કંઈ છે તે)** ના આધારે, તમામ જાણીતી અને અજાણી જવાબદારીઓ સાથે **09.12.2025** ના રોજ વેચવામાં આવી રહી છે.
**જના બેંક**ના અધિકૃત અધિકારી દ્વારા 15/08/2024 ના રોજ SARFAESI Act અને તે હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ નીચે વર્ણવેલ સુરક્ષિત અસ્કયામતો (સ્થાવર મિલકત)નો **કબજો લેવામાં આવ્યો** હતો અને તે કબજો **પેગાસસ 2023 Trust 10 ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને સોંપવામાં આવ્યો છે.
**હરાજીની વિગતો નીચે મુજબ છે:**

| | |
|---|---|
| દેવાદાર(રો), સહ-દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરોકર્તા(ઓ) ના નામ: | a) રાવલ ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ<br>b) રાવલ યોગેશ ભાઈલાલભાઈ |
| બાકી લેણાં જેના માટે સિક્યોર્ડ સંપત્તિ વેચાઈ રહી છે: | SARFAESI કાયદાની કલમ ૧૩(૨) હેઠળ નોટિસ મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી **૦૮/૦૧/૨૦૨૪** થી બાકી રહેલા **રૂ. ૬,૪૦,૩૧૬.૦૦** (રૂપિયા છ લાખ ચાલીસ હજાર ત્રણસો સોળ માત્ર) **૦૭/૦૧/૨૦૨૪**ના રોજ રૂ. **૮/૦૧/૨૦૨૪** ના રોજ **રૂ. ૯,૬૬,૦૭૧/-** (રૂપિયા નવ લાખ છસઠ હજાર એકસો એક) **૧૫/૧૧/૨૦૨૫** ના રોજ **રૂ.૯,૬૬,૦૭૧/-** (રૂપિયા નવ લાખ છસઠ હજાર એકસો એક) **૧૬/૧૧/૨૦૨૫**ના રોજ રૂ. **૯,૬૬,૦૭૧/-** (રૂપિયા નવ લાખ છસઠ હજાર એકસો એક) ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી. |
| સુરક્ષિત સંપત્તિની વિગતો સ્થાવર મિલકત જે વેચી રહી છે | **ગીરવે મૂકનાર: રાવલ યોગેશ ભાઈલાલભાઈ અને રાવલ ભાઈલાલભાઈ ઈશ્વરભાઈ**<br>બધી જંગમ રહેણાંક મિલકતનો ટુકડો અને પાર્સલ પ્લોટ નં. 40, બિલ્ટઅપ વિસ્તાર 46.00 ચોરસ મીટર અને માર્જિન જમીન વિસ્તાર 10.35 ચોરસ મીટર. "હરિનગર સોસાયટી" ના કુલ 56.35 ચોરસ મીટર, જે સર્વે નં. 675/1 પાયકી સિટી સર્વે નં. 2964 પાયકી અને 2965 પાયકી શીટ નં. 34 ઓફ સાંડેસરપતી સિમ, તા. અને જિ. પાટણમાં સ્થિત છે.<br>**સેરસાઈ એસઆઈ આઈડી: 400069767645; એસેટ આઈડી: 20007096 5818; લેન નં. 31969430000795;** |
| અનામત કિંમત જેનાથી નીચે સિક્યોર્ડ એસેટ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | **રૂ.૭,૦૭,૦૦૦/-** (સાત લાખ સાત હજાર રૂપિયા માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | **રૂ.૭૦,૭૦૦/- (સિત્તેર હજાર સાતસો રૂપિયા માત્ર)** |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે દાવાઓ, જો કોઈ હોય, તો. | **જાણીતું નથી** |
| મિલકતોનું નિરીક્ષણ: | **૨૦.૧૧.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી.** |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | **શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં.9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં.9004722468** |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | **૦૮.૧૨.૨૦૨૫ થી 0૪:00 વાગ્યા સુધી** |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | **૦૯.૧૨.૨૦૨૫ના રોજ બપોરે 03.00 થી 0૪.00 વાગ્યા** સુધી વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી. |

આ પ્રકાશન ઉપરોક્ત ઉધાર લેનારાઓ/સહ-ઉધાર લેનારાઓ/જામીનદારો અને મોર્ટગેગરોને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ પંદર **(15) દિવસની નોટિસ** પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/ assets-to-auction.html અથવા વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) નો સંદર્ભ લો અથવા સેવા પ્રદાતા મેસર્સ. 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવાર, સંપર્ક નંબર: 8142000725 નો સંપર્ક કરો. ઈમેઈલ આઈડી: info@bankauctions.in / arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: ૧૭.૧૧.૨૦૨૫**
**SD/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10.**

સિટી
એક્સપ્રેસ
MONDAY 17 NOVEMBER-2025
AHMEDABAD


## ટ્રકની ટક્કરથી રોડ ક્રોસ કરતા યુવકનું મોત

અમદાવાદ : પૂર્વ વિસ્તારમાં પૂર ઝડપે વાહન હંકારવાના કારણે હિટ એન્ડ રન તથા અકસ્માતમાં મોતના બનાવો વધી રહ્યા છે. ગઈકાલે મોડી રાતે કુબેરનગર રેલવે ફાટક પાસે રોડ ક્રોસ કરી રહેલા અજાણ્યા યુવકનું ટ્રકની ટકકરથી મોત થયું હતું. આ બનાવમાં અકસ્માત કરીને ભાગી રહેલા ટ્રક ચાલકને પકડીને મેથીપાક ચખાડીને પોલીસને સુપરત કર્યો હતો. આ ઘટના અંગે ટ્રાફિક પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ટ્રાફિક જી ડિવિઝન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ મહેશકુમારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## ફોટા વાયરલ કરવાની ધમકી આપી બદનામ કરવાનો પ્રયાસ

અમદાવાદ : વટવામાં લીવ ઈનમાં રહેતી યુવતીના મિત્રની સાળી દ્વારા ન્યૂડ ફોટા મોકલી તેના બેનર બનાવીને ગામમાં પોસ્ટર લગાડવાની ધમકી આપી હતી એટલું જ નહી ઈન્સ્ટાગ્રામમાં યુવતીના ફોટા વાયરલ કરીને બદનામ કરવાનો કિસ્સો બન્યો હતો.

જયારે દાણીલીમડામાં મહિલાના નામનું બનાવટી આઈડી બનાવીને તેના પરિવારજનોને રીક્વેસ્ટ મોકલવામાં આવી છે. આ બનાવ અંગે વટવા અને દાણીલીમડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે



# અમદાવાદના તમામ હુક્કાબાર પર ક્રાઈમ બ્રાન્ચની રેડ...

## કેફે-રેસ્ટોરન્ટના નામે ચાલતી મહેફિલોનો પર્દાફાશ; યુવાધનને 'હર્બલ હુક્કા'ના નામે નિકોટીનયુક્ત ફ્લેવર પીરસાતું

અમદાવાદ | અમદાવાદ શહેરને નશા મુક્ત બનાવવાની દિશામાં વધુ એક પગલું ભરતાં, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ચાલતા ગેરકાયદેસર હુક્કાબાર પર તવાઈ બોલાવી છે. પોલીસની આ કાર્યવાહીમાં અનેક હુક્કાબાર ઝડપાયા છે અને મોટા પ્રમાણમાં પ્રતિબંધિત નિકોટીનયુક્ત ફ્લેવર તથા હુક્કાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. યુવાધનને નશાના રવાડે ચઢાવતા આ ધંધા પર પોલીસે અણધારી રેડ કરીને સંચાલકોમાં ફફડાટ ફેલાવી દીધો છે.

ક્રાઈમ બ્રાન્ચને શહેરના પોશ વિસ્તારો સહિત અનેક જગ્યાએ કેફે અને રેસ્ટોરન્ટના નામે ગેરકાયદેસર હુક્કાબાર ચાલતા હોવાની બાતમી મળી હતી. આ માહિતીના આધારે, ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ એકસાથે અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન, કાફેની આડમાં ચાલતી ગેરકાયદેસર હુક્કાની મહેફિલોનો પર્દાફાશ થયો હતો. પોલીસે સ્થળ પરથી હુક્કા પીતા અનેક યુવક-યુવતીઓને ઝડપી પાડ્યા છે. આ સાથે હુક્કાબારના માલિકો અને મેનેજરો વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.



### પકડાયેલા હુક્કાબારમાં મોટા ભાગના 'હર્બલ હુક્કા'

પોલીસ દ્વારા પકડાયેલા હુક્કાબારમાંથી મોટા ભાગે 'હર્બલ હુક્કા'ના નામે ગેરકાયદેસર રીતે નિકોટીનયુક્ત ફ્લેવર પીરસવામાં આવતી હતી. રેડ દરમિયાન, પોલીસે મોટી સંખ્યામાં હુક્કાના પોટ, જુદી-જુદી પ્રતિબંધિત ફ્લેવરના પેકેટ્સ, નિકોટીનયુક્ત તમાકુ અને અન્ય આનુષંગિક વસ્તુઓ જપ્ત કરી છે. જપ્ત કરાયેલા આ મુદ્દામાલની કિંમત લાખોમાં હોવાનું પ્રાથમિક અનુમાન છે. પોલીસે તમામ સેમ્પલને FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)માં મોકલી આપ્યા છે, જેથી તેમાં નિકોટીન અથવા અન્ય પ્રતિબંધિત દ્રવ્યોની હાજરીની સત્તાવાર પુષ્ટિ થઈ શકે.

### આગામી દિવસોમાં પણ દરોડા ચાલુ રખાશે

અમદાવાદમાં હુક્કાબાર પર સંપૂર્ણ પ્રતિબંધ હોવા છતાં, કેટલાક સંચાલકો કાયદાનું ઉલ્લંઘન કરીને યુવાધનના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી રહ્યા છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવા માટે ક્રાઈમ બ્રાન્ચે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં ચાલતા આવા હુક્કાબારને ઝડપી પાડવા માટે સઘન પેટ્રોલિંગ અને દરોડાની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે, જેથી યુવાનોને આ પ્રકારના નશાથી દૂર રાખી શકાય અને કાયદાનું કડકપણે પાલન કરાવી શકાય. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના JCP શરદ સિંઘલે જણાવ્યું હતું કે, ગઈકાલ રાતથી શહેરના અલગ આગ હુક્કાબાર પર રેડ કરવામાં આવી છે.હાલ પોલીસ કાર્યવાહી ચાલી રહી છે.

## ન્યુઝ બ્રિફ

### અંબાપુર પાસે કારે રિક્ષાને અડફેટે લેતા ચાલક યુવાનનું મોત નિપજ્યું

ગાંધીનગર : ગાંધીનગર શહેર નજીક અંબાપુર અડાલજ માર્ગ ઉપર ગઈકાલે સવારના સમયે આગળ જતી રિક્ષાને કારે પાછળથી ટક્કર મારતા રીક્ષા ચાલક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. જે ઘટના અંગે પોલીસે ગુનો દાખલ કરી તપાસ આદરી છે. ગાંધીનગર શહેર તેમજ આસપાસના હાઈવે માર્ગો ઉપર અકસ્માતની ઘટનાઓ સતત વધી રહી છે ત્યારે શહેર નજીક અંબાપુરથી અડાલજ તરફ જવાના માર્ગ ઉપર ગઈકાલે સર્જાયેલા વધુ એક અકસ્માતમાં રીક્ષા ચાલક યુવાનનું મોત થયું છે. જે ઘટના સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અંબાપુર ગામમાં જોગણી માતાના પરું ખાતે રહેતા બળદેવજી જયંતીજી ઠાકોર પેસેન્જર અને સ્કૂલ વર્ધી રીક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે તેઓ સવારના સમયે અડાલજ ખાતે એક વિદ્યાર્થીને તેમની રિક્ષામાં લેવા માટે જઈ રહ્યા હતા તે દરમિયાન અંબાપુરથી અડાલજ તરફ જવાના માર્ગ ઉપર પાછળથી પૂર ઝડપે આવી રહેલી કારના ચાલકે તેમની રિક્ષાને હડફેટે લીધી હતી અને જેના કારણે તે રિક્ષા નીચે દબાઈ ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

### ચાઈનામાં હોટલ વિઝા, વિમાન ટિકીટના બહાને અડધો લાખ પડાવ્યા

અમદાવાદ : લોકોને છેતરવા માટે સાયબર ગઠિયા દ્વારા નવી નવી ટેકનીક અપનાવવમાં આવી રહી છે. વટવામાં રહેતા અને ગૃહ ઉદ્યોગ ધરાવતા વેપારીએ વર્ષ પહેલા ગાંધીનગરમાં એક્ઝીબીશનમાં ભાગ લીધો હતો, ત્યારબાદ અજાણી વ્યક્તિએ ફોન કરીને ચાઈના ખાતે કન્ટેનફેરમાં લઈ જવાનું કહીને વેપારી પાસેથી વિઝા, હોટલ અને વિમાનની ટિકીટના નામે ૫૦ હજાર પડાવ્યા હતા. જો કે ત્રણ વ્યકિતના રૂા. ૧.૫૦ લાખ આપવાની વાત કરી હતી પરંતુ રૂા. ૫૦ હજાર લઈને મોબલ્લ સ્વીચ ઓફ કર્યો હતો. આ બનાવ અંગે નારોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં એક્ઝીબીશનમાં વેપારીના સ્ટોલમાં ભાગ લીધેલો કહી વિદેશ જવા ત્રણ વ્યક્તિના રૂા. ૧.૫૦ લાખ નક્કી કર્યા જો કે ૫૦ હજાર ભરતા ૧ લાખ બચ્યા ઈસનપુર ખાતે રહેતા અને નારોલ ખાતે ગૃહ ઉદ્યોગ નામની દુકાન ધરાવતા યુવકે નારોલ પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે.

### 112 જન રક્ષકમાંથી 6 સિરપની બોટલ મળતા ડ્રાઈવરે નશો કર્યાની શંકા

# પૂરપાટ જતી પોલીસની ગાડીએ કારને ટક્કર મારી :કાર 10 ફૂટ દૂર જતી રહી...

અમદાવાદ | અમદાવાદમાં અકસ્માતનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો! 14 નવેમ્બરની મોડીરાતે SG હાઈ-વે પરના રાજપથ-રંગોલી રોડ પાસે MBAના વિદ્યાર્થીએ પૂરપાટ ઝડપે કાર ચલાવી બે હોમગાર્ડને ઉડાવ્યા હતાં. આ ઘટનાના બીજા દિવસે એટલે કે, શનિવારે મોડીરાત્રે એક પોલીસની ગાડીએ જ એક કારને અડફેટે લીધી હતી. પૂરઝડપે આવી રહેલી 112 જનરક્ષક ગાડીએ રસ્તાની બાજુમાં ઊભેલી એક કારને જોરદાર ટક્કર મારી, જેના કારણે કાર 10 ફૂટ દુર જતી રહી હતી. પોલીસની ગાડીમાંથી 6 સિરપની બોટલો પણ મળી આવી છે.અકસ્માત કરનાર 112 ની ગાડીના ડ્રાઈવર યશ પરમારની પોલીસે ધરપકડ કરી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, પોલીસ કર્મચારી નશાની હાલતમાં હતો.

શહેરના ગોતા વંદે માતરમ્ રોડ પર સાયોના તિલક પાસે 15 નવેમ્બરની મોડીરાત્રે એક કારચાલક પોતાની કાર સાઈડમાં પાર્ક કરીને અંદર બેઠો હતો. કાર પાર્ક થયાને એક મિનિટ જેટલો સમય થયો ત્યાં પાછળથી પૂરપાટ આવેલી પોલીસની 112 જનરક્ષક ગાડીએ તેને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરથી વાગી હતી કે, પાર્ક કરેલી ગાડી પણ 10 ફૂટ સુધી દૂર જતી રહી હતી. આ અકસ્માતની ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

અકસ્માત થતાની સાથે જ સ્થાનિકો ભેગા થઈ ગયા હતા અને પોલીસને જાણ પણ કરી હતી. સ્થાનિકોએ 112 જનરક્ષક ગાડીમાં તપાસ કરી ત્યારે ગાડીમાંથી તૂટેલી હાલતમાં સિરપની બોટલ મળી આવી હતી. સ્થાનિકોનું કહેવું છે કે, પોલીસની ગાડીનો ડ્રાઈવર નશાની હાલતમાં હતો. બનાવની જાણ થતા એ ડિવિઝન ટ્રાફિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. આ મામલે એ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ એન. એ. દેસાઈએ જણાવ્યું હતું.



### 14 નવેમ્બરની મોડીરાતે SG હાઈ-વે પર MBAના વિદ્યાર્થીએ કાર વડે બે હોમગાર્ડને ઉડાવ્યા હતાં

શુક્રવારની રાતે SG હાઈ-વે પરના રાજપથ-રંગોલી રોડ પાસે બાઈક પર જઈ રહેલા બે હોમ ગાર્ડ જવાનને પૂર ઝડપે આવતા કારચાલકે ટક્કર મારી હતી. આ અકસ્માતથી બન્ને હોમગાર્ડ બાઈક સાથે રોડ પર પટકાતા એકને ગંભીર ઈજા પહોંચી છે. બાઈકને ટક્કર માર્યા બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. સ્થાનિકોના જણાવ્યાં મુજબ, આ કારના ચાલકે આગળ પણ ત્રણ લોકોને અડફેટે લીધા હતાં. સરખેજ પોલીસે કારચાલક સામે ગુનો નોંધી આરોપી મીત જાની (ઉં.વ.22, રહે. રાજશ્રી ટાવર, જોધપુર, સેટેલાઈટ)ની ધરપકડ કરી હતી. આરોપી મીત જાની MBAનો અભ્યાસ કરે છે. બ્રેઝા કાર તેના પિતાના નામે રજિસ્ટર છે. તેના મોઢામાંથી કેફી પીણું પીધું હોવાની ગંધ આવી હતી. દારૂ પીધેલી હાલતમાં તેના મિત્રો સાથે જમવા અને ફરવા માટે નીકળ્યો હતો.

### ગાંધીનગર કલેક્ટર કચેરીમાં સુરક્ષા-વ્યવસ્થામાં છીંડા

# ફરજ પરનો હોમગાર્ડ જવાન પોતાની રિક્ષાની સુરક્ષા ન કરી શક્યો, પાર્કિંગમાંથી ચોરાઈ ગઈ

ગાંધીનગર | ગાંધીનગર શહેરી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વાહનચોરીના બનાવોએ માઝા મૂકી છે, ત્યારે હવે વાહન ચોરોએ ખુદ વહીવટી તંત્રના હૃદય સમાન કલેક્ટર કચેરીને નિશાન બનાવી છે. આ વખતે તો હદ થઈ ગઈ છે. કેમ કે, કલેક્ટર કચેરી ખાતે ફરજ પર તૈનાત ટ્રાફિકનો એક હોમગાર્ડ જવાન જ પોતાની રિક્ષાની સુરક્ષા કરી શક્યો નથી. અહીંના પાર્કિંગમાંથી તેની રિક્ષા ચોરાઈ ગઈ છે. આ ઘટનાએ કલેક્ટર કચેરીની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ત્યારે પોલીસે આ મામલે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




સમગ્ર ગાંધીનગર જિલ્લાનું વહીવટી સંચાલન કરતી ખુદ કલેક્ટર કચેરી હવે માત્ર બેફામ પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યાથી નહીં, પરંતુ વાહનચોરીના બનાવોની સમસ્યાથી પણ ઘેરાયેલી છે. તાજેતરમાં કલેક્ટર કચેરીના પાર્કિંગમાંથી જ ખુદ ફરજ પરના એક હોમગાર્ડ જવાનની રિક્ષા ચોરાઈ જવાની ઘટનાએ કચેરીની સુરક્ષા વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે. ત્યારે રોજબરોજ કચેરીની આસપાસની ટ્રાફિક અને પાર્કિંગની રેઢિયાળ સ્થિતિ અંગે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. ગાંધીનગર જિલ્લા ટ્રાફિક ખાતે હોમગાર્ડમાં ફરજ બજાવતા જયેશભાઈ ખોળીદાસ આસોડીયા 14 નવેમ્બરે સેક્ટર-11 કલેક્ટર કચેરી ખાતે પોતાની રિક્ષા લઈને નોકરી પર ગયા હતા અને રિક્ષાને કચેરીના ગેટ નં- 2 પાસેના પાર્કિંગમાં પાર્ક કરી હતી. બાદમાં સાંજે લગભગ 5.30 વાગે જ્યારે તેમણે જોયું તો પાર્કિંગમાંથી રીક્ષા ચોરાઈ ગઈ હતી. હોમગાર્ડ જવાને આજુબાજુમાં તેમજ અન્ય સ્થળોએ પોતાની રીતે તપાસ કરી હતી, પરંતુ રિક્ષાનો કોઈ પત્તો લાગ્યો નહોતો.

### વાહન ચોરોને જાણે મોકળું મેદાન મળ્યું હોય

આ ઘટના કલેક્ટર કચેરી જેવી અતિ સુરક્ષિત ગણાતી સરકારી જગ્યાએ બની છે, જ્યાં સુરક્ષા જવાનો તૈનાત હોય છે. આ ચોરીએ સ્પષ્ટ કરી દીધું છે કે સરકારી કચેરીઓ, એસટી ડેપો, સિવિલ હોસ્પિટલ કેમ્પસ અને કોર્ટ વિસ્તારમાં વાહન ચોરોને જાણે મોકળું મેદાન મળી ગયું છે. ખુદ કલેક્ટર કચેરી ખાતે ફરજ બજાવતા હોમગાર્ડ જવાનની રિક્ષા ચોરાઈ જતાં સામાન્ય નાગરિકોની માલમત્તાની સુરક્ષા કેવી રીતે થઈ રહી છે, તે અંગે ગંભીર પ્રશ્નાર્થ ઊભો થયો છે.

# દાહોદ સિઝનનું સૌથી ઠંડું શહેર, તાપમાન 11 ડિગ્રી : 7 દિવસ વાતાવરણ સુકું રહેશે...

અમદાવાદ | રાજ્યમાં શિયાળાનો ચમકારો ધીમે-ધીમે વધી રહ્યો છે. નલિયાને પાછળ છોડી દાહોદ 11 ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુંગાર શહેર રહ્યું છે. નલિયામાં 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં 2 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન 20 ડિગ્રી કરતા નીચે જતું રહેતાં તમામ જિલ્લાઓમાં ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.

હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું કે આગામી 7 દિવસ સુધી રાજ્યમાં વાતાવરણ સુકું જોવા મળશે. આ દરમિયાન ઉત્તર પૂર્વના પવનો ફૂંકાશે, જેના કારણે આગામી કેટલાક દિવસ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો જોવા મળી શકે છે. હવામાન વિભાગે જાહેર



કરેલા આંકડા મુજબ, કંડલા એરપોર્ટ પર 14.6 ડિગ્રી, કેશોદમાં 14.7 ડિગ્રી, અમરેલીમાં 15.2 ડિગ્રી, ડીસામાં 15.3 ડિગ્રી, મહુવામાં 15.6 ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં 17.2 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 17.0 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

# બે પશુઓના શિકાર બાદ પાલજમાં વનવિભાગે મારણ સાથે પાંજરુ મુક્યું

ગાંધીનગર : ગાંધીનગર નજીક નદી કિનારાના પાલજ ગામના ખેતરમાં બાંધેલી બે પાડી વન્યપ્રાણીએ ફાડી ખાધી હોવાને પગલે વનવિભાગ એક્ટીવ થઈ ગયું છે અને આ જગ્યા તથા આસપાસના વિસ્તાર ખુંદી કાઢવામાં આવ્યો છે જેમાં દીપડો કે બીલાડીકુળના પ્રાણી દ્વારા હૂમલો નહીં કર્યો હોવાનો નિષ્ણાંતોનો મત છે તેમ છતા કોઈ પણ વન્યપ્રાણી શિકાર કર્યા બાદ મારણ ખાવા માટે ફરી તે જગ્યાએ આવતો હોવાનું માનવામાં આવે છે જેથી અહીં વનવિભાગ દ્વારા એક પાંજરૂ મારણ સાથે ગોઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર નજીકથી પસાર થતી સાબરમતી નદી કિનારાના પાલજ ગામના ખેતરમાં બાંધેલી ભેંસની બે પાડીઓનું જંગલી પ્રાણીના હૂમલાથી મોત થયું હતું. અહીં ગાંધીનગરની ઉર્જા રેન્જના અધિકારી સહિત વનકર્મીઓએ ખેતર તથા આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. અહીંથી પગમાર્ક પણ મળવામાં આવ્યા હતા જે અંગે વાઈલ્ડલાઈફ એક્સપર્ટ દ્વારા પગમાર્ક દીપડા કે બિલાડીકુળના પ્રાણી નહીં હોવાનું તારણ રજુ કર્યું હતું. ત્યારે આજે જિલ્લા નાયબ વનસંરક્ષક રવિરાજસિંહ રાઠોડ અને તેમની ટીમ દ્વારા પણ અહીંના ખેતર ખુંદવામાં આવ્યા હતા. પિયત ખેતરમાં જુના પગમાર્ક પણ તપાસવામાં આવ્યા હતા.

### રાજ્યપાલના ખોટા સહી-સિક્કા કરી નોકરીનો લેટર આપ્યો

# ઠગ દંપતીએ સરકારી અધિકારી હોવાની ઓળખ આપી યુવક પાસેથી 7 લાખ પડાવ્યાં

(એજન્સી) અમદાવાદ | તા. 16

અમદાવાદમાં યુવકને તેના પરિચિત ઠગ દંપતીએ સરકારી આગેવાન અને ભરતી નિમણૂક અધિકારી હોવાની ઓળખ આપીને 25 લાખમાં સરકારી નોકરી આપવાની લાલચ આપી હતી. યુવકે લાલચમાં આવીને 7 લાખ રૂપિયા આપતા યુવકને રાજ્યપાલની સહી અને સિક્કા વાડો ખોટો લેટર આપ્યો હતો. યુવકે તપાસ કરતા ખોટો લેટર હોવાનું જાણવા મળ્યું હતું, જેથી યુવકે ઠગ દંપતી વિરુદ્ધ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

નરોડામાં રહેતા મયુર જોશી નવરંગપુરામાં કરન્સી મેનેજમેન્ટનું કામકાજ કરે છે. નવેમ્બર 2024માં તેમની મુલાકાત 15 વર્ષ બાદ તેમના નાનપણના મિત્ર અને કૌટુંબિક સંબંધી કોમલ ત્રિવેદી અને તેના પતિ આનંદ ત્રિવેદી સાથે થઈ હતી. એકબીજાના સંપર્કમાં આવ્યા બાદ તેઓ અવારનવાર મયુર જોશીની નવરંગપુરા ખાતેની ઓફિસ મળતા હતા. કોમલ અને આનંદે મયુરભાઈને જણાવ્યું હતું કે, તેઓ સરકારી કર્મચારી તથા સરકારી ભરતીમાં નિમણૂક અધિકારી છે. પોતે સરકારમાં આગેવાન તરીકે કાર્યરત છે. મયુરભાઈને સરકારી નોકરી અપાવવાનો વિશ્વાસ અપાવ્યો હતો અને નોકરી આપવા બદલ 25 લાખ રૂપિયાની માંગણી કરી હતી. જ્યારે મયુરે કયા ખાતામાં નોકરી મળશે તેવું પૂછ્યું ત્યારે દંપતીએ જણાવ્યું હતું કે મનગમતા કોઈપણ ખાતામાં નોકરી આપવામાં આવશે. નોકરી માટે એડવાન્સમાં 10 લાખ રૂપિયા પણ માંગ્યા હતા. જોકે મયુરભાઈ પાસે વ્યવસ્થા ન હોવાથી તેમણે શરૂઆતમાં ચાર લાખ રૂપિયા આંગડિયા મારફતે અને બાકીના અઢી લાખ રૂપિયા બેંકમાંથી ટ્રાન્સફર કર્યા હતા. કુલ 6.30 લાખ આપ્યા બાદ સરકાર તરફથી એપોઈન્ટમેન્ટ લેટર આપવામાં આવશે.



### લેટર કોન્ફિડન્સિયલ હોવાનું જણાવી ગુપ્ત રાખવા કહ્યું

16 જાન્યુઆરીના રોજ કોમલ ત્રિવેદીએ મયુરભાઈને વ્હોટ્સએપના માધ્યમથી ગુજરાત સરકાર દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલો ગુજરાત સરકારના ગવર્નર આચાર્ય દેવવ્રતની સહી તથા ગુજરાત સરકારના સિક્કા લગાડેલો નોકરીનો બનાવટી લેટર મોકલી આપ્યો હતો. આ લેટર કોન્ફિડન્સિયલ હોવાનું જણાવી ગુપ્ત રાખવાનું કહ્યું હતું. એટલું જ નહીં લેટર આપ્યા બાદ બીજા પૈસાની માંગણી કરી હતી, તેથી મયુરભાઈએ બીજા એક લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા, જેથી હ્યુમન રાઈટ્સ કમિટીનું આઈડી કાર્ડ આપ્યું હતું.

જો કે, લેટર આવી ગયા બાદ ઘણા સમય સુધી નોકરી ના મળતા મયુરભાઈએ કોમલનો સંપર્ક કર્યો, ત્યારે કોમલે કબૂલાત કરી હતી કે આ લેટર અને આઈડી કાર્ડ બંને બોગસ છે. મયુરને પૈસા પરત આપવા માટે 7.50 લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો. જે ચેક ભરતા ચેક રિટર્ન પણ થયો હતો. મયુર સાથે સરકારી નોકરીની લાલચે છેતરપિંડી થઈ હોવાની જાણ થતા મયુરે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ઠગ દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.